# સંશોધન સારસંગ્રહ

(૧૯૮૩–૮૪)

—: સંપાદક :—

ડૉ. ઠાકોરભાઈ નાયક

મુસ્તાઅલી મસવી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

141

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક / સારદોહન | પાન નંબર |
| --- | --- | --- | --- |
| ૧. | રાઠવા (ગુજરાતની એક અનુસૂચિત જનજાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ) | ચંદ્રકાન્ત પટેલ | ૧ |
| ૨. | ગુજરાતના કુંકણા (એક અનુસૂચિત જનજાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ) | ચંદ્રકાન્ત એસ. પટેલ | ૯ |
| ૩. | પારધી (કચ્છ જિલ્લાની એક અનુસૂચિત જનજાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ) | ચંદ્રકાન્ત બા. ઉપાધ્યાય | ૧૫ |
| ૪. | 'નાકા' નાયકા-નાયકડા (સંતરામપુર) | જશવંતસિંહ રાઠોડ | ૨૧ |
| ૫. | ગોંડા જાતિ તપાસ અહેવાલ | જશવંતસિંહ રાઠોડ | ૨૩ |
| ૬. | ધરમપુર વિકાસ કાર્યક્રમ હેઠળના ગામનો અહેવાલ. | ભારતીબહેન દેસાઈ | ૨૫ |
| ૭. | નર્મદા યોજનાના ડૂબાણમાં જતાં ગામો(ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાના ગજેર ગામનો અભ્યાસ) | સાયમન મકવાન | ૩૪ |
| ૮. | નર્મદા યોજનાના ડૂબાણમાં જતા એક ગામ (હાફેશ્વર)નો અભ્યાસ. | જશવંતસિંહ રાઠોડ | ૩૮ |
| ૯. | મરઘાં પાલન મૂલ્યાંકન-એક અભ્યાસ | ભારતીબહેન દેસાઈ | ૪૭ |
| ૧૦. | વિજયનગર તાલુકામાં આરોગ્ય સુવિધા એક યુક્તાહાર કેન્દ્રનો અભ્યાસ. | કોકિલાબહેન શાહ | ૫૪ |
| ૧૧. | બાંધકામ ઉદ્યોગમાં કામ કરતા આદિવાસી (તાત્વિક-આર્થિક અભ્યાસ) | અરૂણભાઈ પટેલ | ૫૯ |
| ૧૨. | ગુજરાતના હરિજનો-૩ | મુસ્તાઅલી મસવી | ૬૩ |
| ૧૩. | ગુજરાતનો ચર્મઉદ્યોગ અને વિકાસ માટેની યોજના | દિલીપ પરમાર | ૭૩ |
| ૧૪. | ગુજરાતના હરિજન સાધુ (એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ) | કાન્તિલાલ મકવાણા | ૭૮ |
| ૧૫. | પટલિયા જાતિ તપાસ | ભીખાભાઈ સો. પટેલ | ૮૫ |
| ૧૬. | દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ એક મૂલ્યાંકન અભ્યાસ (પંચમહાલ જિલ્લાને કેન્દ્રમાં રાખીને) | ભીખાભાઈ સો. પટેલ | ૯૪ |


....

# રાઠવા

(ગુજરાતની એક અનુસૂચિત જનજાતિનો સમાજમાનવશાસ્ત્રીય સામાજિક આર્થિક અભ્યાસ )

અહેવાલ લેખન : ચંદ્રકાન્ત એસ. પટેલ
સારદોહન : ચંદ્રકાન્ત પટેલ

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૪૮,૪૮,૫૮૬ની છે. જે રાજ્યની કુલ વસ્તીના ૧૪.૨૨% છે. ૧૯૮૧ની વસ્તી ગણતરીમાં જુદી જુદી આદિવાસી જાતિના આંકડા ઉપલબ્ધ ન હોવાથી ૧૯૭૧ની વસ્તી ગણતરીને ધ્યાનમાં લેતાં, રાઠવા જાતિ ૧,૯૨,૬૪૮ની કુલ વસ્તી સાથે ભીલ, દૂબળા, ધોડિયા, ગામીત, નાયકા-નાયકડા પછીના છઠ્ઠા ક્રમમાં આવે છે. ગુજરાતની આદિવાસી વસ્તીમાં રાઠવા જાતિનું પ્રમાણ ૫.૧૬% છે.

ગુજરાતમાં રાઠવાની વસ્તી મુખ્યત્વે વડોદરા અને પંચમહાલ જિલ્લાઓમાં છે. ૧૯૬૧થી ૧૯૭૧ની વસ્તી ગણતરીના દશ વર્ષના ગાળામાં ૪૧.૯૩% જેટલો વધારો થયો હતો. ગુજરાતમાં વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા, ભરૂચ, સુરત, વલસાડ જિલ્લાઓમાં તેમની વસ્તી છે. વડોદરાના છોટાઉદેપુર, જબુગામ, નસવાડી, પાદરા, સાવલી, કરજણ, ડભોઇ, સંખેડા અને વડોદરા તાલુકામાં તેમની વસ્તી પથરાયેલી છે. પંચમહાલ જિલ્લાના દેવગઢબારિયા, જાંબુઘોડા, હાલોલ, કાલોલ, ગોધરા, શહેરા વગેરેમાં તેમની વસ્તી પથરાયેલી છે. ગુજરાતમાં રાઠવાઓની સૌથી વધુ વસ્તી વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં જોવા મળે છે.

ભારતમાં રાઠવાઓની વસ્તી ગુજરાત, મહારાષ્ટ્ર, મૈસુર રાજ્યોમાં પથરાયેલી જોવા મળે છે.

## રાઠવાઓનું મૂળ વતન :

રાઠવાઓના મૂળ વતન વિષે જુદા જુદા મત છે. આજે વડોદરા અને પંચમહાલ જિલ્લાના મહી અને નર્મદા નદીના વચ્ચેનો જે વિસ્તાર છે જે પહેલાં રેવાકાંઠા તરીકે ઓળખાતો હતો. જે આખો વિસ્તાર સાતપુડા અને વિંધ્યાચળની ટેકરીઓ અને જંગલોની હારમાળાથી પથરાયેલો છે. આ સાથે છોટાઉદેપુરનો વિસ્તાર 'પાલ' વિસ્તાર તરીકે ઓળખાય છે. અને છોટાઉદેપુરના ઉત્તર પૂર્વના વિસ્તારમાં રાઠવાઓના વસવાટને કારણે તે વિસ્તારને 'રાઠ' તરીકે ઓળખવામાં આવે છતાં રાઠવાઓ આ વિસ્તારમાં ક્યાંથી કઇ રીતે આવ્યા એ અંગે ઐતિહાસિક દૃષ્ટિએ ખાસ કશી માહિતી મળતી નથી. છતાં મુંબઇ ગેઝેટિયર્સ ૧૮૨૫ની નોંધ મુજબ રાઠવાઓ માળવા નજીક અલિરાજપુર પાસેના * 'રાઠ' પરગણામાંથી આવ્યા છે. એટલે તેમનું મૂળ વતન આ અલિરાજપુરમાં આવેલો 'રાઠ' વિસ્તાર છે. અને બીજો આધાર મધ્યપ્રદેશની આદિવાસી જાતિનો આર્થિક સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ પુસ્તકમાંથી જોવા મળે છે. ઝાબુઆ જિલ્લામાં સમાના માળવાના સમગ્ર પર્વતીય વિસ્તારને 'રાઠ વિસ્તાર' તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વસતા લોકો

રાઠવા તરીકે ઓળખાતા હશે.

ટૂંકમાં ગુજરાતના પાલ પ્રદેશમાં રહેતા જે લોકો રાઠવા તરીકે ઓળખાય છે તે લોકો મધ્યપ્રદેશમાં ભીલાલા તરીકે ઓળખાય છે.

ભૌતિક જીવન :

ઘર : ક્ષેત્રકાર્ય દરમ્યાન ૧૦૦ કુટુંબોનો સંપર્ક સાધેલો જેમાં બે ગામનાં કુટુંબો સમાવેલાં. બધાં જ પોતાનું ઘર ધરાવે છે. માત્ર ત્રણ મકાનો કાચાં જોવા મળ્યા હતાં. બાકીના બધા જ કાચા મકાનોમાં વસે છે. મકાનો વાંસ અને માટીનાં જોવા મળ્યા હતાં જેમાં નળિયાં, ઘાસ, પાંદડાંના છાજવાળાં બેથી ત્રણ ઓરડાનાં મકાનો જોવા મળ્યાં હતાં.

ઘરવખરીમાં વાસણમાં તાંબા, એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ, માટી, કાચ અને અન્ય જેવાં કે શીશા વગેરેનો સમાવેશ થતો હતો. અન્ય ઘરવખરીમાં ખાટલા, માછલી પકડવાની જાળ, ફાનસ, ચીમની, ટોપલા, ટોપલી, ઘંટી, પેટી વગેરે જેવાં સાધનો જોવા મળ્યાં હતાં.

ખેતીનાં સાધનોમાં હળ, કરબ, સમાર, વાવણિયો, ગાડુ, દાતરડાં, કુહાડી, કોદાળી, પાવડા જેવા સાધનો ઉપરાંત ખેતીની જમીનમાં ઓઇલ એન્જીન જેવાં ખેતીમાં જરૂરી સાધનો પણ જોવા મળ્યાં હતાં.

આહાર : રાઠવાઓ મકાઇ, જુવારનો ખોરાકમાં વધારે ઉપયોગ કરે છે. ખાસ કરીને રોટલા, રાબડી, ભાજી નાખેલી દાળ વગેરે એમનો દરરોજનો ખોરાક છે. દૈનિક ખોરાકમાં મકાઇ, રાબડી (ઘેંસ) નાસ્તામાં લે છે. બપોરે રોટલા, દાળ રોટલા, ભાજી, વલી અને દાળ ખીચડી શાક વગેરે ખાય છે. સાંજે રોટલા, ખીચડી, થૂલી જમે છે.

પીણાં : પીણામાં દારૂ, તાડી અને ચા પીએ છે.

પોષાક : રાઠવા પુરુષો મુખ્યત્વે 'ડોપટો'-લંગોટી અને માથે 'હજુરીયો' ફાળિયું બાંધે છે. કેટલાક કછોટી મારી ધોતિયું, ખમીસ અને ફાળિયું પહેરે છે.

સ્ત્રીઓ પોષાકમાં ચણિયો, કપડું અથવા કબજો અને ઓઢણી 'લુગડું' મુખ્ય છે. બાળકો લંગોટી મહદ્અંશે પહેરે છે. મોટા બાળકો ખમીસ પહેરે છે.

આર્થિક જીવન : રાઠવાઓ વંશપરંપરાગત રીતે ખેતી કરે છે. છતાં ભૌગોલિક વાતાવરણની અને જમીન મર્યાદાના કારણે ખેતમજૂરી, પશુપાલન, જંગલમજૂરી, જંગલ ગૌણ પેદાશો અને જંગલના કૂપમાં લાકડાં વહેરવાની મજૂરી ઉપરાંત મળતો શિકાર કે માછલાં પકડવા જેવા ધંધાઓ કરીને અથવા જયારે અનાજની તંગી વર્તાય ત્યારે જંગલના કંદમૂળ ભાજી ખોદી કે વીણી લાવીને જીવનનિર્વાહ કરે છે. ખેતમજૂરી કે જંગલમજૂરી આખું વર્ષ મળતી નથી. ત્યાં સમયમાં નજીક કે દૂરના શહેરમાં પથ્થર ફોડવા, કડિયાકામ, ઈંટ પાડવા, બાંધકામ વગેરે જેવા વ્યવસાયો ખેતીની

સીઝન સિવાયના સમયમાં કરે છે. પૂરક વ્યવસાય તરીકે મરઘાં ઉછેર, પશુપાલન જેવા વ્યવસાય પણ કરતા જોવા મળ્યા હતા.

ખેતી : રાઠવા લોકો ખેતીનો વ્યવસાય કરે છે પરંતુ બધા પાસે ખેતીની પૂરતી જમીન નથી. તેમાં ય જમીન સપાટ અને ફળદ્રુપ નથી. ઢાળવાળી હલકા પ્રકારની જમીન છે. તેમાં ય રાઠવાઓ આળસુ સ્વભાવના છે. એટલે કેટલાક પ્રાથમિક ઢબની ખેતપધ્ધતિ અપનાવે છે. તપાસનાં ૧૦૦ કુટુંબો પાસે જમીન જોવા મળી હતી. પરંતુ એ જમીનના પ્રમાણમાં કુટુંબના સભ્યોની સંખ્યા વધુ જોવા મળી હતી.

ખેતીના પાક માટે વરસાદના પાણી ઉપર આધાર રાખવો પડે છે. ખેતીનાં તેમની પાસે પૂરતાં સાધનો નથી. ખેતીનાં સાધનો અરસપરસ લઈને ચલાવી લે છે. ખેતીના પાકોમાં મકાઈ, જુવાર, કોદરા, અડદ, સામેલ, બાજરી, મઠ, તેલ તુવેર, ડાંગર અને મગફળીના પાકો પકવે છે.

ખેતમજૂરી : રાઠવાઓ ખેતી સાથેનો પૂરક વ્યવસાય તરીકે ખેતમજૂરી કરે છે. જેમની પાસે જમીન હોય કે ઓછી હોય એ ખેતમજૂરી કરે છે. ખેતમજૂરી બે પ્રકારે જોવા મળે છે :

૧. જમીનવાળાની જમીન ખેડે છે અને વર્ષ આખરે અમુક નક્કી હિસ્સો જમીન માલિકને આપે છે.

૨. દરરોજ મજૂરી જે રોજ ચાલતો હોય એ રીતે કરે છે. મજૂરીના દરમાં બે કે ત્રણ રૂપિયા જ તેમને મળે છે.

છૂટક મજૂરી : જમીન વિહોણા અને ઓછી જમીન ધરાવતા કુટુંબોને આખુ વર્ષ ખેતમજૂરી, કે જંગલમજૂરી મળી રહેતી નથી. તેવા કેટલાક નજીકનાં શહેરોમાં પથ્થર ફોડવા,બાંધકામ કે અન્ય મજૂરીએ જાય છે. ખેતીમા પણ છૂટક રોજે રોજની મજૂરી જમીન ધરાવનારને ત્યાં જઈને બે કે ત્રણ રૂપિયા મેળવે છે.

જંગલમજૂરી : જંગલમા ગૌણ પેદાશો ભેગી કરવી જેમાં ગુંદર, મહુડા ફૂલ, મહુડા ડોળી, આસીત્રા પાન, ટીમરૂ પાન વગેરે એકત્ર કરે છે. આ સિવાય લાકડાં કાપવાં, લાકડાં કૂપેથી વહેવાં વગેરે જેવી મજૂરી કરે છે. ચોમાસાની ઋતુમાં પ્લાન્ટેશનમાં વૃક્ષ રોપવા જવું વગેરે જેવી જંગલમજૂરી તેઓ કરે છે.

પશુપાલન : રાઠવાઓ પશુપાલનનો વ્યવસાય કરે છે. જેમાં તેઓ પોતાના આર્થિક જીવન માળખાને સરભર કરવા પ્રયત્ન કરે છે. પશુપાલનમા તેઓ ગાય, બળદ, બકરાં, ભેંસ વગેરે જેવાં દૂધાળાં ઢોર પાલવે છે. ગાયમાથી દૂધ ઉપરાંત ખેતી માટે બળદ મેળવે છે. જો કે પશુપાલનમાં જો કે પશુપાલનમા ઘાસચારાના અભાવે પશુઓ દૂબળાં, માયકાંગલા જેવાં જોવા મળે છે. સાથે મરઘાં ઉછેર પણ આર્થિક જીવનનિર્વાહ માટે કરે છે.

આવક : રાઠવાઓની કુટુંબદીઠ વાર્ષિક આવક ૩૩૧૩ રૂપિયા હતી. જે આવક ખેતી, ખેતમજૂરી, પશુપાલન, જંગલમજૂરી, નોકરી વગેરેની જોવા મળી હતી. જે કુટુંબદીઠ માસિક આવક માત્ર ૨૭૬ રૂપિયા હતી.

વપરાશ : રાઠવાઓ રોજબરોજના દૈનિક ખર્ચમાં પોતાની આવકને વાપરે છે. જે કુટુંબદીઠ વાર્ષિક વપરાશ ૨૮૭૯ રૂપિયાની હતી. જે કુટુંબદીઠ માસિક ૨૪૦ રૂપિયા હતી. ખેતીવાડીના ખર્ચની વપરાશ જોવા જઇએ તો તેમની પાસે માત્ર દેવું જ જોવા મળે છે.

સામાજિક સંગઠન : રાઠવાઓ પિતૃસત્તાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા ધરાવે છે. કુટુંબ કદ સરેરાશ સાત વ્યકિતઓનું છે. તપાસમાં લીધેલ ૧૦૦ કુટુંબોમાંથી ૫૪ વિભકત અને ૪૬ સંયુકત કુટુંબો હતાં. કુટુંબમાં પુત્રના લગ્ન બાદ અલગ ઝૂંપડું બાંધીને રહે છે.

સગાઇસંબંધોમાં લગ્ન આધારિત અનુ લોહીની સગાઇ આધારિત જોવા મળે છે. રાઠવા સમાજમાં ગ્રામબહિર્વિવાહ અને ગોત્ર બહિર્વિવાહ પ્રથા છે. સામાજમાં સામાજિક સંગઠન ક ટકાવી રાખવા માટેનું કામ જાતિપંચ કરે છે. જે સમાજમાં ઊભા થતા સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરે છે. રાઠવા સમાજમાં સ્ત્રીનો દરજ્જો બહુ ઊંચો છે. તેને સામાજિક, ધાર્મિક, આર્થિક મહત્વનાં તમામ કામોમાં પૂછવામાં આવે છે. માત્ર ધાર્મિક સ્થળ માલવણમાં જવાનો નિષેધ છે. તાડના ઝાડ પર ચઢવાનો પણ નિષેધ છે. પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છતાં સ્ત્રી બાપને ત્યાંની મિલકત પર અધિકાર ધરાવે છે.

ગોત્રવ્યવસ્થા : રાઠવાઓમાં બત્રીસ જેટલાં ગોત્ર જોવા મળે છે. જેમાં દરેક કુલ કે ગોત્ર જુદા નામથી ઓળખાય છે. રાઠવા વ્યકિત જન્મ કે લગ્નદ્વારાથી જ તે કુળ-ગોત્રની સભ્ય બને છે. જમાઇને નામથી બોલાવવામાં આવે છે. તો અપમાન ગણાય છે તેથી કુળ કે ગોત્રના નામથી બોલવવામાં આવે છે.

જાતિપંચ (સામાજિક બંધારણ) : જાતિપંચ રાઠવાઓમાં સામાજિક ઝઘડાઓનું નિરાકરણ, લગ્ન મરણ જેવા અને ધાર્મિક ઉત્સવ વ્યવહારોમાં મહત્વનો ભાગ ભજવે છે. તેમાં નાત પટેલ, બડવો, ડાયો, પૂજારો વગેરેની આગેવાની હોય છે.

સામાજિક રીતરિવાજો : રાઠવા સમાજમાં રજસ્વલા સ્ત્રીને છેટીબેઠી કહે છે. તે ધાર્મિક પૂજાવિધિ રસોઇ કરવી, દૂધ કાઢવું, ઘરમાં સફાઇ કરવી, ખેતીકામ વગેરે જેવાં કામો કરતી નથી. ગર્ભધારણ બાદ પુરુષના સંપર્કથી દૂર રહે છે. ગર્ભ ન રહે તો બડવા પાસે જઇ પિઠોરાની બાધા માનતા રાખે છે. પ્રસૃતિ દાયણ કરાવે છે. શ્રીમંત, રાખડી બાંધવી, નામકરણ કે છઠ્ઠીની વિધિ વગેરે કરવામાં આવતું નથી. નામ પટેલ પાડે અથવા ગોત્રના નામથી પરથી પાડે છે. નાના બાળકની થોડો સમય કાળજી રખાય બાદમાં કુદરતના ખોળે જ મોટું થાય છે.

રાઠવા સમાજમાં લગ્ન પહેલાના જાતીય સંબંધો જોવા મળે છે. જંગલમાં, ખેતીકામમાં કે બહાર જતા હાટ-મેળામાં આવા સંબંધો બંધાય છે જે લગ્નમાં પરિણમે છે.

**લગ્ન** : સામાન્ય રીતે ૧૫થી ૨૦ વર્ષના ગાળા દરમ્યાન સગાઇ અને લગ્ન કરવામાં આવે છે. લગ્ન માગુ છોકરા પક્ષ તરફથી કરવામાં આવે છે. લગ્ન જોડતા પહેલાં શુકન જોવામાં આવે છે. રાઠવાઓમાં દહેજ એટલે લગ્ન ખર્ચ હોય છે. લગ્નના લાગો કે દાપા હોય તેને 'ભૂર' કહે છે. ત્રણથી બે ચાર દાગીના ચાંદીના રાખવા પડે છે.

રાઠવાઓમાં લગ્નના રિવાજોમાં ૧. વિવાહ જોડવા ૨. દહેજ નક્કી કરવું. ૩. વિવાહ જોડવાની વિધિ ૪. લગ્નવિધિ ૫. ઉંબાવુ ૬. ધાણ ભરવો ૭. તેલ ચઢાવવું ૮. પીઠી ચઢાવ ૯. સીમોડી પૂજન ૧૦. ગોતરડો ભરવો ૧૧. નાતનો જમણવાર ૧૨. પાઘડી બાંધવી ૧૩. પોહ ભરવી ૧૪. શળો રમવો ૧૫. ચોટી ચીતરવી-ચોરી મૂકવી ૧૬. વર પોંખવું ૧૭. વર કન્યાને જમાડવા ૧૮. કન્યાને નાતમાં લેવી. ૧૯. કોઠાર જોવા ૨૦. આણું વળે જેવી અનેક વિધિઓમાંથી લગ્નમંગળ પસાર થાય છે.

**છૂટાછેડા** : છૂટાછેડા રાઠવાઓમાં સરળ છે. સ્ત્રી પુરુષો અનેક કારણોસર સ્ત્રી પુરુષ ઇચ્છે તો છૂટાછેડા મેળવી શકે છે. સ્ત્રી કે પુરુષ છૂટાછેડા માટે જે આગેવાની કરે તેને પંચ દંડ કરી છૂટાછેડા આપે છે. છૂટાછેડા બાદ છોકરો કે છોકરી ફરીથી લગ્નસંબંધ બાંધી શકે છે. વિધવાવિવાહ પણ સરળ રીતે થઇ શકે છે. દિયર સાથે કે અન્ય કુળના કોઇ પુરુષ સાથે લગ્ન કરી શકે છે.

**મૃત્યુ સંસ્કાર** : વ્યક્તિ ખાટલામાં જ મૃત્યુ પામે તો ખાટલા સહિત બાળે છે. બાળકોને દાટવામાં આવે છે. જો કોઇ રોગથી મૃત્યુ પામે તો દાટવામાં આવે છે. મૃત વ્યક્તિને સ્નાન કરાવે છે. નવાં કપડાં પહેરાવે છે. હળદર પણ લગાવે છે. મૃત વ્યક્તિ સાથે તીર અને જમવાની થાળી મૂકે છે. દારૂ, તાડી, ચણાના બાકરા કે ભોંયસીંગ સાથે લઇ જઇ બાળી દીધા પછી વહેંચી ખાવામાં આવે છે. મૃત્યુ પ્રસંગે દાઢી, મૂછ કે વાળ ઉતારતા નથી. પરંતુ શ્રાધ્ધક્રિયા ન પતે ત્યાં સુધી તહેવારો ઉજવતા નથી.

**શ્રાધ્ધ** : કોયરીની ક્રિયા કરવામાં આવે છે. સમય નક્કી હોતો નથી છતાં એક વર્ષની અંદર કરી નાખે છે. કોયરી સોમવારની રાત્રે કરાય છે. જેમાં કુટુંબના બાળકોને ખીચડી, ઢેબરાં-ખીચડી નૈવેધ મૂકે છે. દરેક માટલામાંથી નૈવેધ ઉપર પાણી છાંટવામાં આવે છે. નૈવેધ હરિજન અને નાયકડાઓને આપી દેવામાં આવે છે. આ તર્પણની ક્રિયા મરનારની આગ પડકે તે કરે છે. બ્રાહ્મણ પુરોહિત કે બળવો કરતો નથી. કોયરીમાં આવનાર સ્વજનો સાથે બકરો લાવે છે જે જમાડવામાં આવે છે.

મૃતાત્માનું ખતરું મૂકવામાં આવે છે. જ્યારે વ્યક્તિ ઝાડ પરથી પડીને કે તીર વાગવાથી કે અકસ્માતથી મરે ત્યારે ખેતર કે વાડમાં ખતરું મૂકવામાં આવે છે. વાર તહેવારે પૂજા કરે છે અને બકરો કૂકરા વગેરે ચઢાવે છે. આ પૂજા જાતે કરે છે.

રાઠવાઓની ધાર્મિક માન્યતાઓ અને દેવદેવીઓ : રાઠવા તેમનાં જીવનમાં સામાજિક, ધાર્મિક, આર્થિક, સંસ્કૃતિક પ્રસંગોએ પણ માન્યતાઓ ધરાવે છે. માણસની માંદગીમાં ડાકણે કર્યું છે અથવા ભૂત કે પવન લાગ્યો છે એમ માને છે. અથવા દેવ ગુસ્સે થયો છે એમ માને છે. તેથી તે બડવાને ત્યાં જાય છે. માનતા બે પ્રકારની છે ૧. કોરી અને મેલી- ભોગ અથવા બલિવાળી કરે છે. જેમાં મરઘાં-બકરાં ચઢાવે છે. તેઓ ઢોર ઢોરના રોગચાળામાં પણ સામુહિક બાધા રાખે છે ગામદેવની બડવા વ્દારા પૂજા કરાવે છે.

તેઓ અનાજના દેવની પણ પૂજા કરે છે. જેમાં ખેતસાડો, જસદેવા, કનહરી વગેરેને પૂજે છે. નવું અનાજ પણ દેવની પૂજા વિધિ વગર ખાતા નથી. પીઠોરો, ઈંદ વગેરે ઉજવે છે અને પૂજે છે. લગ્ન સમયે પ્રથમ દેવોના ગીત ગાવામાં આવે છે. મૃત્યુ સમયે ચીજવસ્તુઓ મૂકે છે. ન મૂકે તો ભૂત વંતરી વેશે આવશે એમ માને છે. વરસાદ વખતે મેઘરાજાની આરાધના કરે છે અને ઘાસ લે ત્યારે પ્રથમ નાદરવા દેવની પૂજા કરે છે. વાઘ ઢોરને હેરાન ન કરે તે માટે બકરા કે મરઘાનું લોહી માણસના પ્રતિરૂપ દેવને આપે છે. સુવાવડી સ્ત્રી મરી જાય તો વંતરી ન બને તે માટે બડવા પાસે વંતરીવિધિ કરાવે છે.

રાઠવાઓ શુકન અપશુકનમાં માને છે. ખાલી બેડાવાળી સ્ત્રી, બિલાડી આડી ઉતરવી, કાગડાનું બોલવું, મડદું મળવું વગેરે અપશુકન ગણે છે. ભરેલું બેડું, દહી વગેરે, બળદ પોદળો પાળે વગેરે શુકન માને છે.

દેવ દેવીઓ : ૧. ઈંદરાજ ૨. ખેતરપાળો ૩. ગામદેવ (જાતર) ૪. પીઠોરાદેવ ૫. કનહેરીમા- ૬. બાથી મહારાજ ૭. હનુમાન ૮. ગોવાળદેવ ૯. બાબોભેંહો ૧૦. સાકલ્યોદેવ ૧૧. સાદરજો ૧૨. સીમદેવ ૧૩. નાદરિયોદેવ ૧૪. બાબોગણેહ ૧૫. ભવતીમાતા

ભૂતપ્રેત : ૧. જીન ૨. સીમરિયોભૂત ૩. મસાણિયોભૂત ૪. વંછી (વંતરી) ડાકણ

ઉત્સવો : રાઠવાઓ પોતાના પરંપરાગત ઉપરાંત હિન્દુઓના અપનાવેલા કેટલાક ઉત્સવ તહેવારો પણ મનાવે છે.

૧. પીઠોરો કે ઈન્દનો તહેવાર ૨. ગ્રામબાધા ૩. દિવાસો, હોળી, દિવાળી વગેરે જેવા ઉત્સવો ધામધૂમથી મનાવે છે. અઠવાડિયાના બધા જ દિવસોમાં હાટ ભરાય છે. ઝોઝ, ચાંદપુર, દેવહાટ છોટાઉદેપુર, કવાટ, ડુંગરવાર, અલીરાજપુર, કડીવાળા વગેરે સ્થળે હાટ અને મેળા ભરાય છે.

મંત્રતંત્ર વિદ્યા : રાઠવાઓ મેલા તત્વોમાં માને છે. ૧. ભૂત ૨. ડાકણ અને વંછી (વંતરી) એ હેરાન ન કરે માટે તેમને માટે મંત્ર તંત્ર વગેરેનો આશરો લે છે. રાઠવાઓ ભૂતપ્રેત દ્વારા રોગો, આફતો, બિમારી આવે છે એમ માને છે. આ માટે બળવો (ભગત)નો આશરો લે છે.

સમસ્યાઓ : રાઠવાઓની આર્થિક પરિસ્થિતિ સારી નથી. તેઓ અનેક પ્રકારની સમસ્યાઓમાં સપડાયેલા છે. તપાસ દરમ્યાન જે સમસ્યાઓ જોવા મળી હતી તે નીચે મુજબ હતી :

૧. જમીન અંગેની હલકી જમીન, પથ્થરવાળી, ઢાળવાળી, નાના ટુકડામાં વહેંચાય. સી સંગ્રહશકિત વિનાની, ઓછી જમીન ધરાણ વગેરે જાતની સમસ્યાઓ

૨. પાણી અંગેની સમસ્યાઓ કૂવો કે સિંચાઇની સગવડ નથી.

૩. જંગલ અંગેની તેમાં કાયદા, ઝાડી વિનાનું જંગલ

૪. રહેઠાણ અંગેની કાચાં મકાન અગવડો રહેઠાણની છે.

૫. ખેતી અંગેની, ખાતર, બિયારણ દવા વગેરેનો વપરાશ નથી.

૬. મજૂરી અંગેની સમસ્યા : ખેતી અને જંગલમાંથી વર્ષ દરમ્યાન બધા જ દિવસો મજૂરી મળી રહેતી નથી. મજૂરીના દર પણ ખૂબ જ ઓછા છે.

૭. આરોગ્ય અંગેની સમસ્યાઓ : પોષક તત્વોના અભાવે રોગો જોવા મળે છે. આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ નથી. દૂર સુધી જઇ આ સેવાઓ લેવી ખૂબ કઠીન બને છે.

૮. શિક્ષણ અંગેની સમસ્યા : રાઠવા બાળકો અનેકવિધ કારણોસર નિશાળે જતાં નથી. આર્થિક સ્થિતિ, નિશાળ દૂર હોવી, બાળક રમાડવા, ઢોર ચારવાં, ઘરનાં નાનો કામો કરવાં વગેરે જેવાં કારણોસર બાળકો શિક્ષણથી વંચિત છે.

વિકાસના સૂચનો :

આર્થિક વિકાસ :

૧ ઘર : રાઠવાનાં ઘરો કાચાં એક ખંડવાળાં છે. જેમાં કુટુંબના બધા સભ્યોનો અને પશુઓનો તેમજ સાધન સામગ્રીનો સમાવેશ કરવા માટે સંકડાશ પડે છે. તેથી આરોગ્યપ્રદ ઘરોની વ્યવસ્થા કરવી જોઇએ.

૨. તેઓની પાસે કુટુંબના ભારણ પ્રમાણે જમીનનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. કેટલાક પાસે બિલકુલ જમીન નથી આવાં કુટુંબોને સરકારી ગૌચરની કે જંગલની જમીન આપવી જોઇએ. જેથી થોડું ઘણું ખેતીમાં ઉત્પાદન કરી શકે.

૩. કુદરત પર આધારિત ખેતી કરતા હોવાથી ધાર્યું ઉત્પાદન લઇ શકતા નથી. જેથી સિંચાઇની સગવડ કરવી જોઇએ. વિકાસ યોજનાના લાભો સહકારી મંડળી દ્વારા મળતા ખાતર, બિયારણ, દવાઓ આપવી જોઇએ. તે પણ સમયસર.

૪. નવા ખેતીના ઓજારો અને ખેત પધ્ધતિઓ માટે પાકોના નિદર્શન પ્લોટો તૈયાર કરી બતાવવા જોઇએ. જેથી તેઓ તેમની વંશપરંપરાગત પધ્ધતિઓ અને ઓજારોમાં સુધારો લાવી શકે.

૫. ખેતીમા વચગાળાના ધિરાણની સગવડ કરવી જોઇએ જેથી જરૂર સમયે તેઓ વાપરી શકે અને વેપારી, શાહુકાર વગેરેના શોષણમાંથી મુકત રહી શકે.

૬. ખેતમજૂરોને સરકારના કાયદા મુજબ લઘુત્તમ વેતન મળે તે માટે વ્યવસ્થા કરવી જોઇએ.

૭. જંગલ આધારિત ધંધાઓ ઊભા કરવા જોઇએ.

૮. બારમાસ મજૂરી મળતી નથી તેથી અનુકૂળ હોય તેવા ગૃહઉદ્યોગો આપવા જોઇએ.

૯. બાલવાડીઓ ખોલવી જોઇએ અને જયાં જરૂર લાગે ત્યાં નવાં છાત્રાલયો, આશ્રમશાળાઓ ખોલવી જોઇએ.

૧૦. ટેકનીકલ ધંધાઓની તાલીમ આપવી જોઇએ.

૧૧. આશ્રમશાળાઓ જે ગામમાં ચાલતી હોય તે ગામનાં બાળકોને પણ આશ્રમશાળામાં પ્રવેશ આપવો જોઇએ.

૧૨. આરોગ્ય માટેની સગવડો ઊભી કરવી જોઇએ. તેમની આરોગ્યની તપાસ મેડીકલ કોલેજના સહયોગથી કરવી જોઇએ. નજીકમાં ઠેકઠેકાણે આરોગ્ય કેન્દ્રો ઊભાં કરવાં જોઇએ. પોષક આહારની સુવિધાઓ ઊભી કરવી જોઇએ.

...

# ગુજરાતના કુંકણા

(એક અનુસૂચિત જનજાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ )

અહેવાલ લેખન : ચંદ્રકાન્ત એસ. પટેલ
સારદોહન : ચંદ્રકાન્ત એસ. પટેલ

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને ગુજરાત સરકાર દ્વારા ૧૯૮૨-૮૩ના વર્ષમાં જુદી જુદી અનુસૂચિત જનજાતિઓના અભ્યાસ કરવા માટે સૂચવ્યું હતું. તેમાં પટેલિયા, ગામીત, રાઠવા, પારધી, નાયકા વગેરે જાતિઓ ઉપરાંત કુંકણા જાતિના અભ્યાસ માટેનું પણ સૂચન કરવામાં આવ્યું હતું. જેનો અહેવાલ તૈયાર થઇ ગયો છે. જેનો ટૂંકસાર અહીં આપ્યો છે.

**હેતુ :**

કુંકણા જાતિના તપાસનો મુખ્ય હેતુ તેમની આર્થિક તપાસ તેમજ શૈક્ષણિક અને સામાજિક પરિસ્થિતિ જાણવાનો હતો. તેમના આર્થિક સામાજિક પ્રશ્નો અને શૈક્ષણિક બાબતોનો અભ્યાસ કરી તેમની ગરીબાઇ માટેના જવાબદાર કારણોની વૈજ્ઞાનિક તપાસ કરવાની હતી. આ શોધના આધારે તેમના આર્થિક-સામાજિક અને શૈક્ષણિક પ્રશ્નોની છણાવટ કરી તેના ઉકેલ માટેના સૂચવવાના હતા. તદુપરાંત તેમના ધાર્મિક સામાજિક રીતરિવાજો, જ્ઞાતિ સંગઠન વગેરેની માહિતી મેળવવાની હતી.

**તપાસ પધ્ધતિ :**

આ તપાસ માટે જુદી જુદી સંશોધન પધ્ધતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમની આર્થિક, સામાજિક અને ધાર્મિક માહિતી મેળવવા માટે એક અનુસૂચિત તૈયાર કરવામાં આવી હતી. આ અનુસૂચિથી પ્રત્યક્ષ મુલાકાત દ્વારા તેમના જીવનના દરેક પાસાની માહિતી એકત્ર કરવામાં આવી હતી. જેમાં રહેઠાણ, મિલકત, દેવું ઉપરાંત રહેણીકરણી, પહેરવેશ, ખોરાક અને સામાજિક ધાર્મિક પાસાઓનો સ્પર્શતી માહિતી મેળવવામાં આવી હતી. તો તદુપરાંત સહભાગી નીરિક્ષણ પધ્ધતિ તેમના સમાજ અને સંસ્કૃતિ માટે અને ઐતિહાસિક માહિતી મેળવવા માટે ગ્રંથાલયની મદદ લીધી હતી.

**તપાસનો વિસ્તાર :**

કુંકણા જાતિની મુખ્ય મોટી વસ્તી વલસાડ, સુરત અને ડાંગ જિલ્લાઓમાં છે. તેમાં વલસાડ જિલ્લામાં અને તેમાંય ધરમપુર તાલુકામાં તેમની મોટી વસ્તી છે. આ ધરમપુર તાલુકાની કુંકણા જાતિની વસ્તી ધરાવતા બે ગામો તપાસમાં લીધા હતાં : ૧. ગિરનારા ૨. માકડબંધ. જેમાંથી ગિરનારાના ૫૧ અને માકડબંધના ૪૯ કુટુંબો લીધા હતાં.

કુંકણાઓની ઉત્પત્તિ વિષે જાણવા મળે છે કે કુંકણા પરથી કુંકણા કોમનો મૂળ પ્રદેશ કોકણપટ્ટી હશે એમ કહેવાય છે. ઘણા જિલ્લાઓ જે કોકણપટ્ટી તરીકે ઓળખાય છે. વર્ષો પૂર્વે એમનો વસવાટ આ કોકણપટ્ટીમાંથી કુંકણાઓ શા માટે સ્થળાંતર કરીને આવ્યા તેની એક દંતકથા પ્રચલિત છે.

એમના મૂળ વસવાટના પ્રદેશમાં દુષ્કાળ પડયો. આ દુષ્કાળના કારણોમાં આ કુંકણા જાતિ ઉપર આરોપણ થયું અને તેમણે પ્રદેશ છોડયો. તેમાં આ લોકો ઉપર જુલ્મોની ઝડીઓ વરસી અને પ્રજા ત્યાંથી એકાંત પ્રદેશમાં ડુંગરાળ જંગલોમાં જઇ વસી એ કુંકણા જાતિ.

વસ્તી :

ભારતમાં કુંકણાઓની વસ્તી ગુજરાત, મહારાષ્ટ્ર, દાદરાનગરહવેલી અને મૈસુર રાજયોમાં જોવા મળે છે.

ભારતમાં કુંકણાઓની વસ્તી :

| વર્ષ | ૧૯૩૧ | ૧૯૪૧ | ૧૯૬૧ |
|---|---|---|---|
| વસ્તી | ૭૩૭૪૧ | ૧૧૯૪૯૪ | ૩૩૦૫૦૮ |

જયારે ગુજરાતમાં કુંકણાઓની વસ્તીની મોટી સંખ્યા વલસાડ ૧૨૪૨૮૫, સુરત ૧૭૧૮૩, ડાંગ ૩૯૮૭૬ની ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ જોવા મળે છે.

ભૌતિક સંસ્કૃતિ :

ઘર : કુંકણા લોકો સામાન્ય રીતે અજંગલના ડુંગરાળ વિસ્તારમાં વસે છે. સામાન્ય રીતે ઉંચાણવાળી જગ્યાએ છૂટાછવાયા એક કુટુંબના કે ગોત્રના ઝૂંપડાં ઝૂંડ પ્રમાણે બાંધીને વસે છે. તેમની વસ્તીમાં અન્ય જાતિનો વસવાટ નજીક હોતો નથી. જુદું ફળિયું જોવા મળે છે. ઘર સામાન્ય રીતે એક માળનાં એક ઓરડા, બે ઓરડાવાળા, નળિયાં કે ઘાસના છાજવાળાં અને જંગલમાંથી મળતા સાગ, વાંસ કે બીજા લાકડામાંથી ઊભા કરેલાં કાચાં ઝૂંપડાં જ હોય છે. પાસે પશુની છાપરી (કોઢ) પણ રાખે છે.

ઘર બનાવતાં પ્રથમ ભગત પાસે જઇને વાત કરીને જમીનની પસંદગી કરે છે. ઘર સુથાર બાંધે છે પણ મોટું કામ ઘરના અને સગાવહાલાં પણ મદદ કરે છે. ઘર બાંધણીમાં પૂજાવિધિ પણ કરે છે.

ઘરવખરી : કુંકણાઓ ઘણી ઓછી ઘરવખરીથી ચલાવે છે. તેમના ઘરના સામાનમાં ખાટલા, ગોદડીઓ, માછલાંની જાળ, ચીમની, ઘંટી વગેરે ઉપરાંત વાસણોમાં માટીનાં વાસણો, એલ્યુમિનિયમનાં વાસણ કે કોઇ જગ્યાએ કાચનાં કે કોઇ જગ્યાએ પિત્તળનાં વાસણો જોવા મળે છે.

પોષાક : પુરુષો શરીરના નીચેના ભાગમાં માત્ર લંગોટી પહેરે છે. ઉપર બંડી, શર્ટ કે માથે ફાળિયું, રૂમાલ બાંધે છે. પોષાકમાં પરિવર્તન જોઇએ તો કેટલાક શહેરી અસરને કારણે ધોતી, ખમીસ, ધોતી, ટોપી વગેરે પહેરતા થયા છે. સ્ત્રીઓ પોતાના પોષાકમાં કમરે એક અડધી સાડી કછોટો મારીને પહેરે છે. સાથે ચોળી અને માથે અડધું કપડું (ફડકી) નાખે છે. આ સ્ત્રીઓ જ કાચિડી

પહેરે છે તેમાં મર્યાદાનો ખ્યાલ રાખતી નથી. યુવાન સ્ત્રીઓ કબજો અને સફેદ ડિઝાઇનના કપડાં પહેરે છે. કપડાં માટે લાલ, ભૂરો, લીલો કલર વધુ પસંદ કરે છે. યુવાન છોકરાઓ હાફ ચડ્ડી, બુસર્ટ કે ખમીશ પહેરતા થયા છે. પેન્ટ, શર્ટ પણ પહેરે છે. માથાને ઉઘાડું રાખતા અને વાળની ... કરતા પણ જોવા મળે છે. સામાન્ય રીતે સુતરાઉ પ કપડાં પહેરે છે.

ઘરેણાં : ઘરેણાં પહેરવામાં પુરુષો કરતા સ્ત્રીઓ ભારે શોખીન છે. પુરુષો કાનમાં ચાંદી કે કલાઈની બુટ્ટી પહેરે છે. સ્ત્રીઓ વિવિધ ઘરેણાં પહેરીને લગ્ન કે ઉત્સવ પ્રસંગે સુસજ્જ હોય છે. હાથમાં પિત્તળના 'ગોટ' (બંગડી), ગળામાં પાવલી, અડધા રૂપિયાની 'ગઢી' કંઠી કાચના મણકાની માળા કે હાંસડી. કાનમાં ફળિયાં (ખોટિયું, ડુંલ) 'ખુટલા' (નથલી વીટલો), નાકમાં 'ફુલડી' (જડ), પગમાં 'સાંકળાં' (ઝાંઝર) પગની આંગળી અને પિત્તળ તથા કલાઈનાં 'જોડવ્યા' (વેઢ) પહેરે છે.

ખોરાક : કુંકણાઓ રોજબરોજના તેમના ખોરાકમાં આ વિસ્તારમાં થતા અનાજને જ વાપરે છે. તેઓ સવારે, બપોરે અને સાંજના ખોરાકમાં નીચે પ્રમાણે ખોરાક લે છે.

સવારે : નાગલી, બંટી, ચોખાના રોટલા સાથે અડદ અથવા વાલની દાળ બનાવે છે. શાકભાજીના સમયે પાપડી વેંગણનું શાક અને મરચાની ચટણી ખાય છે.

બપોરે : દાળ ભાત, ચોખાનું પેજવુ અથવા વરાઇ કે બંટી, રાબ વગેરે બનાવે છે. સાથે લીલાં મરચાં, લસણ, કોથમીર કે કરમદાની ચટણી ખાય છે.

સાંજે : નાગલી, બંટીના રોટલા સાથે વાલ, તુવેર અથવા અડદની દાળ ખાય છે. શાકભાજી અને મરચાં વિશેષ ખાય છે. ખોરાકમાં ઘી દૂધનો ખોરાક ખૂબ ઓછો કરે છે. ન મળે ત્યારે વાજ અને કંદ કંદ ખાઇને કેટલાક દિવસો પસાર કરે છે.

માંસાહારમાં બકરાં, મરઘાં ખાય છે, ઉપરાંત મરઘીનાં ઈંડાં અને માછલાં પણ ખાય છે. શિકારબંધી છતાં મળે તો સસલાં, તેતરનું માંસ પણ ખાય છે.

પીણાં : પીણામાં ચા ઉપરાંત દારૂ પણ છૂટથી ઉપયોગમાં લે છે.

આર્થિક સંરચના :

કુંકણાઓની આવકનું મુખ્ય સાધન ખેતી છે. છતાં ખેતીની જમીન બધા પાસે પૂરતી જોવા મળતી નથી. આથી તેમના જીવનનિર્વાહને માટે તેઓ બીજા અનેક વ્યવસાયો કરે છે. ખેતી સાથે ખેતમજૂરી, જંગલમજૂરી, પશુપાલન કરે છે. પુરુષો ખેતીકામ, મજૂરીકામ તથા જંગલમજૂરી અને પશુપાલનમાં અગત્યનો ભાગ ભજવતા હોય છે. બાળકો પુખ્ત હોય તો ખેતી મજૂરી કે જંગલ મજૂરી કરીને મદદ કરે છે. અહીંયાં કમાનાર એક હોય અને ખાનાર બાળકો વધારે હોય એવું બને છે. કુંકણાઓ અનેકવિધ વ્યવસાય કરતા હોવા છતાં ઘણી ઓછી આવક મેળવી શકે છે.

આ લોકો ખેતીના ખર્ચને બાદ કરતાં ઘરવપરાશના ખર્ચાઓમાં પોતાની આવકને વાપરી ... તેઓ અનાજ, દારૂ, તમાકુ, પશુપાલન, મુસાફરી, કપડાં હ અને બીજી જન્મથી મૃત્યુ સુધીના સામાજિક ખર્ચાઓ અને ધાર્મિક પૂજા વિધિઓના ખર્ચાઓમાં પોતાની આવક ખર્ચી નાખે છે. અને છતાં પૂરું ન થાય ત્યારે દેવું કરે છે. આ દેવું શાહુકાર, વપારી (દુકાનદાર) કે સગાવહાલાનું હોય છે.

સામાજિક સંગઠન :

કુંકણા સમાજ વ્યવસ્થામાં 'શાખ' વ્યવસ્થા જોવા મળે છે. જે કુટુંબના સભ્યોને વારસામાં મળે છે. બાપની પાછળ છોકરો હોય કે તેની પાછળ બાપનું અને પત્ની હોય તો પતિનુ થાય. શાખ તેમને મળે છે. એક ગોત્રમાં લગ્ન વ્યવહાર કરતા નથી. તેમનામાં અનેક ગોત્રો જોવા મળે છે. જેવા કે, ધોરાળ, રાવળ, ભોયા, માહલા, ગાયકવાડ, જાદવ, ચૌધરી, ગવલી, દેશમુખ, ચૌહાણ, ભગારિયા, ગામિત, પાડવી, બીરાડી, ભોસર વગેરે.

જેમ એક ગોત્રમાં લગ્ન વ્યવહાર થઇ શકતો નથી તેમ જાતીય સંબંધો પણ એક ગોત્રમાં હોતા નથી. અને મામા ફોઇના છોકરા છોકરીઓ વચ્ચે લગ્ન સંબંધ થઇ શકે છે. આ લોકોમાં કુટુંબવ્યવસ્થા સંપૂર્ણપણે પિતૃસત્તાક જોવા મળે છે. આ લોકોમાં સંયુકત તેમજ કેન્દ્રીય બંને પ્રકારની કુટુંબવ્યવસ્થા જોવા મળે છે. આ લોકોમાં ગામની બીજી જાતિઓ સાથે ઉચ્ચ નીચના સંબંધો તેમજ આર્થિક, ધાર્મિક સંબંધો જોવા મળે છે. તેઓ તેમનાથી ઉતરતી કોટવાળિયા, કોલચા જાતિ સાથે ખાવા પીવા કે બેટી વ્યવહાર કરતા નથી. તેમનામાં જાતીપંચ, ગ્રામપંચ વગેરે જોવા મળે છે.

સામાજિક રીતરિવાજો :

બાળકોનો જન્મ દાયણ મારફતે કરાવાય છે. સુવાવડ બાદ પાંચમા દિવસે પાચુરો કરવામાં આવે છે. દાયણ અને ફળિયાની સ્ત્રીઓ પાચોરો પૂજા કરે છે. બાળકને નવડાવી તેની માને સોંપી દે છે. દારૂ વગેરે પીવડાવે છે. આર્થિક સ્થિતિ સારી હોય તો જમાડે પણ છે. આ વખતે નામકરણ વિધિ પણ કરે છે. દાયણને મજૂરી તરીકે અનાજ તથા પાંચ રૂપિયા રોકડા આપે છે. તે દિવસે મરઘી વગેરે જમવાનું આપે છે. દારૂ પણ આપે છે. છોકરા કે છોકરીઓ વચ્ચે ભેદભાવ તેમનામાં જોવા મળતો નથી.

લગ્ન પહેલાં કે પછીના જાતીય સંબંધો :

આ લોકોમાં લગ્ન પહેલાં અને લગ્ન પછીના જાતીય સંબંધો જોવા મળે છે. લગ્ન પહેલાં વારતહેવારે, ઉત્સવ પ્રસંગે, હાટ કે મેળા પ્રસંગે કે જંગલમાં ઢોર ચારવા કે કંદમૂળ ખોદવા કે જંગલ પેદાશો ભેગી કરવા જેવાં કામો સાથે કરે ત્યારે સંપર્ક થાય તેવા સંજોગોમાં આવા સંબંધો જોવા મળે છે.

લગ્ન :

લગ્નની ઉંમર છોકરાની ૧૮થી ૨૦ વર્ષ અને છોકરીની ૧૫થી ૨૦ વર્ષની થાય એટલે લગ્ન કરે છે. આ લોકો સગપણને 'નાનીપન' તરીકે ઓળખાવે છે. લગ્ન પાકું કરે તેને 'મોટીપન' ભરવી એમ કહે છે. તેમા લગ્ન સંબંધ માટે છોકરા પક્ષથી સગાઈ માગુ કરાય છે. તેમાં પિતા, કાકા અને નજીકનાં સગાં ઉપરાંત ગામનો સરપંચ, પાટીલ અને કારભારી સાથે જતા હોય છે. તેઓના લગ્ન વખતે અનેક વિધિઓ કરાય છે તેમાં સગાઈ, માંગણી, આદરણી, ઘરજોસું, ઘાણ(દહેજ) વગેરે લગ્ન પહેલાં થાય છે. બાદમા લગ્ન વિધિઓ કરે છે અને છેલ્લે આણું કરીને કન્યાને વળાવે છે.

આ લોકોમાં છૂટાછેડા અને પુનઃ લગ્નની પ્રથા પણ જોવા મળે છે. છૂટાછેડા સ્ત્રી કે પુરુષ બંને મેળવી શકે છે. અને બંને પુનઃ લગ્ન નાની વય હોય તો કરી શકે છે. તેમાં પંચ મહત્વનો ભાગ ભજવે છે. વિધવા-વિધુર પુનઃ લગ્ન પણ તેમનામાં થાય છે. તેમનામાં સંજોગવશાત બહુપત્નીત્વ પ્રથા થાય છે. આ લોકોમાં ખંધાડ (ઘરજમાઈ)ની પ્રથા પણ પ્રચલિત જોવા મળે છે.

મૃત્યુ :

કુંકણાઓમા મૃત વ્યક્તિને અગ્નિસ્નાન કરાવે છે. મૃત્યુ પછીની માન્યતાઓમાં ભૂતપ્રેત, ડાકણ વગેરે થાય છે એમ માને છે. તેઓ જન્મથી મૃત્યુ સુધીના વ્યક્તિના રીતરિવાજો કરે છે. મૃત વ્યક્તિને સ્નાન કરાવવું, નવો પોષાક પહેરાવવો, પીઠી ચોળવી પછી ગૂલતોરા, અગ્નિસંસ્કાર કરે છે. તેની પાછળ દારૂ તાડી પણ પીએ છે. બારમાનો રિવાજ કરી બધાને જમાડે છે અને વિધિસર આ બારમાને ઉજવે છે. અગ્નિ સંસ્કારના ત્રીજા દિવસે 'બાસુ' નામની એક ક્રિયા કરે છે. તેની પાછળ ઉજવણું કરે છે અને મૃતદેહના નામનું સોના ચાંદીનું પૂતળું બનાવી ભગત દ્વારા ઘરમા સ્થાપન કરે છે. આની વાર તહેવારે પૂજાવિધિ અને ભોગ બલિ આપે છે.

ધાર્મિક જીવન :

આ લોકો અનેક દેવદેવીઓને માને છે. તેઓ જન્મથી મૃત્યુ સુધીના અનેક પ્રસંગોમાં તેની પૂજાવિધિ વગેરે કરે છે. તેઓ અનાજના દેવ કે પૂર્વજોને લગતા દેવોને પણ માને છે. તેઓ માવલીદેવ, કંસેરી દેવી, વાઘદેવ, ગોવાળદેવ, કાળોકાકર, સિમરિયાદેવ, દેવલીમાડી, નારણદેવ ગ્રામદેવતા, ગૃહદેવતા, બ્રહ્મદેવ જેવા દેવદેવીઓને માનીને તેની પૂજાવિધિઓ અને બાધા માનતાઓ પ્રસંગ પડે કરે છે. તેમાં તેઓ બકરા, મરઘાના ભોગ પણ આપે છે. દારૂની ધાર પણ આપે છે. આ દેવદેવીઓ અને ભૂત ડાકણને જાણનારા અને સમજનારને ભૂવાઓ (ભગતો) તેમના ગુરુ હોય છે.

ઉત્સવ, તહેવારોમાં હોળી, દિવાસો, બળેવ તેમના જીવનમાં તેઓ મનાવે છે. આ સમયે દેવદેવીઓની પૂજાવિધિ, નાચગાન અને મસ્તીથી જીવીને સારું ખાવા પીવાનું કરે છે.

કુંડણાઓ બધા માનતા અને શુકન અપશુકનમાં માને છે. તેમનામાં હોળી, દિવાળી, લગ્ન લગ્નપ્રસંગ વગેરેમાં નૃત્યના કાર્યક્રમો હોય છે.

સમસ્યાઓ :

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે ઘણી મુશ્કેલીઓ તેઓ વેઠી રહ્યા છે.

- રહેઠાણની સમસ્યા
- જમીનની સમસ્યા, ટૂંકી જમીન, માલિકી હકક તેમનો નથી.
- ખેતી પરંપરાગત પધ્ધતિથી થાય છે. જે પ્રાથમિક ઢબની છે. તેમાં આધુનિકરણની જોવા મળતી નથી. દવા કે ખાતરો પણ વાપરતા નથી કે ખરીદી શકતા નથી.
- મજૂરી મોસમી જ મળતી હોય છે, કાયમી મજૂરીની સમસ્યા
- શિક્ષણની સમસ્યા
- આરોગ્યની સમસ્યા

આ પ્રકારની અનેક સમસ્યાઓ તેમની ગરીબીમાંથી ઊભી થાય છે. સમગ્ર જીવનમાં આ સમસ્યાઓ તાણાવાણાની જેમ ગૂંથાઇ ગયેલી જોવા મળે છે.

સૂચનો :

તેમના વિકાસ માટેનાં નીચે પ્રમાણે સૂચનો કરી શકાય :

૧. ઘર બાંધી આપવા જોઇએ.

૨. ખેતીની પધ્ધતિઓ શીખવી, જમીન માલિક બનાવવા જોઇએ.

૩. ખેતવિકાસ મંડળીઓની રચના કરવી જોઇએ.

૪. ખેતમજૂરોને લઘુત્તમ વેતન મળવું જોઇએ.

૫. જંગલ આધારિત નાના ધંધાઓ ઊભા કરવા જોઇએ.

૬. ખાદી અને ગ્રામોદ્યોગ વિકસાવવો જોઇએ.

૭. દૂધાળાં ઢોર આપવાં જોઇએ, જેમાં મરઘાં યોજના પણ આવી જાય.

૮. આશ્રમશાળાઓ અને છાત્રાલયો ઊભાં કરવાં જોઇએ.

૯. પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો ઊભાં કરવાં જોઇએ.

૧૦. તેમના આરોગ્યની તપાસ થવી જોઇએ.

૧૧. તેમની નૃત્યકળા માટે સાધનો અને આર્થિક વ્યવસ્થા કરવી જોઇએ.

૧૨. તેમના સર્વાંગી વિકાસ માટે એક વિકાસ અધિકારીની નિમણૂક કરવી જોઇએ.

...

## પારધી

### કચ્છ જિલ્લાની એક અનુસૂચિત જનજાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ

અહેવાલ લેખન : શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય
સારદોહન : શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૪૮,૪૮,૫૮૬ છે. જે કુલ વસ્તીના ૧૪.૨૨ % છે. ગુજરાતમાં જુદી જુદી ૨૮ આદિવાસી જાતિઓ વસવાટ કરે છે તેમાં એક પારધી જાતિ છે.

પારધી જાતિ ગુજરાતમાં ઘણા સ્થળોએ વસવાટ કરે છે. પરંતુ તેમની મુખ્યત્વે વસ્તી કચ્છ જિલ્લામાં છે. કચ્છ જિલ્લામાં પારધી જાતિની વસ્તી આઠ તાલુકાઓમાં છે. જે ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૨૮૦૬ની છે. પારધી જાતિની વસ્તી ધરાવતા ગામોમાંથી ભુજ, અંજાર અને ભડોઇ (તા. [illegible]) ગામનાં પારધી કુટુંબો અને આગેવાનોનો સંપર્ક સાધી આ અભ્યાસ કરવામાં આવ્યો છે.

આ અભ્યાસમાં પારધી જાતિનો ભૌગોલિક વિસ્તાર તથા તેઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આપી તેમના સામાજિક, ધાર્મિક અને સંસ્કૃતિક પાસાની વિગતે ચર્ચા કરી છે. તેઓ પ્રવર્તમાન સમયમાં કેવી મુશ્કેલીઓ ભોગવી રહયા છે તેની ચર્ચા કરી છે. ઉપરાંત તેના આર્થિક-સામાજિક વિકાસ માટે શું કરી શકાય તેના મુદ્દા આપ્યા છે.

પારધી શબ્દ કયાંથી આવ્યો હશે તેના વિષે બહુ સચોટ પુરાવા મળતા નથી. તેમની ઉત્પત્તિ અને ઇતિહાસ વિષે જે કાંઇ માહિતી મળી છે તે મુજબ 'રાવળિયા જેવા તેઓ કોઇ એક કુટુંબમાંથી ઉતરી આવ્યા હોય તેવું નથી. તેઓ જુદા જુદા કુળમાંથી ઉતરી આવેલાઓનો સમુદાય છે. બિન સાંપ્રદાયિક જીવન જીવતી આવી જાતિ ઊભી રહી છે. (સેન્સસ રીપોર્ટ બરોડા-૧૯૧૧) પારધી અને જોગી પૂર્વે રાજસ્થાનના -ઉદેપુર-જોધપુરથી આવ્યા હોવાનો દાવો કરે છે. આ જાતિ અને ભીલોમાં ઘણું સામ્ય છે. એટલે એક જ કોમ હોઇ ધંધાના કારણે જુદા નામોથી ઓળખાતી હોય એવું અનુમાન થઇ શકે છે. તેઓની મૂળ જાતિ હીરીઆ-મરકત છે. (કચ્છના આદિવાસીઓ, તરલાબહેન ધોળકિયા નિબંધ નં.૬૩) 'આ જાતિ અનેક જાતિઓના જાત બહાર મૂકાયેલા લોકોની [illegible] તેથી તેમાં અનેક જાતિઓના લોકો મળી આવે છે. મૂળ રાજપૂત, વાઘરી, કોળી વગેરે જ્ઞાતિઓના લોકો પણ તેમનામાં છે'. (ગુજરાતના આદિવાસીઓ) તેઓ શિકાર કરતા હતા. ઉચ્ચ જ્ઞાતિના તેને ગુનો ગણતા આથી તેઓને અપરાધી કહેતા અને તે અપરાધીમાંથી 'પારાધી' કહેવાયા. અને 'પારાધી'માંથી પારધી કહેવાયા. (ધી ટ્રાઇબ ઓફ કચ્છ એસ. એસ. સોલંકી) તેઓ સાથેની ચર્ચા કરતા એવું જાણવા મળ્યું કે અમે (પારધી જાતિ) રાજપૂત જાતિના છીએ. કાળક્રમે ધંધા

અનુસાર જુદા જુદા નામ પડયા. હાલ તેઓની છ પેટા જાતિ તેઓ જણાવે છે. (૧) પારધી (૨) જોગી (૩) જાગરીયા (૪) વાદી (૫) ભીલ (૬) રાવળ. આમાં રાવળ સિવાય બધાને અંદરોઅંદર રોટી બેટી વ્યવહાર છે.

ભૌતિક જીવન :

પારધી જાતિના કુટુંબો એક સાથે વસવાટ કરે છે. મતલબ કે તેઓના મહોલ્લા અલગ છે. આ લોકોના મકાન ત્રણ પ્રકારના છે. (૧) પાકી ઈંટો અને મેંગ્લોરી નળિયાં (૨) કાચી માટીનું અને દેશી નળિયાં (૩) ઝૂંપડું (છાપરું) જેની જેવી આર્થિક સ્થિતિ એ પ્રમાણે મકાન બનાવે છે. મોટા ભાગનાં કુટુંબોને એક ખંડ વાળાં મકાન છે. જેમા આશરે આઠ થી દસ સભ્યો રહે છે.

ઘરવખરી બહુ અલ્પ પ્રમાણમાં છે. આખો દિવસ સતત પરિશ્રમ કરતા હોવા છતાં પૂરતું ખાવાનું મળતું નથી. ત્યાં ઘરવખરીમાં તો શું હોય ? જીવન જરૂરિયાતના સાધનોમાં બે ત્રણ એલ્યુમિનિયમનાં વાસણો અને બે ત્રણ ગોદડાં છે. અમુક પાસે સાયકલ, રેડિયો ખરા. ધંધાના અનુસંધાનમાં ઢોલ, ખેતીનાં નાનાં નાનાં ઓજાર, કુહાડો કે દાતરડું ખરું.

ખોરાકમાં આ જાતિ શાકાહારી તેમજ માંસાહારી છે. અનાજમાં જુવાર અને બાજરીનો ઉપયોગ વધુ કરે છે. ખોરાકની વસ્તુઓ પણ રોજબરોજના ઉપયોગ પ્રમાણે ખરીદે છે. ઉત્સવ કે તહેવાર પ્રસંગોએ સગવડ હોય તો મીઠાઇ ખરીદે છે. એકાદ માસમાં બે ત્રણ વાર માંસ મટન પણ લે છે. તેઓ માછલી તેમજ બકરું, હરણ અને તેતરનું માંસ ખાય છે. પીવામાં ચાની ટેવ ઘણી છે. બીડી પણ ઘણા પુરુષો પીએ છે. આ ઉપરાંત ૯૦% પુરુષો દારૂ પીએ છે.

આર્થિક પ્રવૃત્તિ :

પારધી લોકો પાસે કોઇ એક વ્યવસાય નથી. જેવી જેની સ્થિતિ, અનુકૂળતા અને વાતાવરણ એ પ્રમાણે તેઓ વ્યવસાય કરે છે. પારધી જાતિમાં વ્યવસાયમાં ઘણી વિભિન્નતા જોવા મળે છે.

૧. ખેતી ૨. આંબા ખારેકની વાડી રાખી ખેતી કરવી ૩. દોરડાં સીંદરી બનાવવી.

૪. સૂપડાં બનાવવાં ૫. સાવરણી બનાવવી ૬. સુંડલા તથા ગાડાંનો જાકળો બનાવવો

૭. મજૂરી ૮. નોકરી ૯. શિકાર કરવો ૧૦. કાગળ અને કપડામાંથી ફૂલ બનાવવાં

૧૧. ડ્રાયવર-કલીનર ૧૨. ઢોલ વગાડવાનું કામ ૧૩. ઈંઢોણી બનાવવી ૧૪. ભીખ માંગવી

૧૫. ઊંટગાડી રાખી ધંધો કરવો ૧૬. જાગરીયાનું કામ.

ત્રણ સ્થળના ક્ષેત્રકાર્ય દ્વારા એવું જાણવા મળ્યું કે હાલમાં મોટા ભાગના કુટુંબો ખેતી, આંબા ખારેકની વાડી રાખવી, નોકરી, મજૂરી અને ઊંટગાડી રાખી માલ વહન કરવાનું કામ કરે છે. સ્ત્રીઓ સૂપડાં બનાવવાં, સાવરણી બનાવવી, ઈંઢોણી બનાવવી અને મજૂરી કરે છે.

આ લોકોને પોતાના ધંધા મુજબ આવક છે. જે કુટુંબો અબા ખારેકની વાડીમાં મહિનાદાર તેમને માસિક ૩૫૦ થી ૪૦૦ રૂપિયા મળે છે. જે કુટુંબો વાડી ઉધડ લે છે તેને સારી કમાણી થાય છે. વરસાદ કે વાવાઝોડું ન આવે તો તેઓને સીઝનમાં રૂ. પથી ૭ હજાર મળે છે. હાલમાં સૂપડા-સાવરણી અને જાકળો બનાવતા સભ્યોને દૈનિક ૧૨થી ૧૫ રૂપિયા મળે છે. નોકરી કરતા સભ્યોની સંખ્યા ઘણી છે. સરકારી કે બિન સરકારી વિભાગમાં ઘણા ભાઇઓ કામ કરે છે. જેમને ૫૦૦થી ૭૦૦ સુધીનો પગાર છે. જેઓ કાગળનાં ફૂલ બનાવી વેચે છે તેમને દૈનિક રૂ. ૨૦થી ૨૨ મળે છે. જે કુટુંબો શિકાર કરે છે તેઓની સ્થિતિ સારી કહી શકાય તેવી નથી. તેમની આવક અનિશ્ચિત છે.

પારધીઓ પોતાની જરૂરિયાત પૂરતો જ વિવિધ ખર્ચ કરે છે તેમાં મુખ્ય ખર્ચ ખાધાખોરાકી, પાછળ છે. સાથો સાથ ચા પાણી બીડી દારૂ અને જુગાર પાછળ પણ ઘણું ખર્ચ કરે છે. તેઓ સાથે ચર્ચા કરતાં એવું જાણવા મળ્યું કે ખર્ચ બહુ થઇ જાય છે. જેટલી આવક થાય છે તેમા પૂરું થતું નથી. આ ઉપરાંત પોતાના સામાજિક ધાર્મિક રિવાજો પાછળ પણ ખર્ચ થાય છે.

સામાજિક સંગઠન :

પારધી એ પિતૃસત્તાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા ધરાવતુ જૂથ છે. કુટુંબનું કદ આશરે ૬થી ૭ વ્યક્તિઓનું છે. આ જાતિમાં સંયુક્ત કરતાં કેન્દ્રીય કુટુંબોની સંખ્યા વધુ છે. સગાઇ સંબંધો બંને પ્રકારના લગ્ન પર આધારિત અને લોહી પર આધારિત જોવા મળે છે. ઘરજમાઇના પણ અમુક દાખલા જોવા મળે છે.

હાલમા આ સમાજમાં જાતિપંચ જોવા મળે છે. પરંતુ સક્રિય સ્વરૂપ નહી. જાતિપંચનું બંધારણ પણ છે. દરેક ગામદીઠ એક પારધી આગેવાન છે જે સ્થાનિક પારધી કુટુંબો વચ્ચે કોઇ મતભેદ હોય તો ઝઘડાનુ નિરાકરણ કરે છે. એ ઉપરાંત બધા ગામના પારધી આગેવાનો મળી એક ટ્રસ્ટી નીમે છે. હાલમાં એકાદ બે યુવક મંડળો પણ છે. પરિવર્તનની હવાના કારણે હાલ ઘણાને પંચ વ્યવસ્થામાં વિશ્વાસ નથી રહ્યો.

સામાજિક રીતરિવાજ :

રજસ્વલા સ્ત્રીને છેટીબેસ, કપડ આવી કે લુગડ આવી એવા નામ બોલાવે છે. જે સ્ત્રી દેવ દેવીનો ધૂપ કરવો કે ધાર્મિક ક્રિયામાં ભાગ લઇ શકતી નથી. ત્રીજા દિવસે માથું ધોયા બાદ દરેક કાર્ય કરી શકે છે.

સગર્ભા અવસ્થા દરમ્યાન કોઇ ખાસ પ્રકારનો ખોરાક આપવામાં આવતો નથી. સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં થાય છે. બાળકના જન્મ બાદ કોઇ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

જન્મ પછીના છઠ્ઠા દિવસે છઠ્ઠી કરવામાં આવે છે. ઘરમાં ઠોઠા બનાવે છે. આજુબાજુના નાના છોકરાને છઠ્ઠી લેવા બોલાવે છે. આજુબાજુના છોકરા પાંચ દસ પૈસા લાવે છે જે નવજાત બાળકને આપે છે. અને ઠોઠા લે છે. આજ સમયે ફોઇ બા નવજાત બાળકનુ નામ પાડે છે.

સામાન્ય રીતે છોકરો ૧૮થી ૨૦ વર્ષનો અને છોકરી ૧૫થી ૧૮ વર્ષની થાય ત્યારે સગાઇ કરવામા આવે છે. ઘણાં પોતાના બાળકની ઘોડિયે પણ સગાઇ કરે છે. સગાઇની વિધિ છોકરીપક્ષને ત્યાં કરવામાં આવે છે. સગાઇની વિધિમા છોકરીને એક જોડ કપડાં, કંકુની ડબ્બી, ચાંદલા બંગડી છોકરા પક્ષ તરફથી આપવામાં આવે છે. છોકરાપક્ષ તરફથી ૨૦ કીલો ગોળ હાજર રહેલાને વહેંચવામાં આવે છે. છોકરી પક્ષ તરફથી જમાડવામાં આવે છે તો તેના રૂ. ૫૦થી ૬૦ છોકરાપક્ષે આપવા પડે છે. સગાઇની વિધિ પૂરી થઇ ગયા પછી પુરુષ સભ્યો દારૂ પીએ છે.

લગ્ન :
-----

લગ્નની ઉંમર ૧૮થી ૨૦ વર્ષના ગાળામા વધુ જોવા મળે છે. લગ્ન એકસાથી છે. લગ્નની વિધિ ચાર દિવસ ચાલે છે. માંડવો નાખવાની શરૂઆત પ્રથમ દિવસે થાય છે. લગ્નવિધિ બ્રાહ્મણ પાસે કરાવવામાં આવે છે. જાન છોકરીપક્ષને ઘેર જાય છે. લગ્નમાં આશરે ૨૦૦૦થી ૫૦૦૦ સુધીનો ખર્ચ થાય છે.

પતિ પત્નીને બનતું ન હોય તો બંનેની સંમતિથી છૂટાછેડા લેવામાં આવે છે. છૂટાછેડા લેવામા જે પાત્રનો દોષ હોય તેને નાત રૂ. ૨૫૦નો દંડ કરે છે. સ્ત્રી સામેથી છૂટાછેડા માગે તો છોકરાપક્ષે થયેલ લગ્નખર્ચ અને દહેજ છોકરાપક્ષનાને આપવુ પડે છે. છૂટાછેડા લે અને બાળકો હોય તો બાળકો ઉપર પુરુષનો હકક લાગે છે. બાળક નાનું હોય તો સ્ત્રી પોતાની સાથે રાખે છે. જે મોટું થતાં મૂળ પુરુષને સોંપવું પડે છે. આ જાતિમા પુનઃલગ્ન થઇ શકે છે. દિયરવટુ-સાળીવટુ થઇ શકે છે.

મૃત્યુસંસ્કારમાં દાટવાની પ્રથા છે. મૃત્યુ પછીના ત્રીજા દિવસે ગોમુત્ર છાંટી ઘરને પવિત્ર કરે છે. દસમા દિવસે સોગ ઉતારે છે. જેમાં પુરુષો દાઢી મૂછ કઢાવે છે. રાત્રે ભજન કરે છે. બારમા દિવસે દાડો કરવામાં આવે છે. બ્રાહ્મણ પાસે શ્રાધ્ધવિધિ પણ કરાવે છે.

મૃત્યુ બાદ વ્યકિતનું શુ થયું તે જાણવા માટે માતાપથી લોકો શખઢોળ વિધિ કરે છે. એક નાની સીડી બનાવે છે, એક લુગડાના ગાભાનું પૂતળું બનાવે છે. આ સીડી સાથે દોરી બાંધે બાદમાં પૂતળાને ડલ્લી લીંબલી સ્વર્ગની સીડી પર ચઢાવવામાં આવે છે. સીડીના સાતે પગથીયા ચડી જાય પછી દોરીને સળગાવવામાં આવે છે. આ દોરી એકદમ સળગી જાય તો મૃત આત્મા એટલા વગ સદગતિ પામ્યો હશે તેમ માનવામાં આવે છે. અને વચ્ચે બળતાં બળતાં અટકી જાય તો કંઇક ઇચ્છાઓ બાકી રહી ગઇ હશે તેમ માને છે. મૃત્યુ પાછળની વિધિમા આશરે ૧૫૦૦નો ખર્ચ થાય છે.

ધાર્મિક જીવન :

પારધી જાતિ હિન્દુ ધર્મમા શ્રધ્ધા ધરાવે છે. તેઓ ચાવડ, મમેયા, મેલડી, ગણપતિ અને શંકરને પૂજે છે. આ ઉપરાંત બોરડી, શમા, આંબો, જાંબુ, ઉંબરો જેવા વૃક્ષોને અથવા તેનાં પાન કે કાંટાને તેઓ પોતાના કુળદેવ ગણી પૂજે છે. તેમજ પાબુ, વાછરી, શુરાપુરા અને પાળીયામા પણ માને છે. આ લોકો નિયમિતપૂજા કરતા નથી પરંતુ અમુક પ્રસંગોપાત ધૂપદીપ કરે છે.

તેઓ શિવરાત્રી, હોળી, જન્માષ્ટમી, નવરાત્રી અને દિવાળીના તહેવારો મનાવે છે. આ ઉપરાંત તેઓ શિવરાત્રીના દિવસે મેળો પણ ભરે છે.

પારધી લોકો ભૂત પ્રેત, ડાકણ, ભુવા ભગત, ભોગ બલિદાન વગેરેમાં વિશેષ શ્રધ્ધા ધરાવે

ઉપસંહાર અને આયોજન :

શિક્ષણ ઓછું અથવા નહિવત હોવાને કારણે વિકાસ યોજનાઓ વિષે બહુ ખ્યાલ નથી. પા લોકો હાલમાં રહેઠાણ, ખેતી માટેની જમીન નહિ તથા ધંધાની મુશ્કેલી, મજૂરી ન મળવી, સારું આરોગ્ય ન હોવું વગેરે સમસ્યાના ભોગ બન્યા છે. શિક્ષણ બહુ ઓછું અથવા નહિવત છે. જયારે જુગારની ટેવને કારણે તેઓ ઘણી જ મુશ્કેલીમા છે.

પ્રવર્તમાન પરિસ્થિતિમાં તેઓ સારી રીતે રહીને જીવી શકે, તેઓની આર્થિક સ્થિતિમાં સુધાર થાય તે માટે સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓએ કંઇક ત્વરિત કરવું ઘટે. ક્ષેત્રકાર્ય દરમ્યાન પારધી જાતિના વિકાસ માટે તેમને પૂછવામાં આવતાં તેમણે અનેક સૂચનો કર્યાં છે. મારા નિરીક્ષણ દ્વારા અને પ્રશાસનમાં કામ કરતી વ્યકિતઓ પાસેથી જે વિકાસ માટેના સૂચનો મળ્યાં તે મુજબ :

૧. રહેઠાણનું મકાન : પારધી જાતિના ઘણાં કુટુંબોને રહેવા યોગ્ય મકાન નથી. ઘણા ગંદકીમાં તો કેટલાક સંકડામણમાં રહે છે. આથી સરકારશ્રીની યોજના દ્વારા ઘરથાળનો પ્લોટ આપી મકાન બનાવી આપવા સહાય કરવી જોઇએ.

૨. ખેતી માટેની જમીન : હાલ અમુક કુટુંબો પાસે ખેતીની જમીન છે. જેઓ પાસે નથી તેમને ગામના આજુબાજુના વિસ્તારમાંથી ખેતી કરવા જમીન આપવી જોઇએ. ખેતી સાથે ખેતી માટેનાં સાધનો, બિયારણ, દવા અને જમીનમાં સિંચાઇ થઇ શકે તે માટે કૂવા વગેરેની વ્યવસ્થા કરવી.

૩. ધંધા માટે મદદ : પારધી જાતિનાં સ્ત્રી-પુરુષો ગૃહઉદ્યોગમાં રોકાયેલ છે. તેઓ સાવરણી, સૂપડાં, ઇંઢોણી, દોરી, દોરડાં, જાળા, ફૂલ વગેરે બનાવે છે તો આ વસ્તુઓની કાચી સામગ્રી પૂરી પાડવી જોઇએ. કોઇ સહકારી મંડળી બનાવી તેમાં આ ધંધાની વસ્તુઓની ખરીદ વેચાણની વ્યવસ્થા કરવી જોઇએ.

४. દુધાળા ઢોર : કચ્છ પશુપાલન માટે જાણીતો પ્રદેશ છે. પારધી કુટુંબોને દુધાળા ઢોર આપવામાં આવે તો પૂરક રોજી મળવી શકે.

૫. ખેતમજૂરોને લઘુત્તમ વેતન : સરકાર દ્વારા જે લઘુતમ વેતન નક્કી થયુ છે તેનો અમલ અહીં થતો નથી. અહીં રૂ.૫થી ૬ મજૂરી ચૂકવાય છે એવુ જાણવા મળ્યુ. માટે આ કાયદાનો બરોબર અમલ થાય તેવી કાર્યવાહી કરવી જોઇએ.

૬. મરઘાં ઉછેર : આદિવાસી માટે જે વિકાસ યોજના છે તેમાં મરઘાં આપવાનો પણ એક કાર્યક્રમ છે. જે પારધી કુટુંબોને દસ દસ મરઘાં આપવામાં આવે તો તેમને નિયમિત પૂરક રોજી મળી શકે.

આ ઉપરાંત સામુહિક રીતે મરઘાં ફાર્મ બનાવીને મરઘાં મંડળી ઊભી કરી તે મારફતે રોજી મળી શકે તેમ કરવું.

૭. અન્ય ધંધાઓ : પારધી યુવાનો દુકાન, રીક્ષા, ઉંટલારી, સોડા બનાવવાના મશીન વગેરેની ઇચ્છા રાખે છે તે માટે જરૂરી માર્ગદર્શન, તાલીમ અને સવલતો આપવી જોઇએ.

૮. શિક્ષણ : આ જાતિમાં શિક્ષણ વધે તે માટે અમુક જગ્યાએ આંગણવાડી/બાલવાડી ખોલવી જોઇએ. તેમના બાળકોને કપડાં, સ્લેટ, નોટબુક, નાસ્તો વગેરે આપવું જોઇએ.

૯. આશ્રમશાળા : પારધી લોકોનાં બાળકો માટે એકાદ આશ્રમશાળા ખોલવી જોઇએ. કે જેથી શિક્ષણનો વ્યાપ વધશે. વળી આશ્રમશાળા શિક્ષણ ઉપરાંત સામુદાયિક કેન્દ્ર તરીકે પણ કામ કરે કે જે દ્વારા પારધી-ઓને અન્ય પ્રકારના માર્ગદર્શનો અને ગૃહઉદ્યોગની તાલીમ કે અન્ય પ્રશ્નો માટે સમજણ આપી શકાય.

૧૦. સરકાર તરફથી અપંગ વૃધ્ધો માટે જે પેન્શન યોજના શરૂ કરવામાં આવી છે તેનો લાભ પારધી લોકોને મળતો નથી તો તે અંગે ઘટતું કરવું.

૧૧. પારધી કુટુંબોનુ કદ મોટું છે. આથી પ્રચાર, ફિલ્મ વગેરે દ્વારા કુટુંબનિયોજન અંગે સમજણ આપવી જોઇએ. જે તેમના આર્થિક અને આરોગ્ય વિકાસમાં મહત્વપૂર્ણ ભાગ ભજવશે.

૧૨. પારધી કુટુંબોમાંથી જે ભાઇ બહેનો સીવણની તાલીમ લઇ સીવણકામ કરવા ઇચ્છા રાખે તેને સીવણમશીનો આપી મદદ કરવી જોઇએ.

૧૩. પારધી લોકોના આરોગ્ય અંગે ઊંડી તપાસ કરવી જોઇએ. તબીબી કર્મચારી તેમના મહોલ્લાની મુલાકાત લે તેવી અને જરૂરી દવા આપે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

૧૪. આદિવાસી પેટા યોજના દ્વારા ગુજરાતના આઠ જિલ્લાઓમાં આદિવાસીના વિકાસ માટે સક્રિય કામગીરી ચાલે છે તેવા કેન્દ્રનો પ્રોજેક્ટ કચ્છમાં વસ્તી આદિવાસી જાતિઓ માટે કરવો જોઇએ.

...

# 'નાકા' -નાયકા- નાયકડા

## ( સંતરામપુર )

અહેવાલ લેખન : ગૌરીશ પંડયા
સારદોહન : જશવંતસિંહ રાઠોડ

પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાનાં ૧૭ ગામોમાં વસતી નાયકા જાતિને 'નાકા' તરીકે ગણી આદિવાસી તરીકેના લાભ આપવામાં આવતા નહોતા, આના અનુસંધાનમાં ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ તરફથી કેન્દ્રને આ તપાસ સોંપવામાં આવી હતી. જેનો કેન્દ્ર તરફથી ઊંડાણપૂર્વક ક્ષેત્રકાર્ય કરીને અહેવાલ તૈયાર કરી સરકારશ્રીને સુપરત કરવામાં આવ્યો હતો જેનો ટૂંકસાર અહીં આપ્યો છે :

ગુજરાતમાં વસતા કુલ નાયકા-નાયકડાઓમાંથી ૩૬.૨૭% તે પંચમહાલ જિલ્લામાં હતા. પંચમહાલ જિલ્લાની અન્ય અનુસૂચિત જનજાતિમાં નાયકા-નાયકડાઓની ૧૧.૯૬% વસ્તી હતી. પંચમહાલ જિલ્લામાં નાયકાઓની જે વસ્તી છે તેમાંથી ૩.૪૫% વસ્તી સંતરામપુરમાં તાલુકામાં હતી. તાલુકામાં અન્ય અનુસૂચિત જનજાતિઓની વસ્તીની તુલનામાં નાયકો ૨.૦૨%નું પ્રમાણ ધરાવે છે.

નાયકાઓની વસ્તીનું મોટું પ્રમાણ પંચમહાલ જિલ્લો ધરાવે છે. મુખ્યત્વે હાલોલ, ગોધરા, શહેરા, કાલોલ, દેવગઢબારિયા, લીમખેડા, ઝાલોદ, જાબુગોડા, લુણાવાડા અને સંતરામપુર તાલુકાઓ મુખ્ય છે.

સંતરામપુર તાલુકામાં નાયકાઓને 'નાઇક' કે 'નાયક' તરીકે ઓળખવામાં આવે છે. ત્યાં વસતા નાઇક-નાયકની વસ્તી નાયક-નાયકડા જાતિના જુદા અને તેઓના સામાજિક સંબંધો શહેરા, ગોધરા, લુણાવાડા વગેરે સરહદીય તાલુકાઓમાં અને તાલુકાના જુદાં જુદાં ગામોમાં નાયકાઓની વસ્તી જોવા મળે છે.

નાયકા-નાયકડા જાતિમાં મુખ્યત્વે ત્રણ પેટા જાતિઓ છે.

૧. ઊંચા નાયકા

૨. નીચા નાયકા

૩. ચોળીવાળા નાયકા

નામ પ્રમાણે સ્થાનની દૃષ્ટિએ ઊંચા નાયકા સૌથી ઊંચા ગણાય છે. નીચા નાયકા સૌથી નીચા ગણાય છે અને ચોળીવાળા નાયકા મધ્યમ કક્ષાના એટલે કે બંનેની વચ્ચેના ગણાય છે. આ ત્રણે પેટા જાતિઓ સામાન્ય રીતે એક બીજા સાથે લગ્ન વ્યવહાર રાખતી નથી પણ પોતપોતાની પેટા જાતિઓમાં જ લગ્ન કરે છે. પોતાના ગોત્રમાં લગ્ન કરવામાં આવતું નથી. ઊંચા નાયકા અને ચોળીવાળા નાયકાઓની વસ્તી વલસાડ અને સુરત જિલ્લાઓમાં છે. જ્યારે નીચા નાયકાઓની વસ્તી પંચમહાલમાં છે. તેમનો વસવાટ સંતરામપુર તાલુકાનાં ગામોમાં છે. ત્યાં તેઓ ભીલો સાથે કે અન્ય જ્ઞાતિઓ જેવી કે બારીયા, કોળી, અસારી વગેરે સાથેનો વસવાટ છે. તેઓનું મુખ્ય કામ ખેતમજૂરીનું છે. જંગલ પેદાશો પણ

ભેગી કરે છે અને પોતાનું ગુજરાન ચલાવે છે.

નાયકડાઓનાં ઘરો ખૂબ જ નાનાં અને ઝૂંપડી જેવાં જોવા મળે છે. મોટા ભાગનાં ઘરોને માટી કે કરાંઠીની દીવાલો છે અને છાજમાં ડાંગરના પરાળનો ઉપયોગ કરે છે. ઘરવખરી ઓછામાં ઓછી છે. લગભગ ૯૦% કુટુંબો ગરીબી રેખા નીચે જીવતાં માલુમ પડયાં હતાં. આ વિસ્તારની અન્ય જાતિઓ પણ નાયકડાઓને ખૂબ જ નીચા ગણે છે. એનું કારણ નાયકડાઓ બતાવે છે કે અમે 'ખિસકોલી' ખાતા જેથી અમોને નીચા ગણવામાં આવે છે. સમગ્ર પાસાં જોતાં નાયકાઓ કે નાયકડાઓ આદિવાસી સમાજ વ્યવસ્થાના એક ભાગ છે. માત્ર તેમને સ્થાનિક જુદા નામથી ઓળખવામાં આવતા હોય. પણ સંતરામપુર તાલુકામાં પણ નાયકાઓને નાયક કે નાઇક તરીકે ઓળખવામાં આવે છે. જેઓ અન્ય તાલુકાઓ સાથે સામાજિક સંબંધો ધરાવે છે.

સમાજ કલ્યાણ ખાતા તરફથી, સંતરામપુર તાલુકા પંચાયતમાં આવેલ પરિપત્રમાં 'નાકા' જાતિ બતાવવામાં આવી છે. આવી 'નાકા' જાતિ અહીં છે જ નહીં પણ તેઓ 'નાયક' જાતિ છે અને નાયક-નાઇક તરીકે જ ઓળખાય છે. રામભેમના મુવાડા, વેણા અને સાતકુડા ગામોની મુલાકાત લઇ નાયકાઓની તપાસ કરતાં લાગ્યું કે અહીં 'નાકા' નામની નહીં પણ નાયક જાતિની વસ્તી છે. જેઓ પંચમહાલના અન્ય નાયક-નાયકડા જાતિ સાથે રોટી-બેટી વ્યવહારથી જોડાયેલા છે.

તાલુકા પંચાયત દ્વારા બતાવેલ ગામોમાં 'નાકા' નહીં પણ નાયક-નાયકડાની વસ્તી છે. તે ગામોમાંથી જે નાયકો જમીન ધરાવે છે તેઓની ૭૩ અ.અ.ની એન્ટ્રીઓ પણ પડેલી છે., જે ૭૩ અ. એ ની એન્ટ્રીઓ માત્ર આદિવાસીઓની જમીનને લાગુ પડે છે. જે હાલ તલાટીના ચોપડે મોજુદ છે. સમાજ કલ્યાણ ખાતા તરફથી પણ લોન, સબસીડી આપવામાં આવી છે. સંતરામપુર તાલુકા પંચાયત કચેરી તરફથી પણ બળદ માટે લોન અને ૫૦% સબસીડી આપવામાં આવી છે.

'નાકા' લખ્યું છે તે ખરેખર નાયક છે. તેમનાં સગાંવહાલાંની તપાસ કરતાં બધાં જ નાયક જ જણાયાં હતાં. આ બધાને આદિવાસી તરીકેના બધા લાભો ૧૯૮૩ના ઓગસ્ટમાં મળેલ છે. ભવિષ્યમાં પણ આ 'નાકા' તરીકે ઓળખાતા જાતિના લોકોને 'નાયક' જાતિમાં ગણી લાભો આપવા જોઇએ. કારણ કે તેઓ અનુસૂચિત જનજાતિના જ લોકો છે.

...

## ગોઢા જાતિ તપાસ અહેવાલ

અહેવાલ લેખન : ગૌરીશ પંડ્યા
સારદોહન : જશવંતસિંહ રાઠોડ

સમાજ કલ્યાણ ખાતા તરફથી આદિવાસી કેન્દ્રને જાણ કરવામાં આવી હતી કે 'ગોઢા' જાતિ દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં છે તો તે જાતિ 'ગોંડ' જાતિ અપ્રભંશ શબ્દો ગોંઢા અટક ધનગરને ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવવા માટે આ ગોંઢા એ ખરેખર શું છે તે તપાસ કરી હતી. આ તપાસના આધારે કેન્દ્ર તરફથી ગોંઢાના વસવાટ ધરાવતાં ગામો વાલોડ, બારડોલી, મહુવા, માંડવી, સોનગઢ, વાંસદા, ગણદેવી અને ચીખલી ગામોની મુલાકાત લીધી હતી. આ તપાસનાં તારણો નીચે મુજબ જોવા મળ્યાં હતાં :

ગોંઢા (ધનગર) જાતિની વસ્તી ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લાઓમાં છે. ગોંઢા જાતિ ધંધો ઊનના ધાબળા બનાવવાનો છે. જે ભરવાડોની નજીકની જાતિ હોય તેમ જણાય છે. પોતે ઘેટાં બકરાં રાખતાં નથી પણ કદાચ પહેલાં આ જાતિ જ્યાંથી આવી હશે ત્યાં તેઓનો મૂળ ધંધો ઘેટાં બકરાં સાથેનો હશે. પણ ધંધાર્થે સ્થળાંતર કરવું પડતાં જેને પરિણામે ગુજરાતમાં આવ્યા હશે. અને અહીં આવ્યા બાદ ઘેટાં બકરાં નહીં રાખતાં તે આધારિત ઊનનો ધંધો પરંપરાગત હતો તે રાખ્યો. અત્યારે પણ ગોંઢાઓ ભરવાડોને ત્યાંથી ઘેટાંનું ઊન લાવી ધાબળા બનાવે છે.

ગોંઢા (ધનગર) જાતિ ભારતમાં કોઇ જગ્યાએ અનુસૂચિત જનજાતિની સૂચિમાં નથી. મધ્યપ્રદેશમાં ધનવાર છે પણ ધનગર નથી. ધનગરની વસ્તી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં છે. ગુજરાતમાં જે ધનગરો છે તે પોતાને અનુસૂચિત જનજાતિ તરીકે ગણાવવાનો પ્રયત્ન કરે છે. તેમજ માગણી પણ કરે છે કે અમે 'ગોંડ' (જે અનુસૂચિત જનજાતિ છે) હતા. જો કે ગોંઢા અને ગોંડમાં બહુ મોટો ફરક છે. કારણ ગોંડનો ધંધો, સમાજ વ્યવસ્થા ગોંઢા કરતાં બિલકુલ જુદા છે. ગોંઢા એ હિન્દુ સમાજવ્યવસ્થાની એક જ્ઞાતિ છે જ્યારે ગોંડ એ અનુસૂચિત જનજાતિ છે. જેની સમાજ વ્યવસ્થા, આર્થિક વ્યવસ્થા, ધાર્મિક જીવન ગોંઢાથી બિલકુલ જુદું તરી આવે છે. ગુજરાતમાં જ્યાં ગોંઢાઓનો વસવાટ છે તેઓએ પોતાના વિસ્તારો બતાવ્યા છે તે વિસ્તારો અને 'ગોંડ' અનુસૂચિત જનજાતિના વિસ્તારો જોવાથી પણ ખ્યાલ આવે છે કે જ્યાં ગોંડની વસ્તી નથી ત્યાં ગોંઢાઓનો વસવાટ છે. તેઓ પોતાને ગોંડ બતાવવાનો પ્રયત્ન કરે છે.

ગોંઢા (ધનગર) :

ધનગર જાતિનો વસવાટ મુખ્યત્વે મધ્યપ્રદેશના નાગપુર, વર્ધા, બેરર આંદાનિયા, મોહના જિલ્લાઓમાં તેમજ મહારાષ્ટ્રમાં મુંબઇ અને કર્ણાટકના હૈદ્રાબાદ વિસ્તારમાં વસ્તી જોવા મળે છે. આ ઉપરાંત ગુજરાતમાં દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લાઓમાં જૂજ વસ્તી છે. જો કે તેઓ પોતાને ધનગર કે ગોંઢાના નામથી ઓળખાવે છે અને તેથી પણ આગળ વધી ગોંઢામાંથી ગોંડ અનુસૂચિત જનજાતિમાં

ઘટાડવાનો પ્રયત્ન કરે છે. જેનું મુખ્ય કારણ ભારતભરમાં વસતાં આવાં નાનાં જૂથો વિકાસના લાભો પ્રાપ્ત થાય તે માટે અનુસૂચિત જનજાતિઓના જૂથમાં આવવાનો પ્રયત્ન કરી રહયાં છે. વાસ્તવમાં ધનગર જાતિના જ્યાં વસ્તી છે તેઓ વિષે ઊંડાણથી જોવાથી ધનગર ગોંડ છે કે નહીં તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. ધનગર જાતિ જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા નામે પણ ઓળખવામાં આવે છે. તેમાં મુખ્યત્વે અગિયાર પેટા જાતિઓ છે. આ પેટા જાતિઓમાં પણ ગોત્ર વ્યવસ્થા છે. એક જ ગોત્રમાં લગ્ન વ્યવહાર કરવામાં આવતો નથી. પેટા જાતિનાં નામ, જાતિ, ધંધા, આદતો વગેરેને કારણે પડેલાં હોય તેમ લાગે છે. આવી પેટા જાતિઓ કાળક્રમે અસ્તિત્વમાં આવી હશે. ગુજરાતમાં આવેલ ધનગરનું જૂથ પણ 'ગોંઢા' તરીકે ઓળખાયું હોય તેવી શકયતા છે.

લગ્ન પિતાના કે માતાના કુળમાં થતાં નથી થતાં. તે સિવાય વિધવા પોતાના પ્રથમ પતિના કુળમાંથી બીજો પતિ કરી શકતી નથી. ધનગરોમાં બાળલગ્ન પ્રથા છે. લગ્નની વિધિ બ્રાહ્મણ કરાવે છે. લગ્ન વરસાદના મહિનાઓમાં થાય છે કારણ કે ધનગરોનો મુખ્ય ધંધો ઘેટાં બકરાં ચરાવવાનો હોવાથી તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા હોવાથી ચોમાસામાં જ બધાં કુટુંબો ઘેર આવે છે. ગરીબાઇને કારણે મૃતદેહને દાટે છે. જો લાકડાંની સગવડ થાય તો તેને બાળે છે. ધનગરો હિંદુઓના તહેવારો ઉજવે છે. મહાદેવ અને ખંડોલાને કુળદેવ માને છે. ખંડોલાની પૂજા રવિવારે કરવામાં આવે છે. તેને સૂર્યપૂજા સાથે ગણવામાં આવે છે. વિઠોબાને વિશ્વનું રૂપ માનવામાં આવે છે. બાલાજીને રામના નાના ભાઇ ગણવામાં આવે છે. જેમની પૂજા શુક્રવારે થાય છે. ધનગર જાતિની સંસ્કૃતિ આ પ્રમાણે જોવા મળે છે. પણ ગુજરાતમાં પેઢીઓ પહેલાં આવેલ ધનગરો પોતાની મૂળ પરંપરાઓ પણ ભૂલી ગયા છે. કેટલાક લોકોને થોડો ઘણો ખ્યાલ છે કે તેઓ ઈંદોર તરફથી આવેલા છે

ગોંડ અનુસૂચિત જનજાતિની સંસ્કૃતિ : ભારતમાં સૌથી વધુ વસ્તી ગોંડ અનુસૂચિત જનજાતિની છે. મધ્યપ્રદેશ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, મૈસુર, પશ્ચિમ બંગાળ અને સૌથી ઓછી સંખ્યામાં ગુજરાતમાં છે. ગોંડની સંસ્કૃતિ આગવી અને વિશેષ છે. આ ગોંઢા જાતિમાં ગોંડ જાતિનાં કોઇ પણ શારીરિક લક્ષણો જોવા મળતાં નથી. ગોંડ અનુસૂચિત જનજાતિનાં લક્ષણો ધરાવે છે જ્યારે ધનગર જાતિના લોકો એવાં કોઇ લક્ષણો ધરાવતા નથી. આમ ધનગર જાતિના લોકો હિંદુ જ્ઞાતિ વ્યવસ્થા તરીકેની એક જ્ઞાતિ જોવા મળે છે.

...

# ધરમપુર વિકાસ કાર્યક્રમ હેઠળના ગામોનો અહેવાલ

અહેવાલ લેખન : શ્રીમતી ભારતીબહેન દેસાઇ,
ગિરીશ ભટ્ટ અને લક્ષ્મણભાઇ મકવાણા
સારલેખન : ભારતીબહેન દેસાઇ

ગુજરાતના આઠ આદિવાસી જિલ્લાઓમાંના ૩૩ તાલુકાઓમાં વલસાડ જિલ્લાનો ધરમપુર તાલુકો સૌથી વધુ ગામો અને ક્ષેત્રફળ ધરાવતો મોટામાં મોટો તાલુકો છે. ૧૯૮૧ના જનગણના અહેવાલ મુજબ આ તાલુકાની ૯૩.૯૬% વસ્તી આદિવાસી છે. ગુજરાતના અન્ય આદિવાસી તાલુકામાં પણ આ તાલુકો ઘણો પછાત છે. ત્યાંના મોટા ભાગના લોકો ગરીબાઇ નીચે જીવે છે. ગરીબાઇનાં મુખ્ય કારણોમાં આર્થિક સાધનોની અછત, જમીન ખડકાળ અને ઉબડખાબડ જંગલો નબળા અને નિમ્ન સ્તરના છે. આ ઉપરાંત આયોજિત વિકાસ માટેનુ સરકારી અને બિનસરકારી માળખું અપૂરતુ છે. આ બધાં કારણોસર આ લોકો બીજા વિકાસશીલ સમૂહો કરતાં ભૌગોલિક રીતે ઘણા દૂર છે. આવા પ્રદેશનો વિકાસ કરવો એ વિકટ અને જટીલ પ્રશ્ન છે. ભૂતકાળમાં આ પ્રદેશના વિકાસ માટે પ્રયત્નો થયા છતાં આ તાલુકાની આર્થિક સ્થિતિમાં ખાસ ફેર પડયો નથી. તેથી એવુ લાગે છે કે વિકાસ માટે અનેકવિધ પ્રયત્નો કરવાની ખાસ જરૂરિયાત છે. આ માટે આદિવાસીની અર્થરચના, સાધનો, સમાજવ્યવસ્થા, કેળવણી અને વિકાસનો ઊંડો અભ્યાસ કરવો જરૂરી અને આવશ્યક છે.

ધરમપુર વિકાસ માટે સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સારા એવા પ્રમાણમાં પ્રયત્નો થયા છે અને થાય છે. પણ આ તાલુકાના વિકાસની ગતિ ગોકળગાય જેવી પણ નથી. તેથી આ તાલુકાના વિકાસ માટે નક્કરરૂપે આયોજન કરવાની જરૂરી બાબત લાગવાથી ૧૧,૧૨ જાન્યુઆરી ૧૯૮૨ના રોજ ધરમપુર તાલુકાના નાની વહિયાળ મુકામે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા એક કાર્યગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યગોષ્ઠીમાં સરકારી અધિકારીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ વગેરેએ ભાગ લીધો હતો. આ કાર્યગોષ્ઠામાં (૧) વિકાસ કાર્યક્રમની બુનિયાદી ફિલસૂફી (૨) વિવિધ વિકાસ કાર્યક્રમો (૩) વિકાસ કાર્ય સંપાદન એમ ત્રણ વિભાગમાં મુદ્દાઓ ફલિત થયા હતા અને એ મુજબ કાર્યક્રમ કરવાનું નક્કી કર્યું.

ઉપરોક્ત અનુસંધાનમાં જે કાર્યક્રમો નક્કી થયા હતા તેના ભાગ રૂપે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ડુંગરાળ વિસ્તારના દાદરાનગરહવેલી બોર્ડર ઉપરના છ ગામો (સીલધા, એકલેરા, ઉમળી, કેનકી, એસ્ટોલ અને પીંઢારદેવી) દત્તક લેવામાં આવ્યાં હતાં. ત્યાંનું સર્વેક્ષણ ૧૯૮૧માં પૂરું કરી ત્યાં રહેતી વારલી કોમ કે જેની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે તેને                માં ગણવા માટેનો રીપોર્ટ તૈયાર કરી સરકારશ્રીને સુપ્રત કર્યો હતો.

બાડમાં બાર ગામો વાપીથી ૧૮ કી.મી. દૂર ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આશ્રમશાળા ચાલે છે તે અભેટીને મધ્યમાં રાખીને દત્તક લેવામાં આવ્યાં હતાં. આ ગામોના દત્તક પાછળનો ઉદ્દેશ એ છે કે આજુબાજુના ગામોના આર્થિક રીતે નબળા લોકોનો વિકાસ કરી શકાય અને ત્યાં વિકાસ કાર્યક્રમ પણ હાથ પર લઈ શકાય. આ હેતુને ધ્યાનમાં લઈને ૧૯૮૨ના જાન્યુઆરી પછી હું આ બાર ગામોના કુટુંબો કે જેની પાસે ભાગે જમીન પાંચ એકરથી ઓછી એવા ૨૪૫૪ કુટુંબોનું સર્વેક્ષણ કર્યું. આ અભ્યાસ માટે પ્રશ્નાવલી, સાક્ષાત્કાર અને નિરીક્ષણ સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કર્યો.

આ બાર ગામોના સર્વેક્ષણ કુટુંબોનીવસ્તીની વહેંચણી જાતિ પ્રમાણે કોઠા નં.૧માં દર્શાવી છે.

૧૨ ગામોના ૨૪૫૪ કુટુંબોની જે મોજણી કરી તેમાંના ૨૨૩૨ કુટુંબો પાસે નહીંવત જમીન છે. અને એમાંની મોટા ભાગની જમીન ઉબડખાબડ અને ખેતીને લાયક નહીં એવા પ્રકારની છે. આથી તેમણે જીવનનિર્વાહ માટે મજૂરી કે અન્ય સાધનોનો આશરો લેવો પડે છે. જેઓ ખેતી કરે છે તેમનો ખેતી પણ બિનપિયત હોવાથી તેમણે ચોમાસા ઉપર આધાર રાખવો પડે છે. આથી વર્ષનો મોટો ભાગ તેમણે બેકાર બેસી રહેવું પડે છે. અન્ય રોજગારી પણ ન પ્રાપ્ય નથી તેથી ગરીબાઈ વધુ છે. તેમને બે ટંક ખાવાનું પણ મળતું નથી.

આ લોકોના રહેઠાણ માટેનાં મકાનો કાચાં છે. જૂજ લોકો (૩%) પાસે પાકાં મકાનો છે. ખેતી માટેનાં પૂરતાં સાધનો નથી. કેટલાક પાસે તો હળ પણ નથી. પરિણામે તેઓને ખેતી માટે એક બીજા ઉપર આધાર રાખવો પડે છે.

પશુપાલન અને મરઘાં ઉછેર વ્યવસાય ખેતી સાથે સંકળાયેલો છે. છતાં આ ગામોમાં આ વ્યવસાય જોવા મળતો નથી. અહીં પશુધન તો ઘણું છે પરંતુ નબળું છે. તે ઉત્પાદન આપી શકતું નથી. અહીં પશુધનનો ઉપયોગ ખેતી પૂરતો મર્યાદિત પ્રમાણમાં કરવામાં આવે છે. આમ તો કુટુંબદીઠ પશુધનની સંખ્યા સરેરાશ ૭ની આવે છે. જેમાં એક તો ગાય આવે છે. પરંતુ બળદ સિવાયનું લગભગ બધું પશુધન બિનઉત્પાદક છે.

આ ગામમાં દરેક કુટુંબ પાસે ફળાઉ તેમજ બીનફળાઉ વૃક્ષોની સંખ્યા સારી છે. ઘરના વાડામાં જ સાગ, સાદર, સીસમ અને નીલગીરીના વૃક્ષો જોવા મળે છે. આર્થિક ઉપજ આપે તેવા કેરી, ચીકુ જેવાં ફળાઉ ઝાડોની સંખ્યા ઓછી છે.

આ ગામનાં કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક રૂ.૪૨૩ છે. કુટુંબનું કદ છ માણસનું ગણતાં માથાદીઠ માસિક આવક રૂ.૭૧ થાય. આ વિસ્તારમાં રહેતી ધોડિયા આદિવાસી જાતિ બીજી આદિવાસી જાતિના પ્રમાણમાં શિક્ષિત છે. તેમાંના કેટલાક નોકરી પણ કરે છે અને ખેતી પણ સંભાળે છે. તેમાંના કેટલાક આરબ દેશોમાં કમાણી એ અર્થે ગયા છે. એ લોકોની આર્થિક સ્થિતિ

પ્રમાણમાં સારી ગણી શકાય. એમને લીધે જ સરેરાશ આવક વધુ આવે છે. પરંતુ વાસ્તવિક ચિત્ર જુદું છે. '૭૮-'૭૯ના વર્ષમાં પાયાના વર્ષ તરીકે ગણતાં માથાદીઠ માસિક આવક રૂ.૬૫થી ઓછી હોય એવા લોકો ગરીબાઇ રેખા નીચે આવે છે. અને એ રીતે જોઇએ તો આ ગામોમાં વસતી મોટા ભાગની વસ્તી ગરીબાઇ નીચે આવે છે.

આ લોકોની જે આવક છે તે આવકમાં મુખ્યત્વે કરીને ખેતી અને ખેતમજૂરીની છે. ખેતીની આવક ૪૩.૨૭% છે અને ખેતમજૂરીની આવક ૩૧.૯૩% છે. ઉદ્યોગ અને વેપારની ટકાવારી ઘણી ઓછી છે. નોકરીની ટકાવારી ૯% જેટલી છે.

ઉપરોક્ત આવકનાં સાધનો દ્વારા જે આવક પ્રાપ્ત થાય છે તે તેમના જીવનનિર્વાહ માટે પૂરતી નથી. મોજણીના ૨૪૫૪ કુટુંબો પૈકી ૧૬૬૩ કુટુંબો એટલે કે ૬૭.૭૬% કુટુંબોની વાર્ષિક આવક રૂ.૫૦૦૦થી ઓછી છે. એટલે કે તેઓ ગરીબાઇ રેખા નીચે આવી જાય છે. (હાલના ભાવને ધ્યાનમાં લઇએ તો આ ટકાવારી આથી પણ વધુ આવે.)

આવક ઓછી હોવાથી તેઓએ કેવળ જીવન જરૂરી અને આવશ્યક ચીજવસ્તુ પાછળ ખર્ચ કરવાની ફરજ પડે છે. તેમની આવકનો ૮૩.૭૩% ભાગ ખાદ્યાખોરાકીમાં જાય છે. ૯% કપડાં પાછળ. ૧.૫૯% શિક્ષણ પાછળ અને ૨.૮૩% દવાદારૂ પાછળ જાય છે. શિક્ષણ પાછળ ઓછું ખર્ચ હોવાનું મુખ્ય કારણ ગરીબી છે. વધુમાં તેઓ પ્રાથમિક કે માધ્યમિક શિક્ષણ લેતા હોવાથી તેમને સરકાર તરફથી નિ:શુલ્ક પ્રાપ્ત થાય છે તેથી શિક્ષણ પાછળનો ખર્ચ ઓછો જણાય છે.

તેઓની માથાદીઠ માસિક આવક આપણે રૂ.૭૧ જોઇ પણ મોજણીમાં માથાદીઠ માસિક ખર્ચ રૂ.૫૪ આવે છે. એનો અર્થ એવો લાગે કે આ લોકોને બચત થતી હશે પરંતુ હકીકતમાં એવું નથી. કારણ કે સામાજિક, ધાર્મિક અને દારૂ પાછળ જે ખર્ચ થાય છે તે ખર્ચ બતાવતા નથી. અને આ પ્રકારનું ખર્ચ સારું એવું હોય છે. ખર્ચની દ્રષ્ટિએ જોતા પણ એ લોકોનું માથાદીઠ ખર્ચ રૂ.૭૬ની નીચું હોવાથી તેઓ ગરીબાઇ રેખા નીચે આવે છે. આમ આવક અને ખર્ચ બંને રીતે આ વિસ્તારના લોકોની સ્થિતિ દયાજનક છે.

આ લોકોની આવકનો મોટો ભાગ જીવનનિર્વાહ પાછળ ખર્ચાઇ જાય છે. તેથી સામાજિક, ધાર્મિક પ્રસંગો અથવા ખેતી કે બીજા આકસ્મિક ખર્ચા આવી પડે તો તેમણે દેવુ કરવું પડે છે. જો કે બીજા આદિવાસી વિસ્તારના પ્રમાણમાં આ લોકોનું દેવું ઘણું ઓછું છે. ૪૨.૧૧% કુટુંબો જ દેવું ધરાવે છે. આ દેવું મોટે ભાગે સગા સંબંધી કુ સહકારી મંડળીનું છે.

આ વિસ્તારના લોકોની આવકનું પ્રમાણ ઓછું છે છતાં બેકારીનું પ્રમાણ નહીંવત છે.

૧૫થી ૫૯ વર્ષનો લગભગ બધી જ વ્યક્તિઓ કોઇને કોઇ રોજગારીમાં સંકળાયેલી છે. પરંતુ એમાં ૭૭.૯૪% લોકો તો ૧૮૦થી ઓછા દિવસની રોજગારી મેળવે છે. પૂર્ણ રોજગારી મેળવનાર વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે છે.

ધરમપુરનો વિકાસ જે અગાઉ જણાવ્યો તે પ્રમાણે ગોકળગાયથી પણ ધીમે ચાલે છે અને તે માટે જવાબદાર અવરોધક પરિબળો નીચે મુજબ છે.

(૧) ખાવટી પ્રથા (૨) દારૂનું વ્યસન (૩) શિક્ષણનો અભાવ (૪) નબળી ખેતી (૫) રાજકીય નેતાગીરીનો અભાવ (૬) નવી વસ્તુ અપનાવવાની તૈયારી ઓછી (૭) સરકારી યોજનાનો લાભ મોટા ભાગનાં કુટુંબોને ન મળવાથી. (૮) સંગઠનનો અભાવ (૯) પંચાયતની નબળી આર્થિક પરિસ્થિતિ (૧૦) વિકાસની કડીરૂપ કર્મચારીનું ઉપેક્ષિત વલણ.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇ એ કહી શકાય કે જ્યાં સુધી આર્થિક, સામાજિક અને વહીવટ ક્ષેત્ર આડખીલીરૂપ બાબતો છે તેને દૂર કરવા પ્રયત્ન નહીં કરીએ ત્યાં સુધી આર્થિક વિકાસની પ્રગતિ ઝડપી બનવી મુશ્કેલ છે. એટલે એ દિશામાં વધુ ઝડપી પ્રયત્ન કરવાની જરૂર છે.

આ ગામોના વિકાસ કાર્યક્રમની વિચારણા કરતાં પહેલાં ગામની પ્રાથમિક સુવિધાઓની માહિતી જાણવાનું ઉપયોગી બનશે. આ માટે કોઠો-૨ જોતાં સમજાઇ જશે.

સર્વેક્ષણ કરેલ ગામોની ઉપરોક્ત પરિસ્થિતિમાં કેટલીક પાયાની સામાજિક, આર્થિક સગવડો તાકીદે બને તે જરૂરી છે અને તે માટે જ આયોજન કરવાનું જરૂરી છે.

પાયાની સવલતો

(૧) મોટા ભાગનાં ગામોમાં પીવાના પાણીની અછત વર્તાય છે, ત્યાં કૂવા છે, વરસાદ પણ સારો છે પણ ઉનાળામાં પાણી રહેતું નથી. આથી પીવાના પાણી અંગે પૂરતી વ્યવસ્થા થવી જોઇએ.

(૨) જે ગામોમાં પોસ્ટ ઓફીસ અને વીજળીની સગવડ નથી ત્યાં આ સગવડ ઊભી કરવી.

(૩) આ વિસ્તારમાં જે શાળાઓ છે તે શાળાનાં મકાનો પૂરતી સગવડવાળાં નથી. કેટલીકવાર તો ચાર ધોરણની શાળા માટે એક ઓરડાનો સગવડ હોય છે. આથી શાળાનાં મકાનો ફરનીચર વગેરે વ્યવસ્થિત થવું જોઇએ અને પેટા યોજના દ્વારા જે શૈક્ષણિક સગવડો બાળકોને આપવામાં આવે છે તે સગવડો સમયસર આપવી જોઇએ.

(૪) જે લોકોની પાસે મકાનના છાજ નળિયાં નથી તેમને પેટા યોજનામાંથી નળિયાં આપવાં જોઇએ.

(૫) આ ગામોમાં ખરીદ વેચાણ માટેનાં વેપારી કેન્દ્રો અપૂરતાં હોવાથી સહકારી ધોરણે ચાલતી ખરીદ વેચાણ મંડળી જ્યાં ન હોય ત્યાં તે સ્થાપવી જોઇએ.

(૬) આ ગામોમાં જે સહકારી મંડળીઓ બંધ થયેલી હોય અથવા તેની કામગીરી યોગ્ય ન હોય તો તે મંડળી યોગ્ય કામ કરે તેવા પ્રયત્ન કરવા જોઇએ.

સામાજીક સવલતો

(૧) પ્રૌઢ શિક્ષણને વેગીલું બનાવી આ વિસ્તારોમાંથી નિરક્ષરતા નાબૂદ કરવા પ્રયત્ન કરવા જોઇએ

(૨) બાલમંદિર અને પૂરતી પ્રાથમિક શિક્ષણની સુવિધા જ્યાં નથી ત્યાં આ પ્રકારની સુવિધા ઊભી થાય તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.

(૩) કોલઘા આદિવાસી જે ઘણા પછાત છે અને તેઓમાં શિક્ષણનું પ્રમાણ પણ નહીંવત છે તેમને માટે આશ્રમશાળા ખોલવાની તાતી જરૂરિયાત છે.

(૪) પ્રાથમિકશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અધવચ્ચેથી ચાલ્યા જાય છે તેનાં કારણો શોધવા માટે એક અભ્યાસ હાથ પર લેવો જોઇએ.

(૫) આદિવાસીઓમાં જે શિક્ષણ લે છે તે શિક્ષણ લીધા પછી શું પ્રવૃત્તિ કરે છે ? અને તેના સમાજમાં અને સમાજકાર્યમાં કેટલો રસ લે છે તે અભ્યાસમાં લેવાવું જોઇએ.

(૬)આરોગ્યની દૃષ્ટિએ આ વિસ્તારમાં ખાનગી દવાખાના કે આરોગ્ય કેન્દ્ર નથી તેથી આરોગ્ય માટે એકમો સ્થાપવાં જોઇએ.

(૭) દર વર્ષે જુદા જુદા ગામોમાં તાલીમ શિબિર રાખવી જોઇએ જે વ્દારા શહેરી યુવકો આદિવાસી વિભાગના પરિચયમાં આવે અને તેમના વ્દારા લોકજાગૃતિનાં કામો કરાવી શકાય.

(૮) દારૂબંધીના પ્રચાર માટે આ વિસ્તારમાં સેમિનાર કરવા જોઇએ.

(૯) ધાર્મિક પથની ભજનમંડળી બનાવવી અને સમાજ કલ્યાણ ખાતા વ્દારા સંગીતનાં સાધનોની ગ્રાન્ટ આપી ગામોમાં સગવડ આપવી.

(૧૦) સમાજ કલ્યાણ વ્દારા ધાર્મિક સંમેલનની ગ્રાન્ટ લઇને ધરમપુર તાલુકામાં આવાં સંમેલનો યોજવાં જોઇએ.

(૧૧) સામાજિક વનીકરણ અને લોકજાગૃતિનું કામ દરેક ગામમાં મીટીંગ મુલાકાત લઇ કરાવવું જોઇએ.

આર્થિક કાર્યક્રમો

૧. આ વિસ્તારમાં મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી ખેતીનાં ઓજાર, શુધ્ધ બિયારણ, ખાતર અને આધુનિક પધ્ધતિએ ખેતીની તાલીમ મળી રહે તેવી સગવડ કરવી. અને ખેતી માટેના નિદર્શન કેન્દ્રો કરવા જોઈએ.

૨. ઘાસ મંડળી અને કેરી મંડળી બનાવવી જોઈએ અને તે દ્વારા ઘાસ અને કેરી એકત્ર કરી વેચાણ માટે મૂકવાં જોઈએ.

૩. ફળાઉ ઝાડો તેમજ આર્થિક ઉપજ આપે તેવા બીજા ફળાઉ ઝાડોનું વાવેતર કરાવવું જોઈએ. આ માટે કેરી ચીકુની કલમ પણ આપવી જોઈએ.

૪. જેમની પાસે જમીન છે તેમને સ્કીમ તેમના ખેતરમાં આપી તેમના વનીકરણનો ઉછેર કરાવવો જોઈએ.

૫. કિસાન નર્સરી ઊભી કરવી જોઈએ.

૬. ગામતળ જમીન ઉપર ગામવન ઉછેરવાની જોગવાઈ કરવી જોઈએ.

૭. સામાજિક સલાપતીની સ્કીમ જે જંગલખાતા દ્વારા ચાલે છે તે આ ગામોમાં જેમને જમીન નથી અને આર્થિક સ્થિતિ નબળી છે તેમને આપવી જોઈએ. આ સ્કીમ પ્રમાણે દર વર્ષે એક કુટુંબને અઢી હેકટર જમીન ઉછેરવા માટે આપે છે. આથી દર વર્ષે ૨૫ હેકટર જંગલની જમીન જંગલ ઉછેરવા અપાય છે તેમાંથી દર વર્ષે માસિક રૂ. ૪૫૦ની રોજગારી પ્રાપ્ત થશે અને જ્યારે જંગલ કપાશે ત્યારે તેમાંથી ૨૦% ભાગ મળે છે.

૮. પશુપાલન અંગે જાગૃતિ મળી રહે એ માટે તાલીમ કેન્દ્ર નિદર્શન અને પશુ ચિકિત્સા કેન્દ્રો શરૂ કરવાં જોઈએ અને આ સાથે દૂધ ઉત્પાદક અને દૂધ વિતરણ કેન્દ્રો પણ ગોઠવી શકાય.

૯. પશુપાલન અને ડેરી ઉદ્યોગ વિકસાવવો અને એ માટે તાલીમ તેમજ જરૂરી નાણાંકીય સહાય આપવી

૧૦. વ્યક્તિગત તેમજ સામૂહિક ધોરણે મરઘાં ઉછેર કેન્દ્રો શરૂ કરવાં જોઈએ અને તે માટે નાણાં તેમજ અન્ય સામગ્રી પૂરી પાડવી.

૧૧. ડુંગરાળ વિસ્તાર છે અને વરસાદ પણ સારો છે તેથી અહીં પાણીનો સંગ્રહ થઈ શકે તેમ તેથી આ વિસ્તારમાં નાનાં નાનાં તળાવો તૈયાર કરાવી મત્સ્ય ઉદ્યોગ શરૂ કરવો જોઈએ. આ માટે તિલોપીયા પોઝાબીયા માછલીનું વાવેતર કરવું જોઈએ.

૧૨. સુથારીકામ, સીવણકામ તેમજ કડીયાકામ આ વિસ્તારમાં ચાલી શકે તેમ છે તેથી તે પ્રમાણે તાલીમની વ્યવસ્થા કરવી અને તાલીમ માટે વિસ્તારના લોકોને પ્રોત્સાહિત કરવા.

૧૩. ચરખાકેન્દ્રો શરૂ કરવાં અને રાહતદરે અંબરચરખા પૂરા પાડવા અને આ ગામો વચ્ચે એક વણાટ કેન્દ્ર પણ ઊભું કરવું જોઈએ.

૧૪. ચમાર લોકોને ચંપલનો ઉદ્યોગ વિકસી શકે તેવી તાલીમ આપી પ્રોત્સાહિત કરવા.

૧૫. આ વિસ્તારમાં ડાંગર પાકે છે તેથી ચોખા છડવાની પ્રક્રિયાના એકમો ઊભાં કરવાં.

૧૬. સાબુ, દિવાસળી અને વાંસ ઉદ્યોગને પણ પ્રોત્સાહન આપવું જોઈએ.

• • •

કોઠો-૧

જાતિ પ્રમાણે ૧૨ ગામોના સર્વેક્ષણ કુટુંબોની વહેંચણી દર્શાવતો કોઠો

| ક્રમ | ગામનું નામ | ધોડિયા | કુકણા | નાયકા | વારલી | કોલચા | હળપતિ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | આંબેટી | ૩૦૫ | - | ૬૪ | ૧૩ | - | - | ૧૧૪ | ૪૯૬ |
| ૨. | અંધારપાડા | - | ૪૧ | - | ૪૧ | - | - | - | ૮૨ |
| ૩. | ગોઝર | - | ૧૬૬ | ૧૯ | ૧૨ | ૫૦ | - | - | ૨૪૭ |
| ૪. | કાકરકોપર | ૧૦ | ૧૩૪ | ૨૩ | ૭૭ | - | ૩ | ૮ | ૨૫૫ |
| ૫. | કાજલી | ૪૫ | ૬૯ | ૬૭ | - | ૩ | - | - | ૧૮૪ |
| ૬. | કોઠાર | ૪૫ | ૧૦૩ | - | ૨૭ | ૭ | ૧ | - | ૧૮૩ |
| ૭. | ઘોઘડકૂવા | ૨૦૯ | - | - | ૮ | - | - | ૧૨ | ૨૨૯ |
| ૮. | ભંડારકચ્છ | - | ૬૭ | ૫૪ | ૮ | ૧૯ | ૧ | - | ૧૪૦ |
| ૯. | બાલચોંડી | ૧૪૬ | ૭ | - | ૩૩ | - | - | ૫ | ૧૯૧ |
| ૧૦. | વારોલી તલાટ | - | ૧૦૮ | - | ૨૭ | ૧૫ | - | - | ૧૫૦ |
| ૧૧. | વારણા | - | ૩૪ | ૩૦ | ૪૩ | ૬ | - | ૩ | ૧૧૬ |
| ૧૨. | વાજવડ | ૧૪૮ | ૨૪ | - | ૫ | - | - | ૪ | ૧૮૧ |
| | કુલ | ૯૦૮ | ૭૫૩ | ૨૪૮ | ૨૯૪ | ૧૦૦ | ૫ | ૧૪૬ | ૨૪૫૪ |
| | ટકા | ૩૭.૦૦ | ૩૦.૬૮ | ૧૦.૧૦ | ૧૧.૯૮ | ૪.૦૭ | ૦.૨૦ | ૫.૯૭ | ૧૦૦.૦૦ |

કોઠો-૨

ગામોનો પ્રાથમિક સુવિધાઓ દર્શાવતો કોઠો

| ક્રમ ગામનું નામ | વીજળી | બાલમંદિર | પ્રા.શાળા | મા.શાળા | પો.ઓફીસ | સ.મંડળી | પરચૂરણ દુકાન | દળવાની ઘંટી | કૂવો | હાટ | આરોગ્ય કેન્દ્ર | ખાનગી દવાખાનું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. અંભેટી | છે | નથી | છે | છે | બ્રાન્ચ | છે | ૭ | ૨ | ૧૫ | નથી | નથી | નથી |
| ૨. અંધારપાડા | છે | છે | છે | નથી | નથી | નથી | નથી | નથી | ૧ | નથી | નથી | નથી |
| ૩. ઓઝર | છે | છે | છે | નથી | બ્રાન્ચ | નથી | ૨ | નથી | ૫ | નથી | નથી | નથી |
| ૪. કાકરકોપર | છે | છે | છે | નથી | બ્રાન્ચ | છે | ૫ | ૨ | ૫ | નથી | નથી | નથી |
| ૫. કાંજલી | નથી | છે | છે | નથી | નથી | નથી | ૧ | ૩ | ૩ | નથી | નથી | નથી |
| ૬. કોઠાર | છે | નથી | છે | છે | બ્રાન્ચ | છે | ૪ | ૧ | ૯ | નથી | નથી | નથી |
| ૭. ઘોઘંડકૂવા | છે | નથી | છે | નથી | નથી | નથી | ૫ | ૧ | ૨૦ | નથી | નથી | નથી |
| ૮. ભંડારકચ્છ | નથી | છે | છે | નથી | નથી | નથી | ૨ | નથી | ૧ | નથી | નથી | નથી |
| ૯. બાલચોંડી | છે | છે | છે | નથી | નથી | નથી | ૫ | ૨ | ૭ | નથી | નથી | છે |
| ૧૦. વારોલી તલાટ | છે | નથી | છે | નથી | બ્રાન્ચ | છે | ૨ | ૧ | ૧૭ | નથી | નથી | નથી |
| ૧૧. વારંગા | છે | નથી | છે | નથી | બ્રાન્ચ | નથી | ૧ | નથી | ૩ | છે | નથી | નથી |
| ૧૨. વાજંવડ | છે | નથી | છે | નથી | નથી | નથી | ૧ | ૨ | ૯ | નથી | નથી | નથી |

## નર્મદા યોજનાના ડૂબાણમાં જતાં ગામો

( ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાના ગઘેર ગામનો અભ્યાસ )

અહેવાલ લેખન અને
સારદોહન : સાયમન ફ્રા. મેકવાન

આદિવાસી સમાજજીવન, વિકાસ અને સમસ્યાઓ અંગે સંશોધન અભ્યાસ કરવાની કેન્દ્રની પ્રવૃત્તિમાં આ અભ્યાસ દ્વારા સિંચાઇ યોજનાની આડ અસર રૂપે ઊભી થતી સ્થળાંતર અને પુનર્વસવાટની સમસ્યા પ્રકાશમાં લાવવાનો એક નાનો સરખો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નર્મદા યોજના જેને ગુજરાતની વિકાસ દોરી માનવામાં આવે છે. તેમાં બધાં મળીને ૨૧૯ ગામો ડૂબાણમાં જાય છે. જેમાંનાં ૨૦૦ ગામો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યનાં છે. જ્યારે બાકીનાં ૧૯ ગામો ગુજરાતનાં છે. આ તમામ ગામો મુખ્યત્વે આદિવાસી વસ્તી ધરાવતાં ગામો છે. આ ૧૯ ગામોના ૧૧ ગામો ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાનાં જ છે. બાકીનાં ૮ ગામો વડોદરા જિલ્લાના નસવાડી તાલુકા અને છોટાઉદેપુર તાલુકાનાં છે.

ગુજરાત રાજ્યનાં ૧૯ જિલ્લાઓમાં ભરૂચ જિલ્લો દક્ષિણ ગુજરાતનો એક મહત્વનો જિલ્લો છે. જિલ્લાના ૧૧ તાલુકાઓમાં નાંદોદ એક મહત્વનો અને આદિવાસી તાલુકો છે. ગઘેર ગામ તાલુકાની પૂર્વ સરહદે આવેલું ગુજરાતનું લગભગ છેવટનું ગામ છે. ગામ કુલ ૯ ચો.મિ.ના વિસ્તારમાં ભારે જંગલો અને ટેકરીઓવાળો પ્રદેશ ધરાવે છે. આ ગામમાં નાનાં મોટાં મળીને કુલ ૧૪ ફળિયાં આવેલાં છે. જેમાં લગભગ ૨૫૦૦ લોકો વસવાટ કરે છે. ગામ સમગ્ર આદિવાસી વસ્તી ધરાવે છે. જેમાં મોટા ભાગે તડવી આદિવાસી વસ્તી છે અને બાકીની વસાવા જાતિની વસ્તી છે. ગામમાં માત્ર એક જ અનુસૂચિત જાતિનું કુટુંબ વસવાટ કરે છે.

નર્મદા યોજનાના ડૂબાણમાં જતું ભરૂચ જિલ્લાનું સૌથી મોટું ગામ છે અને આ સમગ્ર ગામ ડૂબાણમાં જાય છે. આ ગામના અભ્યાસ દરમ્યાન ગામની જમીન સંપાદન કરવાની કામગીરીની વિધિ શરૂ કરી દેવામાં આવી હતી. ક્ષેત્રકાર્ય દરમ્યાન પસંદ કરાયેલાં કુટુંબો ઉપરાંત અન્ય અગ્રણી વ્યક્તિઓ, ગામના સરપંચશ્રી, ગામની બંને શાળાના શિક્ષકો, પુનર્વસવાટ વિભાગ પેટા વિભાગ-રની કચેરીઓ, તાલુકા પંચાયત કચેરી, રાજપીપળા સેવા સમાજ સંસ્થા, યુવા સંઘર્ષ વાહિની સહિત અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓની મુલાકાત લઇને ડૂબાણમાં જતા ગામના કુટુંબોની સમસ્યાઓ સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમના સમસ્યાઓને મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકાય : પ્રથમ જમીન સંપાદન સાથે સંકળાયેલી સમસ્યાઓ અને પુનર્વસવાટ સંબંધી સમસ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### જમીન સંપાદન સંબંધી સમસ્યા :

આદિવાસીઓની વિષમ ગરીબાઇમાં તેમની મહત્વની અથવા તો એક માત્ર જીવાદોરી ગણો તો તે જમીન છે. જે તેના ખાતાની અને કાયદેસરની છે અથવા તો ગામના ગૌચરની કે જંગલ ખાતાની છે.

આ જમીન પર આખા

કુટુંબોનો આધાર હોય છે. તેથી જ્યારે તેમની એક માત્ર જીવાદોરી સમાન જમીન જતી રહેતી હોય ત્યારે અનેક સમસ્યાઓ ઊભી થાય તે સ્વાભાવિક છે.

જમીન સંપાદન અંગેની સૌથી મહત્વની સમસ્યા જંગલની જમીનમાં તથા ગામના ગૌચર અને પડતરના જમીન ખેડતા આદિવાસીઓની છે. કે જેમની ઘણી મોટી સંખ્યા છે. આ જમીન તેઓ પેઢીઓથી ખેડતા આવ્યા છે. પરંતુ આ જમીનની માલિકી તેમની નથી પરિણામે જ્યારે જમીન સંપાદન કરવામાં આવે ત્યારે આ જમીનની માલિકી જે તે ખેડૂતની ન હોવાથી તેમને કોઈ વળતર મળી શકે નહીં. તેમજ અન્ય સ્થળે ખેતીની જમીન પણ મળી શકે નહીં. એ જ રીતે આવી જમીનમાં રહેઠાણ બાંધીને પેઢીઓથી રહેતાં કુટુંબોને પણ તેમના રહેઠાણનું કોઈ વળતર તેમજ કાટકાળના સ્થળાંતરની વ્યવસ્થાનો લાભ આપી શકાય નહીં. આ એક અતિ મહત્વની વિકટ માનવ સમસ્યા છે.

જમીન સંબંધી બીજી મહત્વની સમસ્યા જમીનના વળતર અંગેની છે કે જેના અંગે ભારે વિવાદ ચાલી રહયો છે અને છેલ્લી પરિસ્થિતિ મુજબ તો આ પ્રશ્ન અંગે આ ગામોમાં મોટા પાયા પર આંદોલન ચાલી રહયું છે. ઉપરાંત કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવી છે. રોકફીલ ડાઈક્સમાં ડૂબાણમાં જતાં પાંચ ગામોના ખાતેદારોને એકરદીઠ રૂ.૪૬૦૦ વળતર આપવામાં આવ્યું છે. હાલમાં આદિવાસીઓની માગણી એકરદીઠ રૂ.૭૦૦૦ના છે. કારણ કે આ યોજનામાં ડૂબાણમાં જતાં અસરગ્રસ્ત ખેડૂત કુટુંબોને તેમના નવા સ્થળે ખેતીની જમીન આપવાની કોઈ જોગવાઈ ન હોવાથી નવી જમીન તેમણે જાતે ખરીદવાની રહેશે. હાલમાં જમીનના ભાવ ખૂબ જ ઊંચા ગયેલા છે.

જમીન સંબંધી ત્રીજી મહત્વની સમસ્યા થોડી વિચિત્ર છે. જમીન સંપાદન અંગે એવુ નકકી કરવામાં આવ્યું છે કે યોજનાની લાઈનદોરીમાં આવતી જમીન જ સંપાદન કરવી. બાકી થોડી પણ જમીન રહી જાય તો તે અંગે કશું થઈ શકે નહીં. આને પરિણામે વિચિત્રતા ઊભી થયેલ છે. કારણ કે ઘણા ખાતેદારોની જે કુલ જમીન છે જેમાંની મોટા ભાગની સંપાદન થાય છે અને બાકીની લાઈનદોરી બહાર હોવાથી આ જમીન સંપાદન કરવામાં આવતી નથી. તો આવાવ ખાતેદારો નવા સ્થળે વસવાટ કરે ત્યારે તેમની બાકીની આ જમીનમાં કેવી રીતે ખેતી કરી શકે ? તથા આખું ગામ જ્યારે ડૂબાણમાં ગયુ હોય ત્યારે તેઓ ત્યાં કેવી રીતે રહી શકે ? પરિણામે તેમની આ જમીન કોઈપણ જાતના વળતર વિના છોડી દેવી પડે. આ મુખ્ય સમસ્યાઓ ઉપરાંત નાના મોટા અનેક મુદ્દાઓ રહેલા છે.

<u>પુનર્વસવાટની સમસ્યા :</u>

સિંચાઈ યોજનાના ડૂબાણમાં જતાં ગામોના પુનર્વસવાટ કરવાની જવાબદારી સરકાર ઉપર હોવાથી આ અસરગ્રસ્ત કુટુંબોના સ્થળાંતર અને પુનર્વસવાટ અંગે એક અલગ વર્તુળ ઊભું કરવામાં આવ્યું છે જેમાં બે પેટા વિભાગો પણ પાડવામાં આવ્યા છે. આ પુનર્વસવાટ વર્તુળ ડૂબાણમાં જતાં ગામોના અસરગ્રસ્ત કુટુંબોને ગુજરાત રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા તૈયાર કરેલ સરકારી ઠરાવ

મોસે/૨૭૭/૧૦૭૮/સુ.વેચા/પાર્ટ-૩/ક-૫, તા. ૧૧-૬-૭૯ સચિવાલય, ગાંધીનગર મુજબ નક્કી કરેલી સગવડો આપવી અને તેમને નવા સ્થળે વસાવવા.

આ ...સના ક્ષેત્રકાર્ય દરમ્યાન ગામના લોકોને નવા સ્થળે વસાવવા માટે કેટલાંક ગામો બનાવવામાં આવ્યાં હતાં જે સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં તથા ભરૂચ જિલ્લામાં આવેલાં છે. આ ગામોની જમીન આ કુટુંબોને પસંદ ન આવી હોવાથી આગળની કાર્યવાહી થઇ શકી નહોતી.

ભલામણો :

(૧) નર્મદા યોજના માટે જમીન સંપાદન કરવાનો પ્રશ્ન એક વિશાળ અને જટીલ માનવીય પ્રશ્ન છે. તેથી તેને યોગ્ય રીતે ઉકેલવો અનિવાર્ય છે. જો પ્રશ્નને યોગ્ય રીતે સમજવામાં ન આવે તો પ્રશ્નના ઘણા ગંભીર પરિણામો આવે તેમાં શંકા નથી અને હાલમાં આ અંગેનું વાતાવરણ ઊભુ થયેલું જ છે. એટલે સૌ પ્રથમ તો સરકારશ્રીએ પોતાની નીતિ ખૂબ જ સ્પષ્ટ કરી દેવી જોઇએ. કારણ વિલંબ નીતિને કારણે અનેક શંકા કુશંકાઓ ઊભી થયા કરે છે. જેનાથી વ્યાપક અસંતોષ ઊભો થાય છે. એટલે સરકારે પોતાની નીતિ ખૂબ જ સ્પષ્ટ કરીને તેમને ચોક્કસ ન્યાય મળશે એવી ખાતરી આપી સાનુકુળ વાતાવરણ ઊભું કરવું પડશે.

(૨) જમીન સંપાદન કરતી વખતે કોઇ ખાતેદારની લગભગ ૭૫% જમીન સંપાદન કરવામાં આવે અને બાકીની જમીન લાઇનદોરીમાં ન આવતી હોય સંપાદન કરવામાં ન આવે. આ નિયમ દૂર કરી બાકીની જમીન પણ સંપાદન થવી જોઇએ.

(૩) આ ગામના ઘણા જમીન વિહોણા લોકો ગામના ગૌચર, પડતર જમીન તથા જંગલની જમીન પેઢીઓથી ખેડતા આવ્યા છે અને આ જમીન ખેતી લાયક બનાવી છે. અલબત્ત તેઓ આ જમીનના ખરેખ માલિક ન હોવા છતાં જ્યારે તેઓ પેઢીઓથી આ જમીન ખેડતા હોવાથી કુદરતી જ ન્યાયે પણ તેઓ માલિક છે એવું લાગે. હાલમાં ગુજરાત હાઇકોર્ટ જંગલ અને ગૌચર, પડતરની જમીન ખેડતા જમીન વિહોણા આદિવાસીઓની માંગણી અંગે તપાસ હાથ ધરી હોવાથી આ પ્રશ્ન અંગે નિકાલ થશે ત્યાં સુધી હાલના તબક્કે કંઇ કહેવું યોગ્ય નથી.

(૪) હાલમાં જમીનોના ભાવ જોતાં સામાન્ય આદિવાસીને બજાર ભાવે જમીન ખરીદવાનું તો શક્ય જ નથી. તો આવાં કુટુંબોને માત્ર જંગલ વિસ્તરણ કરશે, ખેતી કરી શકશે નહીં એવી શરતે જંગલ હેઠળની જમીન ફાળવી આપવાની કાર્યવાહી કરવી જોઇએ. આનાથી બે લાભ થશે. પ્રથમ તો ભારત સરકાર જંગલની જમીન વસવાટ માટે વાપરવા છૂટ આપતી નથી પરંતુ જો માત્ર જંગલ વૃધ્ધિ કરવામાં ... એ હેતુસર જમીનની ફાળવણી કરવામાં આવે તો ભારત સરકાર માટે કોઇ નીતિ વિષયક પ્રશ્ન ઊભો થાય એમ જણાતું નથી. જો આમ થાય તો જંગલનું વિસ્તરણ અને

જાળવણી ઝડપી થશે અને આદિવાસીઓના અનુભવ અને જ્ઞાનનો લાભ જંગલ-વિસ્તરણના કામમાં કરી શકાશે. જે હાલના કેટલાક નિષ્ણાતોના સૂચન સાથે પણ સુસંગત છે. અને આ રીતે પુનર્વસવાટની સમસ્યાને ઘણે અંશે સરળ બનાવી શકાશે. આદિવાસીઓ તરફથી આ પ્રસ્તાવને સ્વીકૃતિ મળશે એમાં પણ કોઈ શંકા જણાતી નથી.

(૫) ગામમાં જંગલની કે ગૌચર, પડતરની જમીનમાં ઘર બાંધીને પેઢીઓથી રહેતા આદિવાસી કુટુંબોને તેમના રહેઠાણના વળતરનો લાભ આપવો જોઈએ તેમજ કાટમાળ સ્થળાંતરની સુવિધા પણ અન્ય કુટુંબોની જેમ જ આપવી જોઈએ, એમ લાગે છે. આ પ્રશ્ન પણ મુદ્દા ૩ પ્રમાણે ન્યાયાલયમાં ઉચિત ધ્યાન હેઠળ આવશે જ.

(૬) આ બધાં સૂચનો આર્થિક બાબત સાથે સંકળાયેલાં છે. પરંતુ પુનર્વસવાટ એક માનવીય અને સાંસ્કૃતિક સમસ્યા છે અને પુનર્વસવાટમાં સાંસ્કૃતિક પાસાંઓ પણ રહેલાં છે. તો આ અંગે ઊંડાણ સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવામાં આવે અને આ અભ્યાસની ભલામણો પ્રત્યે ખાસ ધ્યાન આપવામાં આવે.

(૭) પુનર્વસવાટને લગતી નાની મોટી અનેક સમસ્યાઓ અવાર નવાર ઊભી થતી રહે છે. નાની લાગતી આ સમસ્યાઓ ખરેખર તો મહત્વની હોય તો જેનો નિકાલ પણ સ્થાનિક સ્તરે લાવી શકાય તેમ છે. તો એવી ભલામણ કરવામાં આવે છે કે ધારાસભ્યો, સંસદસભ્યો, ઉચ્ચ સરકારી અધિકારીઓ ઉપરાંત સામાજિક કાર્યકરો, સામાજિક સંશોધકોનું પ્રતિનિધિત્વ ધરાવતી એક સલાહકાર સમિતિ બનાવવામાં આવે જેની બેઠક અવાર નવાર મળતી રહે અને આ સમિતિના ઠરાવો અને ભલામણો સંબંધિત ખાતું ત્વરિત ગતિએ નિકાલ કરે એવી ખાસ સૂચના પણ સંબંધિત વિભાગોને સરકારે કરવી જોઈએ જેથી કરીને પુનર્વસવાટનો પ્રશ્ન જે ઘણો જ ગંભીર પ્રશ્ન છે તેનો ઉકેલ રચનાત્મક રીતે અને સરળતાથી ઉકેલી શકાશે એવી સ્પષ્ટ માન્યતા છે.

...

## નર્મદા યોજનામાં ડુબાણમા જતા એક ગામ (હાફેશ્વર) નો અભ્યાસ

અહેવાલ લેખન : જસવંત ના. રાઠોડ
સારદોહન : જસવંત ના. રાઠોડ

ગુજરાતમાં ભરૂચ જિલ્લાના નવાગામ આગળ કરોડોના ખર્ચે આકાર લઇ રહેલી નર્મદા યોજના એ કરોડો લોકો માટે આશીર્વાદ રૂપ છે. ગુજરાતનુ મોટામાં મોટું સાહસ છે. નર્મદા યોજના સંપૂર્ણ તૈયાર થતા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા ચાર ચાર રાજ્યોને નર્મદાનાં અમૃત સમા પાણીનો લાભ મળશે. હરિયાળી ધરતી જોવા મળશે. જ્યાં કુદરતે પાણીનો પૂરવઠો આપ્યો નથી તેવા રણ જેવા વિસ્તારોમાં પણ પાણી પહોંચતાં કરી શકાશે તેવી આ એક અદ્યતન યોજના નવાગામ આગળ આકાર લઇ રહી છે. જે જન સમુદાય માટે આશીર્વાદ અને સરકાર માટે ગૌરવસમી આ યોજનાનુ કામ આજે પૂર ઝડપે આગળ ચાલી રહયું છે.

પણ જે પોષતું તે મારતુ એ ક્રમ દિસે જે કુદરતી કહેવતના આધારે વર્ષોથી જે નદીના કિનારે વસવાટ કરતા હતા જેમની જીવનદાત્રી નર્મદા હતી. જેઓ સમાજથી આજે પણ દરેક પ્રકારે પછાત છે તેમની સ્થિતિ આપણી દ્રષ્ટિએ ઘણી નબળી છે. તેવો વર્ગ જે વર્ષોથી નદી કિનારે વસવાટ કરતો આવ્યો છે તેમને આજે બીજે જવાનું થાય છે. તેમને આજે પોતાના વતનનો ભોગ આપી બીજે વતન બનાવવાનું છે. સરકાર તેમને શકય એટલી બધા જ પ્રકારની મદદ આપવા તૈયાર થાય તો પણ તેમના મનમાં કોઇ પણ પ્રકારનું દુઃખ રહી જશે ખરું ? આવા અનેક પ્રશ્નો તેમની અને આપણી વચ્ચે ઊભા થાય છે. તેને જાણવાની ઉત્કંઠા થયા કરે છે. વળી આ યોજના તૈયાર થઇ રહી છે ત્યાં મોટા ભાગનો વસવાટ આદિવાસીઓનો છે. તે પોતે કંઇ જાણતો નથી. પોતાની પાસે એવી કોઇ શકિત નથી કે જે અવાજ કરી પોતાના હકકો મેળવી શકે. તો તે કેવા પ્રકારના પ્રત્યાઘાતો પડતા હશે. તે કોને પૂછતો હશે. તેના મનમાં કેવા વિચારો આવતા હશે, તે જાણવાની દરેકને જિજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે.

જયારે અમે તો આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં કામ કરતા હોવાથી સ્વાભાવિક છે કે તેવા વિચારો આવ્યા સિવાય રહી શકે નહીં. કેન્દ્રના નિયામક શ્રી ઠાકોરભાઇ નાયક તે એમનું માર્ગદર્શન આપી નર્મદા યોજનામાં ડુબાણમાં જતાં બે ગામોનો અભ્યાસ કરવો તેવો નિર્દેશ મને કરવામાં આવ્યો તે મેં સ્વકારી અને વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના ત્રણ ગામ ડુબાણમાં જાય છે તેમથી હાફ (હાફેશ્વર) ગામને પસદ કરી તે ગામનો સ્થળાંતર પહેલાં અભ્યાસ કરવાનું નકકી કર્યું.

પધ્ધતિ :

આર્થિક, સામાજિક અને સંસ્કૃતિક માહિતી એકત્ર કરવા માટે અમે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કર્યો હતો. ક્ષેત્રકાર્ય દરમ્યાન માહિતી એકત્ર કરવા માટે મુલાકાત સહભાગી નિરીક્ષણનો ઉપયોગ કર્યો હતો. ગામના આગેવાન ખેડૂતો, ગામના સરપંચ, તલાટી કમ મંત્રી, તાલુકા પંચાયતના પ્રમુખ, ટી.ડી.ઓ. વગેરને મળી માહિતી મેળવી. યોજના ડીવીઝનના એન્જીનીયર શ્રી પટેલ સાહેબની મુલાકાત લીધી, ડૂબાણ અંગેના તેમના ખ્યાલો, સરકારશ્રીની નિતિ, લોકોના અભિપ્રાયો, ૯૦ કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લઇ કૌટુંબિક આર્થિક જીવનની માહિતી એકત્ર કરવા અનુસૂચિ ભરવામાં આવી હતી.

વસ્તી અને વિસ્તાર :

હાફ ગામ છોટાઉદપુરથી ૪૫ કિ.મી. દૂર આવેલ છે. ગામમાં હફિશ્વર મહાદેવનું મંદિર આવેલું હોવાથી ગામને હફિશ્વરના નામથી ઓળખવામા આવે છે. ગામમાં જવા માટે છોટાઉદપુરથી ૨૭ કિ.મી. દૂર દક્ષિણે કવાટ આવવુ પડે છે. ત્યાંથી ૧૨ કિ.મી. દૂર પૂર્વમાં કડીપાણી આવવું પડે છે. ત્યારબાદ દક્ષિણે ૭ કિ.મી. દૂર પર્વતની હારમાળાઓ વચ્ચે નર્મદા કિનારાના ડુંગરોમાં હફિશ્વર ગામ આવેલુ છે. હફિશ્વર ગામ જુદા જુદા ૧૨ ફળિયામાં વહેંચાયેલું છે. ગામમાં બે સંસ્થા કામ કરે છે. હફિશ્વર મહાદેવનું મંદિર અને પછાતવર્ગ બોર્ડ વડોદરા સંચાલિત આશ્રમશાળા. ગામમાં મુખ્ય વસ્તી રાઠવા અને ભીલ આદિવાસીની છે. તપાસમાં લીધેલ ડૂબાણમાં જતાં ૯૦ કુટુંબોમાં ૪૪ રાઠવા કોળી કુટુંબો અને ૪૬ ભીલ કુટુંબો હતાં.

ઘરવખરી :

ઘરવખરીની ચીજોમાં વાસણો, એલ્યુમિનિયમના તપેલાં, થાળીઓ, પિત્તળના બેડાનો ઉપયોગ પાણી ભરવા માટે કરે છે. માટીના માટલાનો ઉપયોગ પીવાનું પાણી ભરી રાખવા માટે કરે છે. આ ઉપરાંત કાંસાનાં વાસણો વાટકી અને થાળી જોવામાં આવ્યાં હતાં જે પહેલાંના જમાનાની ખરીદેલ

ઘરેણાંના ખૂબ શોખીન છે. તેથી ઘરેણાં ચાંદીનાં, કલાઇ વગેરેનો ઉપયોગ કરે છે. આર્થિક સ્થિતિ સારી હોય તે ચાંદીનાં ઘરેણાંનો ઉપયોગ કરે છે. સ્ત્રીઓ હાથે બંગડી પહેરે છે. ઉપરાંત ફસી, કડુ, ડોકમાં મણકાની માળા કે રૂપિયાવાળી સાંકળ પહેરે છે. કાને વાળીઓ પહેરે છે. હાથની આંગળીએ વીંટી પહેરે છે. પગમાં કલ્લાં પહેરે છે. પુરુષો કાને કડી પહેરે છે, હાથે કડુ પહેરે છે.

પહેરવેશ :

પુરુષો લંગોટ પહેરે છે. ઉપર બંડી અને ખમીશ પહેરે છે. મોટા ભાગના ખુલ્લા રહે છે. અને સ્ત્રીઓ કપડું ઓઢી રાખે છે. લંગોટ લંબવાની દોરી જાતે જ બનાવી લે છે. અને તે રંગ ... અને આકર્ષક બનાવે છે. અને તેની ઉપર ફુમતાં રાખે છે. માથે લાલ પાઘડી આંટાવાળી પહેરે છે.

સ્ત્રીઓ ઘાઘરો અને ઓઢણી ઓઢે છે. સ્ત્રીઓ ચોળી કે બ્લાઉઝ પહેરતી નથી. કેટલીક સ્ત્રીઓ ડગલી જેવું પહેરે છે. ઘાઘરા માટે ૯ હાથ લાંબું રંગીન કપડું લાવે છે પછી તેને જાતે જ સીવી લે છે. ઘાઘરો પહેરી તેનો કછોટો મારી દે છે. ઉપર ઓઢણી પહેરે છે. નાના બાળકો પણ લંગોટ પહેરે છે. કેટલાક ચડી બંડી પહેરે છે. બંડી કલરવાળી પસંદ કરે છે.

ખોરાક પીણાં :

મુખ્ય પાક જુવાર, મકાઈ, ભીંડી અને બંટી હોવાથી મુખ્ય ખોરાક પણ તેમનો આ જ છે. જુવાર, મકાઈના રોટલા અને દાળ બનાવી ખાય છે. થુલી બનાવી પણ ખાય છે, રાબ પણ ખાય છે. આ ઉપરાંત માછલી, મરઘી, બકરું, તેતર, સસલું, જંગલી બિલાડાનું માંસ પણ ખાય છે. ભીલ લોક પાડો અને મરેલાં ઢોરનું માંસ પણ ખાય છે. પીણામાં દારૂ, તાડી, ચા વગેરે પી લે છે પણ નિયમિત પીતા નથી જયારે મળે ત્યારે પીવે છે.

આર્થિક જીવન :

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામની કુલ વસ્તી ૧૬૮૪ની છે. ૮૯૭ પુરુષો અને ૭૮૭ સ્ત્રીઓ છે. મુખ્ય વસ્તી રાઠવા ભીલ અને ભીલો કોળી છે. બે કુટુંબ મુસ્લીમના છે. જે જીવન જરૂરી ચીજવસ્તુઓની દુકાન ચલાવે છે. ગામ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, મજૂરી, જંગલ પેદાશો એકત્ર કરવી અને પશુપાલનનો છે. પશુઓમાં મુખ્યત્વે ગાય, બળદ, ભેંસ, બકરો પાળે છે. મરઘાં પણ પાળે છે. કેટલાંક કુટુંબો ભેંસ અને પાડા પણ પાળે છે. આ ઉપરાંત ૨૫થી ૩૦ પુરુષો જી. એમ. ડી. સી. ના કારખાને કાયમી નોકરી કરે છે. કેટલાક છૂટક મજૂરી કરવા જાય છે. આ ઉપરાંત જંગલ કૂપ, નર્સરી રોડકામ જેવી મજૂરી કરે છે. ખેતી મજૂરીમાં અનાજ આપવામાં આવે છે. આમ મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે.

તપાસેલ કુટુંબોનો વ્યવસાય :

| વ્યવસાય | કુટુંબો | ટકા |
|---|---|---|
| ખેતી | ૬ | ૬.૭ |
| ખેતી અને મજૂરી | ૬૮ | ૭૫.૬ |
| ખેતી અને નોકરી | ૧૨ | ૧૩.૩ |
| મજૂરી | ૧ | ૧.૧ |
| ખેતી વત્તા સુથારી | ૧ | ૧.૧ |
| નોકરી | ૨ | ૨.૨ |
| કુલ | ૯૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મુખ્ય વ્યવસાય ખેતી અને મજૂરી છે. ખેતી ખેતીમાં પૂરું થતું ન હોવાથી તેમજ જમીન ખડકાળ હોવાથી ઉત્પાદન ઓછું થાય છે. તેથી તેમને ખેતી સિવાય બીજા ધંધા કરવા પડે છે.

<u>જમીન ધરાવતાં કુટુંબો :</u>

તપાસેલ ૯૦ કુટુંબોમાંથી ૩૩ કુટુંબો પાસે જમીન પોતાની હતી. આ કુટુંબો ૩૬ ટકા થાય છે. જ્યારે ૫૭ કુટુંબો એટલે કે ૬૪ ટકા કુટુંબો એવાં હતાં કે જેમની પાસે રેવન્યુ જમીન હતી. આખા ગામમાં ૬૨ ખાતેદારોના નામ પર જમીન છે. બાકીનાં જે કુટુંબો છે તેમના ભાગ પ્રમાણેની જમીન ખેડે છે. એટલે કે જમીન નામ પર ન હોય પ તો પણ તેની પાસે ખેતીની જમીન હોઇ શકે. એટલે વારસાઇ કરાવ્યા સિવાય બાપના કે મોટાભાઇના નામે જમીન હોય તે જમીનોના ભાગલા કરી અંદર અંદર સમજી ખેતી કરતા હોય છે. મોટા ભાગનાં કુટુંબોમાં આવા પ્રકારનો વ્યવસાય જોવા મળ્યો હતો. આ ઉપરાંત કેટલાક કુટુંબો એવાં પણ જોવા મળ્યાં છે કે જેઓ જંગલની કે ખરાબાની જમીન વરસોથી ખેડતા હોય પણ જમીન નામ પર ન હોય. પંચાયત ખરાબાની જમીન પણ બેથી ત્રણ કુટુંબો ખેડે છે. આ ઉપરાંત જંગલની જમીન વરસોથી ખેડે છે. જેના કોઇ પૂરાવા કે પહોંચ તેમની પાસે નથી. જંગલની કે પંચાયતની જમીનનું પ્રમાણ જોઇએ તો ૨૦૬ એકર ૨૪ ગુંઠા જેટલું થાય છે. એટલે કે અન્ય જમીન ખેડનાર કુટુંબો સરેરાશ ૧॥થી ૨ એકર જેટલી જમીનો વરસોથી ખેડે છે. જે જમીનો તેમના નામ પર નથી ત્યાં જંગલ પણ નથી. જે ખરાબામાં ગણવામાં આવે છે.

<u>પશુઓની સંખ્યા :</u>

તપાસેલ ૯૦ કુટુંબો પાસે પશુઓની સંખ્યા જોઇએ તો પશુપાલનનો ધંધો સારા પ્રમાણમાં ચાલે છે. તેમ કહી શકાય.

| પશુનું નામ | સંખ્યા |
|---|---|
| ગાય | ૧૮૪ |
| ભેંસ | ૨૭ |
| બળદ | ૨૭૬ |
| વાછરડા | ૭૮ |
| વાછરડી | ૪૬ |
| બકરાં | ૫૫૪ |
| મરઘાં | ૩૮૫ |
| પાડા | ૧૪ |

પશુધન એ આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય છે. જયારે લગ્ન જેવા પ્રસંગે દાપુ આપવામાં બળદ કે ગાય વેચી તેના પૈસા મેળવી દાપુ પૂરું કરવામાં આવે છે. મુશ્કેલીના સમયે પણ પશુ વેચી જીવનનિર્વાહ કરે છે.

ઝાડની સંખ્યા :

| | |
|---|---|
| મહુડા | ૧૪૩ |
| આંબા | ૧૪૨ |
| તાડ | ૪૩ |
| બોરડી | ૧૦ |
| ચારોળી | ૧૮ |
| અન્ય | ૩ |

આદિવાસી માટે પશુપાલન પછી મહત્વનું કોઈ સાધન હોય તો તે ઝાડ છે. ઝાડ અને આદિવાસીને જુદા પાડી શકાય નહીં. તપાસેલ ૯૦ કુટુંબો પાસે ઉપર કોઠામાં બતાવ્યા મુજબના ઝાડ હતાં. ઝાડ આદિવાસીને ખોરાક અને પૂરક રોજી પૂરી પાડે છે. જંગલના ઝાડમાંથી ગુંદર, ગુગર કરાઈનો ગુંદર, બહુડુ છાલ, ટીમરુના પાન વગેરે કેટલાંક કુટુંબો એકઠી કરતાં માલુમ પડયાં હતાં.

આવક :

તપાસેલ ૯૦ કુટુંબોની આવક જોતાં જુદા જુદા હેડ નીચે ૨,૮૯,૨૦૨ જોવા મળી હતી. તેમાં ૪૭.૪ ટકા ખેતી અને પશુપાલનની હતી. ૨૫.૩ ટકા નોકરી ધંધાની, ૧.૧ ટકા ખેતમજૂરી, ૭.૭ ટકા જંગલ મજૂરી, ૧.૧ ટકા બાંધકામ, ૧૦.૧ ટકા છૂટક મજૂરી, ૪.૭ ટકા જંગલ ગૌણ પેદાશ, ૧.૭ ટકા અન્ય ૦.૯ ટકા આવક જોવા મળી હતી. આ ઉપરથી ખ્યાલ આવે છે કે મુખ્ય આવક ખેતી અને પશુપાલનની છે.

તપાસેલ ૯૦ કુટુંબોમાં ૪૪ રાઠવા કુટુંબો અને ૪૬ ભીલ કુટુંબોમાં રાઠવા કુટુંબો ભીલ કુટુંબો કરતાં દરેક રીતે આગળ જોવા મળ્યાં હતાં.

ખર્ચ :

ઘરસ્વરૂપરાશી ખર્ચ જોઈએ તો તપાસેલ ૯૦ કુટુંબોનું કુલ ખર્ચ ૨,૫૩,૮૪૭ થાય છે. તેમાં ૫૮.૪% ખાધાખોરાકી, શાકભાજી પાછળ ૧.૧%, ઈંડાં પાછળ ૬.૩%, દૂધ પાછળ ૧.૩% ખાંડ ગોળ ૧.૩% જે કુટુંબો નોકરી કરે છે અથવા આર્થિક સ્થિતિ સારી છે તેઓ ચા બનાવે છે. ઘી તેલ પાછળ ૨%, ચા કોફી ૦.૨%, ગરમ મસાલા ૧.૭% દારૂ પાછળ ૩.૯% થાય છે. તમાકુ બીડી પાછળ ૨.૫%, બળતણ માટે જંગલનાં લાકડાંનો ઉપયોગ કરે છે.

[illegible]

[illegible] (ઉ)

[illegible] ખર્ચના [illegible] ખર્ચ [illegible] કરવામાં [illegible]

ઝાડમાંથી જે આવક થાય છે તે ઘર વપરાશ માટે ઉપયોગ કર્યો છે. તેમ છતાં [illegible] ખરીદી કરે છે તે ૬૨.૪% છે જેટલું કે ઘર પૂરતું પણ ઉત્પાદન તેઓ મેળવી શકતા નથી તેથી અન્ય મજૂરી કરી રોકડથી લાવી પોતાનું જીવન ધોરણ ચલાવે છે.

દેવું
-----

તપાસેલ ૯૦ કુટુંબોનું કુલ દેવું ૧૪૧૨૨ રૂપિયા છે. જેમાં ૫૦.૪% શાહુકાર વેપારી, ૪.૯% સરકાર, ૭.૧% સહકારી મંડળી, ૪.૩% બેન્ક અને [illegible]% સગાસંબંધી પાસેથી દેવું છે. વધારેમાં વધારે બિમારી, પાણી, નિર્વાહ ખર્ચ માટે દેવું કર્યું છે.

તપાસેલ ૯૦ કુટુંબોની સ્થાવર જંગમ મિલકત જેની કિંમત રૂપિયામાં

| | | |
|---|---|---|
| ૧. | જમીનની કિંમત | ૨૧૧૭૦૦ |
| ૨. | ઘરની કિંમત | ૨૦૫૦૦૦ |
| ૩. | ઝાડની કિંમત | ૧૦૦૬૧૫ |
| ૪. | પશુઓની કિંમત | ૪૧૮૩૫૫ |
| ૫. | ખેતીનાં સાધનોની કિંમત | ૧૦૯૯૩ |
| ૬. | ઘરવખરીનાં સાધનો | ૫૯૪૩૫ |
| ૭. | દાગીના | ૨૯૭૩૯ |
| | કુલ | ૧૦૩૫૮૩૭ |

ઉપરોક્ત મિલકત દર્શાવતા કોઠો જોતાં પણ ખ્યાલ આવે છે કે પશુઓ, ઘર, જમીન એ આદિવાસીની મુખ્ય મિલકત છે. જે કુલ મિલકતના ૨૦.૪% જમીન, ૧૯.૮% ઘર, ૯.૭% ઝાડ, ૪૦.૪% પશુઓ, ૧.૧% ખેતીનાં સાધનો, ૫.૭% ઘરવખરીનાં સાધનો, જ્યારે દાગીના ૨.૯% જોવામાં આવ્યા હતા. કુટુંબદીઠ કુલ મિલકત ૧૧૫૦૯ રૂપિયા અને વ્યક્તિદીઠ ૧૪૦૯ રૂપિયા મિલકત જોવા મળી હતી, જે ઘણી જ ઓછી કહી શકાય.

સામાજિક ધાર્મિક :
-------------

અન્ય આદિવાસીઓની માફક રાઠવા અને ભીલોમાં પણ રીતરિવાજો, દેવદેવીઓની પૂજા વગેરે જોવા મળી હતી. ભગત ભૂવા એ એમના આગેવાનો કરે તેમજ ગામના વ્યવહારો આજે પણ ચાલે છે. ભૂત ડાકણની માન્યતા ધરાવતા માલુમ પડયા હતા.

શિક્ષણ :

નપાસેલ ૯૦ કુટુંબોનું શિક્ષણ સ્તર ઘણું જ નીચું છે. કુલ ૩૬૮ પુરુષોમાંથી ૩૬૫ પુરુષો અભણ હતા, જ્યારે ૩૫૯ સ્ત્રીઓમાંથી બધી જ સ્ત્રીઓ અભણ હતી. આમ પુરુષ સભ્ય સંખ્યાના ૯૯.૧% અભણ અને સ્ત્રીઓમાં 100% અભણ જોવા મળી હતી. ભણેલા પુરુષોમાં એક લખી વાંચી શકે તે છે. ૧થી ૪ ધોરણમાં ૧, ૫થી ૭ ધોરણમાં ૧ ભણેલો પુરુષ હતો. શિક્ષણ નહીં મળવવાનાં કારણો જોઇએ તો જંગલ વિસ્તાર, ફળિયાં એક બીજાથી દૂર, રસ્તા જંગલ પહાડીવાળા, બાળકો ખેતી, પશુપાલન, જંગલ પેદાશ એકત્ર કરવામાં મદદ કરતા હોવાથી શિક્ષણને બદલે કામમાં રોકી લે છે.

ડૂબાણમા જતા કુટુંબોના ખ્યાલો :

ડૂબાણમાં જતાં કુટુંબોના ખ્યાલો કેવા છે તેમની હાલની સ્થિતિ કેવી છે તે જાણવા ગામના ડૂબાણમાં જતાં ફળિયાઓનો અભ્યાસ કર્યો છે. ગામ કુલ ૧૨ ફળિયાંમાં વહેંચાયેલ છે. તેમાંથી ૬ ફળિયાં ડૂબમાં જાય છે, કેટલાક ફળિયાની જમીનો ડૂબાણમાં જાય છે. આ છ ફળિયાં એ ગામના મુખ્ય ફળિયાં છે. ત્યાં ખેતી સારા પ્રમાણમાં થાય છે, કેટલાક કુટુંબોમાંથી જી.એમ.ડી.સી.માં નોકરી કરવા પણ જાય છે. ગામના રેવન્યુમાં કુલ ૬૪ ખાતેદારોમાંથી ૪૨ ખાતેદારો ડૂબાણમાં જાય છે. તેમના ખ્યાલો જોઇએ તો

૧. સૌ પ્રથમ નસવાડી, કોલડીયાવાળા જમીન બતાવી તે ગામવાળાએ પાસ કરેલી પણ તે જમીન મહારાષ્ટ્રવાળાને આપવાની છે તેમ જણાવે છે.

૨. ઘરનું વળતર ૭૫૦ રૂપિયા આપવાનું છે.

૩. તમે સહી આપી દો તમને જમીન બતાવીએ છીએ તેવું યોજનાવાળા કહે છે.

૪. અમને ઘરની કિંમત આપે, અમને વસાવે ત્યાં ઘરનો સામાન લઇ જઇ આપે, અહીં ખેડાણ કરીએ છીએ તેટલી જમીન આપે તો જવા તૈયાર છીએ.

૫. નસવાડી, કોલડીયાવાળી જમીન પસંદ હતી કારણ કે સગાસંબંધી નજીકમાં રહે છે. ગામથી ૩૦થી ૪૦ કિ.મી. દૂર છે.

૬. લગામી ગામે જમીન આપતા હતા પણ તે જોવા કે લેવા તૈયાર ન હતા. કારણ કે મધ્યપ્રદેશની સરહદ પર હતી, ત્યાં ચોરીનો ખૂબ જ ભય રહેતો હતો.

૭. ગામના સરપંચ શ્રી મોહનદાસ મહારાજને શું કરવું તેમ પૂછે છે.

૮. નાનપણથી જંગલ સાથે રહેલ હોવાથી જંગલ છોડવું ગમતું નથી, જંગલવાળી જમીન જોઇએ છે.

૯. જંગલમાંથી ભાજીપાલો લાવી ખાઈ શકાય, ઢોર રાખી શકાય

૧૦. મેદાનમાં (શહેરમાં-પાદરમાં) વચાણ લેવું પડે તે માટે પૈસા જોઈએ

૧૧. માલિકીના ઝાડનું ઉત્પાદન વર્ષે ૩૦૦થી ૪૦૦ રૂપિયા આવે છે, મહુડાને તૈયાર થતાં ક્યી ૭ વર્ષ લાગે તાડને તૈયાર થતાં ૨૫ વર્ષ લાગે ત્યાં સુધી શું કરી શકે ?

૧૨. આ ડૂબાણ અંગે કંઈ ખબર પડતી નથી, શું કરવું તેનો ખ્યાલ આવતો નથી.

૧૩. જંગલમાંથી વાંસ મળે, લાકડાં મળે, બીજે ઘર બાંધવા લાકડાં મળશે નહીં, અનાજ આપણને કોણ આપે, જે જશે તે મરી જશે.

૧૪. એ બાજુના માણસો આપણી લંગોટી લઈ જશે તેવું માને છે.

૧૫. અમારો ગોળ નહીં મળે, છોકરી ક્યાં આપીશું ?

૧૬. યુવાન છોકરા છોકરીઓમાં ગભરાટનું વાતાવરણ જોવા મળે છે, વળી તેઓ વારંવાર પૂ પ્રશ્ન પૂછ્યા કરે છે કે શું ડૂબાણમાં જશે જ ?

આમ ઘણાં બધાં પ્રત્યાઘાતો જાણવા મળે છે, કેટલીક લોકવાયકા પણ સાંભળવા મળે છે કે બંધ તૈયાર થવાનો નથી વગેરે.

તારણો :

હાફ ગામનાં ડૂબાણમાં જતાં કુટુંબોનો અભ્યાસ કરી આ તારણો આપવામાં આવ્યાં છે.

1. સંયુક્ત કુટુંબપ્રથા હોવાથી એક જ કુટુંબમાં ક્યી ૨૨ સભ્યસંખ્યા જોવા મળે છે, જ્યારે તેમને એક જ ઘરનું વસ્ત વળતર મળશે. બીજાં ઘર માટે શું કરવું.

૨. તેમનું જીવન પ્રકૃતિ સાથે વણાયેલું છે તેમનો ગાઢ સંબંધ જંગલ, પાણી, પહાડો સાથે છે.

3. મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલનનો હોવા છતાં જે જમીનો છે તે નામ પર નથી.

૪. પશુપાલન માટે ઘાસચારો જંગલના લીધે મળી રહે છે.

૫. નાણાંકીય વ્યવહાર ઓછો ચાલે છે વસ્તુ વિનિમય પ્રથા ચાલે છે જેનું ચલણ બહાર નથી.

૬. બહારની દુનિયા સાથે ઓછો સંપર્ક હોવાથી શંકા કુશંકા કરે છે અમારું શું થશે ?

૭. યોજનાનો ખ્યાલ પૂરેપૂરો નથી, કોને મળવું, શું કરવું વગેરેથી અજાણ છે.

૮. સરકારી અધિકારીઓ પણ સંતોષકારક જવાબ આપી શકતા નથી કે તેઓ સમજી શકયા નથી તેમ લાગે છે કારણ કે શું થશે તે જ વિચાર્યાં કરે છે.

સૂચનો :

૧. સૌ પ્રથમ ગામના ડૂબાણમાં જતાં બધાં જ કુટુંબોને ડૂબાણ અંગેનો સ્પષ્ટ ખ્યાલ આપવો જોઈએ, તેમને સમગ્ર યોજનાનો ખ્યાલ આપી તેમના અભિપ્રાયો સાંભળવા જોઈએ.

૨. કુટુંબદીઠ તેમને કેટલું વળતર મળશે તેનો અંદાજ આપવો જોઇએ.

૩. વર્ષોથી જે જંગલ ખાતાની, ખરાબાની કે પંચાયતની જમીનો ખેડે છે તેનું પણ વળતર આપવું જોઇએ તેના માટે કાયદામાં છૂટછાટ રાખી દસ્તાવેજી પૂરાવા ન હોય તો પણ તેમને વળતર મળવું જોઇએ.

૪. તેમને મનપસંદ જગ્યાએ વસાવી જમીનો આપવી જોઇએ.

૫. જમીનના પ્રમાણમાં જમીન અને જમીન કેવા પ્રકારની છે તે ઉપર જમીનમાં વધઘટ કરી આપવી જોઇએ.

૬. ઘર બાંધી આપવાં જોઇએ, અથવા ઘર બાંધવા જોઇતો સામાન પૂરો પાડવો જોઇએ.

૭. એવી જગ્યાએ વસવાટ હોવો જોઇએ કે તેમને કંઇક પૂરક રોજી મળી શકે, પશુધન સાચવી

૮. પાણી માટે યોગ્ય વ્યવસ્થા હોય તેવી જગ્યાએ ખસેડવા જોઇએ, કુદરતી પાણી મળે તો વધારે સારું.

૯. દરેક પ્રકારના ઝાડનું વળતર આપવું જોઇએ નહીં કે એકલા ફળાઉ ઝાડનું.

૧૦. ખાતેદાર બીન ખાતેદાર ર દરેકને ઘર અને જમીન આપવી જોઇએ.

૧૧. તેમની પાસેથી કોઇ પણ પ્રકારની રકમ કાપ્યા સિવાય તેમને જોઇતી દરેક પ્રકારની મદદ આપી બીજી જગ્યાએ વસાવવા જોઇએ.

૧૨. શાહુકાર વેપારીની જાળમાં ન ફસાય અને મળેલા વળતરનો ઉપયોગ સંપૂર્ણ તેના આર્થિક વ્યવસાયમાં વપરાય છે કે નહીં તે જોવું તથા યોગ્ય માર્ગદર્શન આપી તેને મૂંઝવતા પ્રશ્નોમાં મદદ કરવી.

૧૩. નવી વસાહતે તેમનું જીવન ધોરણ તપાસી તેમને યોગ્ય મદદ કરવી જોઇએ. પ્રાથમિક શાળા, બાલવાડી, આરોગ્ય કેન્દ્ર અને પીવાના પાણીની વ્યવસ્થા તાત્કાલિક કરવી જોઇએ.

...

## મરઘાં પાલન મૂલ્યાંકન- એક અભ્યાસ

અહેવાલ લેખન : ભારતીબહેન દેસાઈ
સારદોહન : ભારતીબહેન દેસાઈ

વિકસતા જતા ભારતમાં હજુ પણ કેટલાંક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે બાકીના પ્રજાની સરખામણીમાં વિકાસની ભાષામાં પાછળ રહી જવા પામ્યાં છે. આ જે પાછળ રહી ગયેલી પ્રજા છે તેનો વિકાસ થઈ શકે તે માટે વિકાસ યોજનાઓ બનાવવામાં આવી છે. આ યોજનાઓ દ્વારા રાજ્યના ખૂબ જ ઊંડા જંગલ વિસ્તારમાં આવેલા આદિવાસીઓને પણ લાભ આપવાની કેટલીક યોજનાઓ છે. જંગલ અને ડુંગરાળ વિસ્તારમાં રહેતા મોટા ભાગના આદિવાસીઓ પાસે જમીન તો હોય છે પણ તે જમીનમાંથી તેમના ભરણપોષણ માટે પૂરતી આવક પ્રાપ્ત થતી નથી. તેથી ખેતી સાથે સંબંધિત ભૂમિ સંરક્ષણ, પશુપાલન, મરઘાં પાલન, ડેરી વિકાસ જેવા કાર્યક્રમો આપવામાં આવ્યા છે. પશુપાલન અને મરઘાં પાલન દ્વારા તેઓ રોજગારી અને પૂરક રોજગારી મેળવી શકે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ ઓલાદની આનુવંશિક સુધારણા દ્વારા વૈજ્ઞાનિક ઢબે સંભાળ, માવજત લોકપ્રિય બનાવી પશુ અને મરઘાંની ઉત્પાદકતા વધારવી. આમાં ઉછેરની તાલીમને પણ એક કાર્યક્રમ આપવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ જરૂરિયાતવાળા આદિવાસીઓને ૧૦૦થી ૧૫૦નું એક એવા એકમો સ્થાપવા માટે રાહત લોન અને સહાય આપવામાં આવે છે. આમાં આદિજાતિને ૭૫% સબસીડી અને [illegible]% રાહતદરે લોન અપાય છે. ત્યારે બીજા આદિવાસીઓને ૫૦% સબસીડી અને ૨૫% રાહતદરે લોન અપાય છે આજ સુધી આ કાર્યક્રમ હેઠળ ઘણા આદિવાસીઓને સહાય આપી છે.

મૂલ્યાંકનનો મુખ્ય હેતુ મરઘાં પાલન કાર્યક્રમની વિગતો અને તેના અમલની પ્રક્રિયા જાણી આ કાર્યક્રમનો લાભ કયા કયા વર્ગના લોકોએ લીધો છે. જરૂરિયાતવાળા લોકો અને તેમાં પણ ખાસ કરીને આદિવાસી લોકોને એનો લાભ મળ્યો છે કે નહીં ? મળ્યો હોય તો પૂરતો અને યોગ્ય મળ્યો છે કે નહીં એની જાણકારી મેળવવી. તદુપરાંત આર્થિક, સામાજિક રીતે નબળા વર્ગના લોકોને મદદરૂપ થવાના આશ્રયથી સરકારે નાણાંકીય સહાય સહિતની જે સગવડો આપી છે તેનું શું વળતર છે તે તપાસવાનો પણ આ મૂલ્યાંકન અભ્યાસનો ખાસ આશય છે. આ કાર્યક્રમની સફળતા, નિષ્ફળતાનાં કારણો તપાસી આ કાર્યક્રમ વધુ અસરકારક બની રહે તે માટેના ઉકેલો, સૂચનો સૂચવવાનો આશય પણ આ મૂલ્યાંકનમાં રહેલો છે.

અભ્યાસનું ક્ષેત્ર :

વિષયનો ઊંડો તલસ્પર્શી અભ્યાસ થઇ શકે એ હેતુથી મરઘાંપાલન કાર્યક્રમ જ્યાં સફળ થયો છે અને જ્યાં નિષ્ફળ ગયો છે, અને જ્યાં સફળતા નિષ્ફળતા બંને મળી છે એવા એક એક વિસ્તાર (કુલ ત્રણ વિસ્તારો) મૂલ્યાંકન અભ્યાસના ક્ષેત્ર તરીકે પસંદ કર્યા છે.

૧. સુરત જિલ્લાના વાલોડ તાલુકાના બુહારી વિભાગ પોલ્ટ્રી ફાર્મ્સ કો.ઓ.સો.લી. કે જ્યાં સામુહિક ધોરણે મરઘાં અપાય છે.

૨. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોટા વાઘછીપા વિભાગ પોલ્ટ્રી ફાર્મ્સ કો.ઓ.સો.લિ. જ્યાં મરઘાં પાલનનો કાર્યક્રમ સામુહિક ધોરણે અને વ્યક્તિગત ધોરણે એમ બંને રીતે અપનાવવામાં આવ્યો છે.

૩. પંચમહાલ જિલ્લામાં પંચમહાલ જિલ્લા પોલ્ટ્રી કો.ઓ. સો. દ્વારા જે મરઘાં પાલન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો જ્યાં નિષ્ફળતા મળી છે તે વિસ્તાર.

૪. વલસાડ જિલ્લાના ચીખલી અને ગણદેવી બંને તાલુકા જ્યાં સફળતા અને નિષ્ફળતા લગભગ સરખા છે તેવી ચીખલી તાલુકા પોલ્ટ્રી કો.ઓ.સો.લી. અને ગણદેવી તાલુકા પોલ્ટ્રી કો.ઓ.સો.લી. નો એમ પાંચ કો.ઓ.સો. ને આ અભ્યાસમાં આવરી લીધી અને એમાંથી કુલ ૧૬૫ લાભકર્તાઓની તપાસ કરી. આ સિવાય આ વિસ્તારમાં આવતી બીજી પોલ્ટ્રી કો.ઓ. વિષે પણ માહિતી મેળવી.

આ અભ્યાસ માટે નિદર્શન હેઠળ આવરી લીધેલ ૧૬૫ કુટુંબો માટે તેમની આર્થિક પરિસ્થિતિ, તેમને મળેલી લોન, તેમની પાસેની મરઘાં પાલન સંબંધી માહિતી. મરઘાં પાલન કારણે થયેલ પરિવર્તન. મરઘાં પાલનની વ્યવસ્થા, મરઘાંનો બજાર વ્યવસ્થા અંગેની માહિતી ઉપલબ્ધ થાય એ રીતે પ્રશ્નાવલી દ્વારા તેમની માહિતી એકત્ર કરી. મરઘાં ઉછેર કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસે માહિતી મેળવવા માટે સાક્ષાત્કાર પદ્ધતિનો ઉપયોગ કર્યો. તદુપરાંત જે પોલ્ટ્રી કો.ઓ.સોસાયટીના પ્રમુખ, મંત્રી તેમજ ખાનગી રાહે મરઘાં ઉછેર કરતી વ્યક્તિઓ, પશુપાલનના ડૉક્ટર, બિનસરકારી વ્યક્તિઓ, સરકારી અધિકારીઓ તેમજ સંસ્થાઓની ખાતાવહી, વ્યક્તિગત મરઘાં ઉછેરના રહેઠાણો વગેરે માટે વ્યક્તિલક્ષી અને નિરીક્ષણ દ્વારા અભ્યાસ કરી મૂલ્યાંકન કર્યું.

પસંદ કરેલા કાર્યક્ષેત્રની ભૌગોલિક, સામાજિક, શૈક્ષણિક અને વ્યાવસાયિક માહિતી આ મૂલ્યાંકન અભ્યાસમાં આપવામાં આવી છે.

આ મૂલ્યાંકન અભ્યાસમાં મરઘાં ઉછેર સંબંધી પ્રાથમિક માહિતી જેવી કે મરઘાંની જાત એના ખોરાક, પાણી, રહેઠાણ, ઉત્પાદન વગેરે વિષે માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

મરઘાં વિકાસ યોજના માહિતી અને પોલ્ટ્રી ઉદ્યોગનો ઇતિહાસ રજૂ કરી ગુજરાતમાં મરઘાં વિકાસ કાર્યક્રમ યોજનાઓ કયા કયા સ્થળે ચાલે છે તેની માહિતી આપવામાં આવી છે.

મરઘાં ઉછેરમાં મોટામાં મોટી મુશ્કેલી આવતી હોય તો તે તેના રોગ છે. કારણ કે મરઘાંના કેટલાંક રોગો ચેપી છે. એક મરઘીને આ રોગ લાગુ પડે તેની અસર આખા ફાર્મને થતી હોય છે. પરિણામે બધાં જ મરઘાં મરી જાય છે. અને કાર્યક્રમને નિષ્ફળતા મળે છે. તેથી કયા રોગો છે એના ઉપાયો અને તે માટેની પ્રતિકાર રસી વિષે ટૂંકાણમાં આ અભ્યાસમાં આપવામાં આવ્યું. મરઘાંના મુખ્ય રોગ નીચે મુજબ છે.

હાઉસમોકસ, રાનીખેત, મેરેકસ, બ્લુકોમ, કોકસીડીઓસ, કોરાઇઝા, એપેડેમીક ટ્રુમર, એસ્પેરોજીલ કોબી ઇન્ફેકશન, લ્યુકોસીસ ઓફ્ સીટીઝ, કેનીબાલીઝમ, પીકાઉસ, ઓવિડકટસનું પ્રોલેપ્સ થવું કૃમિ વગેરે છે. આ રોગો સામેની પ્રતિકાર રસી નિદાન અને સ્વચ્છતા વિષેની માહિતી પણ આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ ૧૬૫ કુટુંબો છે તે બધાં જ આદિવાસી છે. જાતિની દ્રષ્ટિએ જોઇએ તો તેમાં ધોડિયા, હળપતિ, ચૌધરી, ગામીત, ભીલ, કોટવાળિયા અને કોલચાનો સમાવેશ થયેલો છે. આ ૧૬૫ કુટુંબોની સામાજિક, આર્થિક સ્થિતિ કેવી છે તે જાણવા જે અભ્યાસ કર્યો તેનાં તારણો નીચે મુજબ છે.

૧૬૫ કુટુંબોની કુલ સભ્યસંખ્યા ૯૯૫ છે. તેમાં ૫૦૫ પુરુષો અને ૪૯૦ સ્ત્રીઓ છે. ૦થી ૧૪ વર્ષમાં ૩૭.૦% ૧૫ થી ૫૯માં ૫૯.૭૯% અને ૬૦ ઉપર ૪.૧૨% છે. સરેરાશ કુટુંબકદ ૬.૨૫ વ્યક્તિનું છે. કુલ કુટુંબોમાં ૪૮.૨૪% પરિણીત, ૪૭.૩૪% અપરિણીત, ૪.૧૨% વિધુર અને ૦.૩૦% છૂટાછેડાવાળા છે. અપરિણીત પુરુષોનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં વધુ છે. નાની ઉંમરમાં પરણેલો વર્ગ નહીંવત છે. એટલે કે બાળ વિવાહ પ્રચલિત નથી. ૨૫ વર્ષથી ઉપર ખાસ કોઇ અપરિણીત નથી. છૂટાછેડાની ટકાવારી પણ ઓછી છે. ધોડિયા, ચૌધરી અને ભીલની વસ્તી છે ત્યાં શિક્ષણનું સ્તર ઊંચુ છે. કોટવાળિયા, કોલચા અને હળપતિ છે ત્યાં શિક્ષણની ટકાવારી નીચી છે. પુરુષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનો દર નીચો છે. કુલ સભ્યમાં ૪૫.૯૪ પુરુષો અને ૨૯.૩૧% સ્ત્રીઓ શિક્ષિત છે. વાઘછીપા અને પંચમહાલ સિવાયના બીજા સ્થળે તો ૩૦% કરતાં પણ ઓછી શિક્ષણની ટકાવારી છે. ખાસ કરીને આદિમજાતિની સંખ્યા ધરાવતા વિસ્તારમાં શિક્ષણનો દર નીચો છે.

સર્વેક્ષણ હેઠળનાં કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી, ખેતમજૂરી, નોકરી, વેપાર, ગૃહોદ્યોગ છે. પરંતુ મોટા ભાગનાં કુટુંબો ખેતી અને ખેતમજૂરી કરે છે. જેમની પાસે ખેતી છે તેમાં પૂરક આવક માટે પશુપાલન અને ગૃહોદ્યોગ કરે છે. આવકનાંબ બીજાં સાધનોમાં પણ વેપાર, મરઘાં ઉછેર ગૃહોદ્યોગ છે. મરઘાં ઉછેરની આવક બુહારી અને ગણદેવીમાં જ જોવા મળી હતી. મરઘાંની આવક ધ્યાન ખેંચે તેવી નથી. સૌથી વધુ આવક ખેતમજૂરી ૩૯.૭૪% છે. બીજા નંબરે નોકરી જેની આવક ૩૬.૯૪% અને ત્રીજા નંબરે ખેતી આવે છે. જેની આવક ૧૫.૮૨% થાય છે.
છે. નોકરીમાંથી આવક વધુ મળે છે. તેથી તે બાજુનું વલણ વધવા પામ્યું છે.

માથાદીઠ માસિક આવક રૂ.૭૨.૮૯ છે. જેમાં વાઘછીપાની સૌથી વધુ ૯૨.૬૪ છે જ્યારે સૌથી ઓછી પંચમહાલની ૫૬.૬૬ છે.

માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૬૫.૬૪ છે. આમ માથાદીઠ આવક અને ખર્ચમાં રૂ.૯.૦૫નો તફાવત પડે છે. વાઘછીપામાં જે આવક અને ખર્ચનો તફાવત છે તેનો અસર છે. આમ જોવા જઈએ તો કોઈ ગરીબાઈ રેખા નીચે ન આવે પરંતુ કો.ઓ.ની દૃષ્ટિએ જોઈએ તો વાઘછીપા સિવાયની દરેક કો.ઓ.માં આવતા કુટુંબો ગરીબાઈ રેખા નીચે જીવે છે.

૧૬૫ કુટુંબોમાંથી ૮૨ કુટુંબો એટલે કે ૪૯.૭૦%ને દેવું છે. કુટુંબદીઠ સરેરાશ દેવું રૂ.૩૦૭ન છે. દેવાના ખાસ સાધનોમાં પોલ્ટ્રી કો.ઓ.નું દેવું વિશેષ છે જેની ટકાવારી ૩૭.૧૬ છે. બીજા નંબરે બેન્ક છે. જેની ટકાવારી ૨૫.૫૨ છે. ત્રીજા નંબરે સહકારી મંડળી છે જેનું દેવું ૧૬.૬૪% છે. આમ આદિવાસીઓને મળતા લાભોને રાહતદરે લેવામાં જ મોટા ભાગનું દેવું કરવામાં આવ્યું છે.

રોજગારીનું માળખું જોતાં માલુમ પડે છે કે ૨૫.૪૩% સ્વાવલંબી ૨૬.૨૩% કમાનાર આશ્રિત આમ ૫૧.૫૬% કોઈને કોઈ પ્રવૃત્તિમાં રોકાયેલા છે. ૪૭ ૪૮.૪૪% આશ્રિત છે. ૧૫.૫૯ વર્ગમાં આવતા મોટા ભાગનાં સ્ત્રી પુરુષો આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે.

મરઘાં પાલનની માહિતી પૃથકરણ માટે વિશિષ્ટ પ્રકારની પ્રશ્નાવલી તૈયાર કરી મરઘાંપાલન યોજનામાં જે તે સભ્યને રસ છે કે નહીં ? શું શું મુસીબતો છે. એનાથી ફાયદો થાય છે કે નહીં વગેરે પ્રશ્નોમાંથી માહિતીનુ પૃથ્થકરણ અને સંકલન કરવામાં આવ્યુ છે. આમાંથી જે તારણો નીકળ્યાં તે નીચે પુજબ છે.

મોટા ભાગનાને આ પ્રવૃત્તિથી ફાયદો થયો છે. એમણે મરઘાં પાલન માટે મદદની જરૂરિયાત દર્શાવી છે.

આ લોકો ખાસ કરીને લોનની, દાક્તરી સારવાર, દવા, ખોરાક, મરઘાંના ઘર માટે વિલાયતી મરઘાંની જેમ દેશી મરઘાં માટે પણ સહાય માગી લે છે. મરઘાં ખરીદી માટે પણ નાણાંકીય સહાયની માગણી કરતા હોય છે.

પચાસ ટકા લોકોને મરઘાંનો હિસાબ રાખતા નથી, આવડતો, મરઘાં ઉછેર તાલીમ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત નથી.

સંચાલન : પોલ્ટ્રી ઉદ્યોગની સફળતાનો આધાર એના સંચાલન ઉપર છે. સંચાલનના ઘટકોમાં નાના ખેડૂતો (મરઘાં પાલક) સહકારી મંડળીઓ, સહકારી વહીવટી અધિકારીઓ અને બેંક સંકળાયેલ હોય છે. આ લોકોની કાર્યપદ્ધતિ તપાસતાં માલુમ પડ્યું છે કે આ લોકો વચ્ચે જોઈએ તેટલા પ્રમાણમાં સંકલન નથી. રાજ્ય સરકાર દ્વારા આ માટે સંશોધન, તાલીમ અને વિસ્તરણની સેવાઓ ... કરવામાં આવી છે. મરઘાં પાલનની પૂરેપૂરી માહિતી મરઘાં પાલક પાસે નથી તેથી અથવા બીજા કારણસર મરઘાં પાલકો આનો પૂરેપૂરો લાભ લઈ શક્યા નથી. મરઘાં વિકાસ ફેડરેશન આ બધામાં કડીરૂપ બને તેમ છે. છેલ્લા વર્ષમાં તેની કામગીરીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ખાસ કરીને પોલ્ટ્રી ઉદ્યોગનું ઉત્પાદન વેચાણનું કામ તેણે લગભગ બધા જિલ્લાઓમાં ઉપાડવા માંડ્યું. આ ઉપરાંત આહાર દવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરી છે. સહકારી મંડળીઓ વચ્ચે જે હરીફાઈ હતી તે નિવારવાનો પ્રયત્ન પણ આ ફેડરેશન દ્વારા કરવામાં આવ્યો છે.

સમગ્ર અભ્યાસને અંતે પોલ્ટ્રી ઉદ્યોગની સમસ્યાઓ અને તેના વિકાસ અંગેનાં સૂચનો નીચે મુજબ છે :

મરઘાં ઉદ્યોગમાં આવતી સમસ્યાઓમાં મુખ્યત્વે ધીરાણ. મરઘાંના બચ્ચાં રહેઠાણ, ખોરાક, ... દવા બજાર વગેરે સંચાલનને લગતી છે.

પોલ્ટ્રી માટે ધીરાણ, સબસીડી તેમજ લોનના સ્વરૂપમાં મળે છે. મરઘાં પાલકોને ધીરાણ પ્રાપ્ત કરવાની કાર્યવાહી અટપટી લાગે છે. આ કાર્યવાહીને બને તેટલી સરળ બનાવવી જોઈએ. બીજું કે ધીરાણ ફેઝ પ્રમાણે તબક્કાવાર મળે છે. તેને બદલે ત્રણ ફેઝનું ધીરાણ એક સાથે મંજૂર કરી મરઘાં પાલકોની જરૂરિયાત પ્રમાણે તેને યોગ્ય સમયે આપવું જોઈએ. વધતી જતી મોંઘવારીના પ્રમાણમાં ધીરાણની રકમ વધારવી જોઈએ.

મરઘાં પાલકોને સારી જાતના પ્રમાણિત થયેલા બચ્ચાં મળે એવી જોગવાઈ થવી જોઈએ. એ માટેના જરૂરી નિષ્ણાતો સરકારે પૂરા પાડવા જોઈએ. આમ થવાથી ઉત્પાદનમાં વધારો થઈ શકે

મરઘાં માટેના રહેઠાણો બનાવવાની યોજના અલગ રીતે હાથ ધરવી જોઈએ. રજિસ્ટ્રર કન્સ્ટ્રકશન કંપની દ્વારા અથવા સરકાર દ્વારા એ માટેનું અલગ એકમ ઊભું કરી મરઘાં પાલકોને એક સરખાં વૈજ્ઞાનિક ઢબે રહેઠાણો પૂરાં પાડવાની જવાબદારી લેવાય તો ઓછા ખર્ચે સારાં મકાનો બની શકે.

મરઘાં પાલનમાં ખોરાકનું ખર્ચ વિશેષ રહેવાથી મરઘાં પાલક એમાં કરકસર કરવા પ્રેરાય છે. પરિણામે પૂરતું ઉત્પાદન પામી શકતા નથી. ફેડરેશન દ્વારા સસ્તા ભાવે ખોરાક પૂરો પાડવાની યોજના હાથ ધરવી જોઈએ. એ જ રીતે દવા અને રસી માટે પણ નિષ્ણાત ડૉકટરોની સેવા ઉપલબ્ધ થાય તેવી સગવડ ફેડરેશન દ્વારા થવી જોઈએ. દવા વગેરેની જે ટ્રીટમેન્ટ આપવામાં આવે તેની વ્યવસ્થિત નોંધ થવી જોઈએ.

મરઘાં પાલકને બજાર ભાવ પૂરતા મળી રહેતા નથી. માટે પણ ઉત્પાદન મોંઘું પડે છે. તેને માટે કોલ્ડ સ્ટોરેજ રાખવો જોઈએ. જેથી માંગ વખતે વેચાણ થઈ શકે. વળી ઈંડાંના પાવડરનો પ્લાન્ટ નાખવામાં આવે તો પણ બગાડ થતા ઈંડાનો ઉપયોગ થઈ શકે. ઈંડાના બજારમાં કમીશનો વધુ લેવાય છે તો એ માટે ફેડરેશન મારફત વેચાણ થવું જોઈએ. ઈંડાનો વધુ ઉપયોગ થઈ શકે તે માટે બાલવાડી, આશ્રમશાળા, મીલીટરી, પોલીસ વગેરે જગ્યાએ નાસ્તામાં ઈંડાનો ઉપયોગ કરવો. ગલ્ફ દેશોમાં નિકાસ કરવી જોઈએ. આ ઉપરાંત ઈંડાને સારું બજાર મળે તે માટે તેના ઉપયોગનો પૂરતો પ્રચાર થવો જોઈએ.

સંચાલન એ મરઘાં ઉછેર માટે મહત્વનું છે. તેમાં પણ ખામી હોય તો મરઘાં ઉછેર નિષ્ફળ જાય છે. માટે પ્રથમ તો મરઘાં પાલક તેમજ કર્મચારીઓની તાલીમ અને માર્ગદર્શન પૂરાં પાડવાં
અને એ માટે સાહિત્ય અને ફિલ્મનો ઉપયોગ કરાવવો જોઈએ.
જોઈએ. મરઘાં પાલનમાં સરકારી ગ્રાન્ટ અપાઈ હોય ત્યાં આદિથી અંત સુધી ચેકીંગ થવું જોઈએ. એટલું જ નહીં પોલ્ટ્રીના વહીવટમાં મરઘાંના જાણકાર માણસો લેવાવા જોઈએ. જેથી મરઘાં ઉછેરની કો.ઓ. હોય તેનો જિલ્લા કક્ષાએ પોલ્ટ્રી સંઘ ઊભો થવો જોઈએ.

ડેરીની પેટર્ન ઉપર જ આ ધંધો વિકસાવવો જોઈએ. ખાસ કરીને આબોહવા, પાણી, લોકોની રૂચિ વગેરેને ધ્યાનમાં રાખીને વિકાસ થાય તો તે જ યોગ્ય લેખાય. હાલમાં મરઘાં પાલકને ૧૦૦થી ૧૫૦ બચ્ચાં આપવામાં આવે છે પરંતુ છૂટક મજૂર અને ખેતમજૂર માટે પૂરતી આવક આપનાર નથી માટે જરૂરિયાત વખતે ૫૦૦ બચ્ચાંનું યુનિટ અપાય તો તેમાં ખોટું નથી. વળી મરઘાં પાલકની જે આવક થાય છે તે આવક શરૂઆતમાં કેટલીક જગ્યાએ બધી જ લોન પેટે સરભર થઈ જાય છે

તેને બદલે મેમાથી થોડી ખર્ચી તેમજ વાર્ષિક બોનસ આપવામાં આવે તો તેને આ ધંધામાં વધુ રસ

અનુભવથી

તે તેવું લાગ્યું છે કે આ ધંધામાં સ્ત્રીઓ વધુ કાળજીથી કામ કરી શકે તો આ ધંધો પૂરક વ્યવસ્યા

વ્યવસાય તરીકે સ્ત્રીઓને તાલીમ આપવામાં આવે તો પણ ઉપયોગી નિવડશે.

• • •

## વિજયનગર તાલુકામાં આરોગ્ય સુવિધા અને ખાસ પુરકઆહાર કેન્દ્રનો અભ્યાસ.

અહેવાલ લેખન : મુસ્તાઅલી મસવી
કોકિલાબહેન શાહ

સારદોહન : કોકિલાબહેન શાહ

આપણા દેશમાં થયેલા આરોગ્યના અનેક અભ્યાસોના તારણ મુજબ દેશની મોટા ભાગની વસ્તીમાં અપૂરતો અને અસમતોલ ખોરાકની સમસ્યા જોવા મળે છે. અપૂરતા અને અસમતોલ ખોરાકની સમસ્યા મોટા ભાગે આદિવાસીઓ અને શહેરોમાં ઝૂંપડપટ્ટીઓમાં વધારે જોવા મળે છે અને તેથી તેઓ ઘણા ચેપી રોગના ભોગ બને છે. પછાત વિસ્તારના લોકોમાં ખરાબ આરોગ્ય માટે મહત્વનાં કારણોમાં ગરીબી, ખોરાક, રહેઠાણ, કપડાં, શુધ્ધ પાણી, શિક્ષણ અને રોજગારોની તકોનો અભાવ છે. આજ બધાં કારણોને લીધે તેમના આરોગ્યની સ્થિતિ દિનપ્રતિદિન બગડતી જાય છે.

પાંચમી પંચવર્ષીય યોજનામાં આ અંગે ખાસ વિચારણા કરવામાં આવી અને અન્ય વિસ્તારોની જેમ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં. આદિવાસી વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ પ્રાથમિક કેન્દ્રોમાં કેવા પ્રકારની તબીબી સગવડો ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ થાય છે કે નહીં તેમજ આધુનિક દવાઓ અને રોગ પ્રતિકારક રસીઓનો ઉપયોગ થાય છે કે નહીં તેનું મુલ્યાંકન કરવાનું અમને જરૂરી લાગવાથી આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

ઉત્તર ગુજરાતમાં ઉત્તર પૂર્વે સાબરકાંઠા જીલ્લો આવેલો છે. આ વિસ્તારમાં આદિવાસીઓ પથરાયેલા છે. સાબરકાંઠા જિલ્લામાં આઠ તાલુકા અને બે પેટા મહાલો છે. તે પૈકી એક મહાલ વિજયનગર છે. જેમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ આદિવાસી વસ્તી ૪૨૩૭૫ છે. જે તાલુકાની કુલ વસ્તીના ૭૨% થાય છે. આદિવાસીઓમાં મુખ્યત્વે વસ્તી ભીલ, નાયકા અને કાથોડીની છે. તેમનો મુખ્ય ધંધો ખેતી છે. અગાઉ તેઓ ફરતી ખેતી કરતા હતા. હવે તેઓ સ્થિર ખેતી કરતા થયા છે. કેટલેક ઠેકાણે આધુનિક ઢબની ખેતી પણ જોવા મળે છે. આ ઉપરાંત વન્ય પેદાશ ભેગી કરવી, જંગલ મજૂરી, રસ્તાકામ અને અન્ય પ્રકારની મજૂરી પણ કરે છે. કેટલાક લોકો પશુપાલનનો ધંધો કરે છે. તેમનો મુખ્ય ખોરાક મકાઈ અને અડદ છે. ઘર આગળ શાકભાજી ઊગાડે છે અને તેનો ઉપયોગ કરે છે. માંસાહાર પણ કરે છે અને દારૂ પણ પીએ છે. તેમનામાં ચહા પીવાનું પ્રમાણ ઝડપથી વધી રહયું છે.

આ વિસ્તારમાં વિજયનગર મહાલમાં પ્રાથમિક સારવાર કેન્દ્રની હોસ્પીટલ આવેલી છે. તેનાં બે પેટા કેન્દ્રો : આંતરસુબા અને ચીઠોડામાં છે. રાજપુર, દઢવાવ અને કોઠિયાવાડમાં કુટુંબનિયોજન પેટા કેન્દ્રો છે. આ ઉપરાંત મહાલમાં મેલેરિયા નિવારણ, રકતપિત સારવાર, શીતળા ટાંકવા માટે તથા પાણીને શુધ્ધ બનાવવા માટે જરૂરી સ્ટાફ છે. આખા મહાલમાં સાત ખાનગી ડૉકટરોનાં દવાખાનાં છે અને બે મિશનરી દવાખાનાં છે.

અમારા અભ્યાસમાં મુખ્ય બે દ્રષ્ટિકોણ હતા : એક બાજુ સંસ્થાકીય વ્યવસ્થાનો અભ્યાસ કરવાનો હતો તો બીજી બાજુ લોકોની આરોગ્ય દ્રષ્ટિનો અભ્યાસ કરવાનો હતો. આરોગ્ય સંસ્થાઓ પાસેથી માહિતી એકત્ર કરવા માટે એક પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. બીજું કુટુંબપત્રક તૈયાર કર્યું હતું. જેના દ્વારા કુટુંબના કેટલા સભ્યો, કયા રોગથી પિડાય છે અને તે માટે કઇ આરોગ્ય સુવિધાઓનો ઉપયોગ કરે છે તે માહિતી એકત્ર કરવામાં આવી હતી. સાથો સાથ તાલુકામાં આવેલ યુકતાહાર કેન્દ્રોની તપાસ પણ કરવામાં આવી હતી.

અમારી તપાસમાં કુલ ૧૦ ગામોમાંથી ૧૭૪ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીની બિમારીવાર કેસો નોંધવાની વ્યવસ્થા નથી તે છતાં અમને રજિસ્ટર ઉપરથી જાણવા મળ્યું હતું કે કાયોરિયા, આંખ, કાન અને નાકના રોગો, ડીસેન્ટરી, ટાઇફોડ અને કૂતરાં કરડવાના નોંધપાત્ર કેસો આવ્યા હતા. આ વિસ્તારમાં પુરુષોમાં ક્ષય, સ્કેબીજ અને જાતિય રોગો વધુ જોવા મળે છે. સ્ત્રીઓમાં એનીમીયા, લ્યુકોરિયા અને જાતિય રોગો જોવામાં આવે છે. જ્યારે બાળકોમાં ડીપ્થેરિયા, કૃમિ, એનિમિયા અને મેલેરિયા વગેરેનું વધુ પ્રમાણ જોવા મળ્યું હતું. કેન્દ્ર તરફથી કુટુંબનિયોજન અંગે શિક્ષિત કરવા માટે વર્ષમાં એકવાર લઘુ શિબિર અને એકવાર ગુરુશિબિર યોજવામાં આવે છે.

આ વિસ્તારમાં બળિયા નાબૂદ થયેલ છે. જ્યાં અછતના કામો શરૂ કરવામાં આવ્યાં હતાં ત્યાં મજૂરોને કોલેરાની રસી મૂકવામાં આવી હતી. આ ઉપરાંત કેન્દ્ર તરફથી ડી.પી.ટી., ટી.ડી., બી.સી.જી, પોલિયો વગેરેની રસી મૂકવામાં આવતી હોય છે.

તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૦ વર્ષથી કામ કરે છે પણ તેનો લાભ આદિવાસીઓ સારી રીતે મેળવી શકયા નથી. આરોગ્ય કેન્દ્રનું માળખું સંતોષકારક ગોઠવાયું છે પરંતુ તે પૂરતી દવા અને સાધનોથી સજ્જ નથી. આને કારણે કર્મચારીઓમાં નિરાશા વ્યાપે છે અને આદિવાસીઓ વિશ્વાસ ગુમાવે છે. તેઓ વધુને વધુ ખાનગી ડૉકટરો પાસે જાય છે. પેટા કેન્દ્રમાં નર્સ કે દાયણો સેવા બજાવે છે. તેમને એ.પી.સી., વિટામીનની ગોળીઓ અને સલ્ફા સિવાય અન્ય દવા આપવામાં આવતી નથી. તેમજ ઘણીવાર નર્સ યોગ્ય તાલીમ પામેલી ન હોવાથી રોગનું નિદાન અને સારવાર

યોગ્ય રીતે થતું નથી. આ વિસ્તારમાં ક્ષય રોગનું પ્રમાણ વધી રહ્યું છે તેવું આભાસ ક્ષેત્રકાર્ય વખતે ધ્યાનમાં આવ્યું છે. અંતરિયાળના વિસ્તારમાં આરોગ્ય સેવાઓની સુવિધાઓ ખૂબ ઓછી પહોંચી શકી છે.

આ ઉપરાંત ખોટી માન્યતાઓ, વહેમો, અજ્ઞાન, ગેરસમજ, ભગતભૂવા વગેરે અનેક બાબતો આરોગ્યના વિકાસમાં બાધારૂપ છે. આ બધું મિટાવવા માટે લોકશિક્ષણ જરૂરી છે. આ દેશમાં સરકારી તેમજ બિનસરકારી કાર્યકર્તાઓ સાથે મળીને કામ કરવું જોઈએ. કારણ કે માંદગી વખતે પ્રથમ આશરો ભગત ભૂવાનો લે છે અને તેનાથી ન મટે ત્યારે જ દવાદારૂનો ઉપયોગ કરે છે. ઘણીવાર તો કેસ ઘણો ગંભીર થઈ જાય છે અને ડૉકટર પણ બચાવી શકતા નથી.

હવે તેઓ આધુનિક દવાના ઉપયોગનું મહત્વ સમજ્યા છે તેથી તેઓ હાલમાં સારવાર માટે આવે છે. પરંતુ પૂરેપૂરી સારવાર કરતાનથી. દા.ત. ક્ષયના રોગ માટે દવાના ઈંજેકશનનો આખો કોર્સ પૂરેપૂરો કરવાનો હોય પણ પૂરેપૂરી સારવાર લેતા નથી.

આ તાલુકો રાજસ્થાનની સરહદે આવેલ છે. તેમના સામાજિક સંબંધો રાજસ્થાનના ગામોમાં વિશેષ જોવા મળે છે. રાજસ્થાનમાં આરોગ્યની સુવિધાઓ ઓછી છે તેથી ઘણા ચેપી રોગો ત્યાંથી ફેલાય છે. પીવાના પાણીની પૂરતી સગવડ ન હોવાથી વાળા જેવા રોગો પણ ફેલાય છે. બાળકોને ત્રિગુણી પોલીયો તેમજ બી.સી.જી. રસી નિયમિત મૂકાવતા નથી. જેથી બાળકોમાં બાળલકવાનું પ્રમાણ વધ્યું છે. આદિવાસી વિસ્તારમાં બાળકોમાં મૃત્યુનું વધુ પ્રમાણ અમુક રોગોથી મુકત આપતી રસી નથી અપાતી તે છે. વિશેષ આદિવાસીઓ કુટુંબનિયોજન કાર્યક્રમ જલદીથી અપનાવતા નથી આથી માતાનું સ્વાસ્થ્ય કથળે છે. બાળ ઉછેર પણ બરાબર થતો નથી.

આદિવાસીઓનું વર્ષોથી શોષણ થતું આવ્યું છે. તેમની ગરીબી, તેમનું અજ્ઞાન અને બીજાં કેટલાંક કારણોને લીધે તેમનું જીવનધોરણ નીચું છે. જ્યાં સુધી તેમની આર્થિક પરિસ્થિતિ સુધરશે નહીં

૨. વિજયનગરમાં આવેલ કેટલાંક પુકતાહાર કેન્દ્રો અને તેમની યોજના

વિકસિત દેશોના પ્રમાણમાં અલ્પવિકસિત દેશોમાં બાળ મરણનું પ્રમાણ ઘણું વધારે છે. અધ્યયન કરતાં એમ જણાયું છે કે તેનું મુખ્ય કારણ અપૂરતા અને અસમતોલ ખોરાક અને આરોગ્ય અંગેનું અજ્ઞાન છે. આ પ્રશ્નના ઉકેલ માટે એક યોજના ઘડી કાઢવામાં આવી છે જેને સંકલિત બાલ વિકાસ યોજનાના નામે ઓળખવામાં આવે છે. આ યોજનામાં ૦-૬ વર્ષનાં બાળકો, સગર્ભા બહેનો તથા ધાત્રી માતાઓનો સમાવેશ કરવામાં આવે છે. તે હેઠળ શારીરિક તપાસ, રોગ પ્રતિકારક રસીઓ, પૂરક પોષણ, પૂર્વ શાળેય શિક્ષણ, બહેનો માટે ઉપરના સેવાઓ ઉપરાંત

પ્રસૂતિ પહેલાં અને પ્રસૂતિ પછીની સારવાર અને કુટુંબ કલ્યાણ શિક્ષણ વગેરે આપવામાં આવે છે. જે ઘટકમાં આ યોજના અમલમાં આવી છે ત્યાં આંગણવાડીઓ દ્વારા આ બધી પ્રવૃત્તિઓ આપવામાં આવે છે.

યુનિસેફે ભારતમાં બાળ વિકાસ કાર્યક્રમમાં ખૂબ રસ દાખવ્યો છે. આ માટે ભારતમાં ટેકનિકલ સલાહ, તાલીમ, પૂરવઠો, સાધનો, સંશોધન અને મૂલ્યાંકન માટેની તૈયારી દાખવી છે. વિશ્વ અન્ન સંસ્થા અને 'કેર' સંસ્થાએ પણ આ યોજનામાં સક્રિય રસ દાખવ્યો છે. 'કેર' દ્વારા આ યોજનામાં પોષણ કાર્યક્રમ માટે, પુરકઆહાર માટે સોયાબીન તેલ, ગોળ વગેરે સામગ્રીઓ પૂરી પાડી છે.

ગુજરાતમાં કુલ ૦-૬ વયજૂથના ૧,૮૪,૦૦૦ લાભાર્થીઓ નોંધાયા છે. વિજયનગર તાલુકામાં કુલ ૬૦ પુરકઆહાર કેન્દ્રો ચાલે છે અને કુલ ૬૧૫૨ લાભાર્થીઓ નોંધાયા છે.

અમારા અભ્યાસ માટે અમે ૬૦ કેન્દ્રોમાંથી ૧૦ કેન્દ્રોની પસંદગી કરી હતી. ગામોની પસંદગી અમે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા કેન્દ્રથી કેટલું દૂર છે તે અંતરને આધારે કરી હતી. પૂર્વશાળેય બાળકોમાં આરોગ્ય અને તેમને કેન્દ્ર તરફથી મળતા પોષક આહાર અંગેની પ્રાથમિક માહિતી મેળવી શકાય તે માટે અમે એક પ્રશ્નાવલી બનાવી હતી અને આ માટે ગામદીઠ ૧૫ કુટુંબોનો સંપર્ક કરી માહિતી એકત્ર કરી હતી. કેટલાંક કેન્દ્રોની રૂબરૂ જઈ મુલાકાત લીધી હતી. આમ ૧૫૦ કુટુંબોમાંથી કુલ ૨૭૩ બાળકોને પસંદ કરેલ ૧૦ ગામોમાંથી અભ્યાસ કર્યો હતો.

કુટુંબો માટે માહિતી એકઠી કરતાં જણાયું હતું કે મોટા ભાગનાં કુટુંબો અભણ અને ગરીબાઈની રેખા નીચે જીવતાં હતાં. આરોગ્યની સુરક્ષા માટે કહેવાય છે કે રોગ મટાડવા કરતાં રોગ અટકાવવો વધારે મહત્વનો છે. સામાજિક સ્વાસ્થ્ય માટે શિક્ષણનો ફેલાવો અને આજીવિકાનાં પૂરતાં સાધનો અનિવાર્ય છે. ગરીબી અને અજ્ઞાન આ સમાજનું અવિભાજ્ય અંગ બની ગયું છે.

બાળકનાં શારીરિક માનસિક અને સામાજિક વિકાસમાં માતાનો ફાળો અગત્યનો છે. આ માટે ગર્ભ ધારણ દરમ્યાન માતાઓ કેવો ખોરાક લે છે તેમજ બાળક જેમ જેમ મોટું થાય તે માટે કેવો ખોરાક આપે છે એ અંગે અમે કેટલીક માહિતી એકઠી કરી હતી. આ આંકડાનાં તારણો કાઢતાં જણાયું હતું કે માતાઓ બાળઉછેર તેમજ પોતાના સ્વાસ્થ્ય અંગે ખાસ જાગ્રત નથી. તેમની કેટલીક માન્યતાઓ જેવી કે સ્તનપાન દરમ્યાન શાકભાજી ખાવાથી બાળકને વરાધ થાય તેવી માન્યતાઓ સ્વાસ્થ્ય માટે અવરોધકારક જણાઈ હતી.

અમે જે ગામો પસંદ કર્યા હતાં તેમાં ૧થી ૬ વર્ષના બાળકોમાં કયા રોગો વ્યાપક પ્રમાણમાં છે એનો અભ્યાસ કરતાં જણાયું હતું કે બાળકોમાં સૌથી વધુ ચામડીના રોગો હતા. ત્યારપછી શરદી અને ઝાડાના રોગો અને ઉટાટિયાનો નંબર આવે છે. અમારા ક્ષેત્રકાર્યમાં અમને

કેટલાંક ઓરી, અછબડા, ગુમડાં અને વરાદના બાળ દર્દીઓ પણ જોયેલા.

આ બધા રોગો માટે શરૂઆતમાં ઘરઘથ્થુ ઉપચારો અજમાવવામાં આવે છે અને જો ન મટે તો આધુનિક દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. પણ તેમાં નિયમિતતા જળવાતી નથી. તેથી બેકાળજીને લીધે કેટલાક રોગો ઘર કરી બેસે છે. સ્ત્રીઓને મળતા અપૂરતા ખોરાકને લીધે બાળકો માંદલાં જન્મે છે અને નાનપણથી જ વિટામીનના અભાવના રોગથી પીડાતા હોય છે.

આપણે ખાસ પુકતાહાર (            )ની વાત કરીએ. બાળકોને સોયાબીનના ફાડામાં મીઠું, મરચું નાંખી બાફીને આપવામાં આવતું હતું. કોઈવાર ગોળ પણ નાંખી આપવામાં આવતો હતો. સામાન્ય પણે લાભાર્થી પાછળ ૨૫ પૈસા ખર્ચ કરવામાં આવતો હતો. સામાન્ય રીતે કેન્દ્રદીઠ માસિક ચાર કિલો તેલ, ૨૦૦ કિલો સોયાબીનના ફાડા, ૧૦ કિલો ગોળ અને ૧ કિલો મીઠું, અને ૧ કિલો મરચું આપવામાં આવતું. તેમાંથી દરરોજ સરેરાશ ૮૦ બાળકોને નાસ્તો આપવાનો રહેતો.

આ યોજનાની સફળતા આંગણવાડી કાર્યકરોની નિષ્ઠા પર આધારિત છે. કેટલીકવાર ગોળ અને તેલ જેવી મોંઘી ચીજો બાળકો સુધી પહોંચી શકતી નથી અને તેનો ગેરઉપયોગ થાય છે. વળી કેટલેક ઠેકાણે આ ઘુગી બરાબર રાંધવામાં પણ આવતી નથી તેથી બાળકો ખાતાં ન હતાં.

યુકતાહાર કેન્દ્ર સાથે રોગ પ્રતિકારક રસીના શિબિરનું પણ સંકલન કરવામાં આવ્યું છે. પણ આ બાબતમાં વાલીઓનો સહકાર મળતો નથી. આવા શિબિરોમાં ખાસ જમણની વ્યવસ્થા કરવામાં આવે છે પણ તેમાં જમણ વધારે આકર્ષક પ્રવૃત્તિ બની જાય છે અને રસી ગૌણ બની જાય છે. વળી આદિવાસી વાલીઓ સતત મજૂરી કે આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં રહેતાં હોવાથી બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન આપતાં નથી. નાનું બાળક હોય તેથી તેને ખાવા ઓછું જોઈએ એ માન્યતાના બહાને બાળકને અપૂરતો ખોરાક અપાય છે. તેથી તેની રોગ પ્રતિરોધક શક્તિ પણ ઓછી થાય છે. વળી કેટલીક વખત તો બાળક આવા યુકતાહાર કેન્દ્રમાં જો જતું હોય તો તેને ઘરમાંથી પણ ઓછો ખોરાક મળતો અમારા જોવામાં આવ્યું હતું. બેકાળજીને લીધે બાળક અસ્વસ્થ રહે છે અને તેથી તેને ચામડીના રોગો અને ખુલ્લે પગે ગંદા પાણીમાં ફરતો હોવાથી કૃમિના રોગો પણ થાય છે.

એસ.એન.પી.નો કાર્યક્રમ ઘણો સુંદર છે 'કેર' જેવી સંસ્થા સોયાબીનની ઘુગી આપે છે એ સારું છે પણ એ માટે સ્વાદ કેળવવો પડે છે તેથી આ કાર્યક્રમને જો ખરેખર સફળ બનાવવો હોય તો સ્થાનિક વાનગીઓમાં દા.ત. મકાઈ કે ચણાની વાનગીઓમાં ઉમેરો ઘટાડો કરી વધારે પોષક બનાવી આવાં કેન્દ્રોમાં પ્રચલિત કરી શકાય.

...

## બાંધકામ ઉદ્યોગમાં કામ કરતા આદિવાસી મજૂરો : તાંત્રિક આર્થિક અભ્યાસ

અહેવાલ લેખન : શ્રી અરૂણ ભા. પટેલ
શ્રી સાયમન મેકવાન
સાર લેખન : શ્રી અરૂણ ભા. પટેલ

### બાંધકામ ક્ષેત્ર અને આદિવાસી મજૂરો :

આજના આધુનિક યુગમાં બાંધકામનું ક્ષેત્ર દિનપ્રતિદિન વિસ્તરતું જ જાય છે. જુદા જુદા પ્રકારનાં નવાં નવાં બાંધકામો ઠેર ઠેર ઊભાં થતાં જોવા મળે છે અને માત્ર શહેરોમાં જ નહીં પરંતુ પરાઓમાં, કસબાઓમાં, નાનાં શહેરોમાં અને ગામડાઓમાં પણ નાનાં મોટાં બાંધકામનું કામ ચાલતું હોય છે. અલબત્ત શહેરોમાં બાંધકામનો વ્યાપ વિશાળ પાયા પર જોવા મળે છે. એટલે આ ક્ષેત્ર આજે ઘણું જ વિશાળ, સુગ્રથિત અને સંકુલ બની રહ્યું છે. આને પરિણામે ઉદ્યોગમાં મજૂરીની તકોમાં એકધારો વધારો થતો રહ્યો છે. ઉપરાંત વિવિધ પ્રકારના લાભો અને છૂટછાટ પણ આપવામાં આવી રહી છે. એક તરફ મજૂરોની તકો વિકસી રહી છે અને બીજી તરફ આદિવાસીઓને સારી આવક આપતી મજૂરાની માંગ વધતી રહી છે. પરિણામે આદિવાસીઓ માટે બાંધકામમાં મજૂરી મેળવવાનું ઘણું જ ઉપયોગી થઇ પડયું છે અને તેઓ સ્વભાવે વફાદારીપૂર્વક સખત કામ કરી શકે છે અને અન્ય બિન આદિવાસી મજૂરોની સરખામણીમાં મજૂરીના દરો આદિવાસીઓને ઓછા આપે પણ તેઓ કામ કરે. આવી પરિસ્થિતિમાં બાંધકામ કરનારા કોન્ટ્રાકટરો અને પેટા કોન્ટ્રાકટરો માટે આદિવાસી મજૂરો આશીર્વાદરૂપ બને છે.

### અભ્યાસના હેતુઓ :

અભ્યાસની આવશ્યકતાની વિશાળતા જોતાં આ અભ્યાસને તાંત્રિક અને આર્થિક મુદ્દાને ધ્યાનમાં રાખીને કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સમગ્ર અભ્યાસનો મુખ્ય સૂર બાંધકામમાં વપરાતા સાધનો આધારિત છે.

૧. સમગ્ર બાંધકામની વિવિધ પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરવા ઉપરાંત આ કામોમાં આદિવાસી મજૂરોની કુશળતા કેવી છે ? અથવા આ કામ સાથે તેમની ફાવટ કેવી છે તે તપાસવું.

૨. બિલ્ડીંગ બાંધકામનું ક્ષેત્ર સંગઠન કેવું છે એટલે કે બાંધકામમાં કયા કયા પેટા કામો કરનારા લોકો આ કામ સાથે સંકળાયેલા છે ? તેમની કામગીરી શું હોય છે ? વગેરેને સંગઠનના સંદર્ભમાં તપાસવું.

૩. જુદા જુદા કામોમાં મજૂરી કરતાં ભોગવવી પડે તેવી તાંત્રિક અને આર્થિક અડચણો તપાસવી.

૪. આ મજૂરીમાં વપરાતા સાધનોના છૂટક ભાગો વિષે પણ માહિતી મેળવવી.

અભ્યાસનું કાર્યક્ષેત્ર અને પધ્ધતિ :

આ અભ્યાસનું ક્ષેત્ર ગુજરાત રાજ્યના તમામ આદિવાસી જિલ્લાઓ એટલે કે સાત જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ સમગ્ર બાંધકામના ક્ષેત્રને નીચે જણાવ્યા પ્રમાણે છ પેટા વિભાગોમાં વહેંચી નાંખવામાં આવ્યા છે.

| | પેટા બાંધકામ | જિલ્લો |
|---|---|---|
| ૧. | રેલવે બાંધકામ અને નિભાવ | પંચમહાલ |
| ૨. | માર્ગ બાંધકામ અને નિભાવ | વડોદરા, સાબરકાંઠા |
| ૩. | નર્મદા બંધ માટેના જળાશયનું બાંધકામ | ભરૂચ |
| ૪. | બહુમાળી મકાનો અને અન્ય મકાનોનું બાંધકામ | સુરત |
| ૫. | મધુબન બંધની નહેરોનું બાંધકામ | વલસાડ |
| ૬. | સ્થાનિક સ્તરે રહેઠાણ બાંધકામ | ડાંગ |

આ અભ્યાસમાટે દરેક પેટા બાંધકામ મુજબ ૭૫ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં છે. જેમાં કુશળ, અર્ધકુશળ અને બિન કુશળ આદિવાસી મજૂરોને સમાવવામાં આવ્યા છે.

આપણા સર્વેક્ષણ અભ્યાસમાં કુલ ૪૦૦ બાંધકામ મજૂરી કરતાં કુટુંબોમાંથી ૫૪.૨૫% ભીલ, ૧૯.૫% તડવી, ૮.૨૫% રાઠવા, ૪.૭૫% ડુંગરી ગરાસિયા, ૪.૨૫% પટેલિયા, ૨.૦૦% ઢોરકોળી, ૧.૫૦% દૂબળા, ૧.૨૫% ચૌધરી, ૧.૦૦% નાયકા, ૧.૦૦% વસાવા, ૧.૦૦% ઓડિયા પટેલ, ૦.૭૫% ગામીત અને ૦.૫૦% કુકણા એમ મળી કુલ ૧૩ આદિવાસી જાતિનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિમાં કેટલાક જાતિઓની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી છે. તેઓ પાસે ખેતી ઓછી છે અને કેટલાક કારણોસર ખેતીમાંથી પૂરતી આવક મેળવી શકતા નથી. તેમજ ખેતમજૂરી, પશુપાલન વગેરેમાંથી પોતાનું ભરણપોષણ પુરતું નહીં થવાથી કોઇને કોઇ પ્રકારની જ્યાં બાંધકામચાલતું હોય ત્યાં બાંધકામ મજૂરી કરવા પોતાનું વતન છોડી ચાલ્યા જાય છે. જો કે તેઓ બાંધકામમાં કુશળ, અર્ધકુશળ અને મજૂરી કરવામાં નિપુણ છે.

આ મજૂરી કરવા જવા આવવા માટે તેઓને ખૂબ જ ખર્ચ થાય છે. કારણ પોતાના ઘરના તમામ સભ્યો સાથે મજૂરી કરવા જાય છે અને ઘણે દૂર દૂર સુધી બીજા જિલ્લાઓમાં અથવા ગુજરાતના ગમે તે વિસ્તારમાં જતાં હોય છે. ભરૂચ જિલ્લામાં નર્મદા ડેમ માટે બહારના મજૂરોને ઘરેથી લાવવા લઇ જવાની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરો કરે છે. જ્યારે ગુજરાતના આદિવાસી મજૂરો માટે આવી કોઇ વ્યવસ્થા નથી. કેટલેક ઠેકાણે એક વખતનું ભાડું મળે છે.

રેલવે બાંધકામમાં કેટલાક કાયમી મજૂરોને પગારધોરણ મુજબ પગાર ચૂકવવામાં આવે છે તેમ રસ્તા બાંધકામમાં પી. ડબલ્યુ.ડી.ના કેટલાક કાયમી મજૂરોને કાયમ કામે બોલાવે છે પણ પગારધોરણ પ્રમાણે પગાર અપાતો નથી. અને રોજ પર ચૂકવાય છે. આ સિવાય ડેમ બાંધકામ, મકાન બાંધકામ અને નહેર બાંધકામમાં લગભગ તમામ મજૂરોને કોન્ટ્રાકટર મારફતે જ રોજ પર કે કારપેટનું કામ હોય તો ફલોર પર અથવા ચો. ફુટ પર પૈસા ચૂકવાય છે. આ બધી મજૂરીના દરનું કોઇ ચોકકસ પ્રમાણ હોતું નથી. અને ગમે તેટલા ચૂકવાય છે. ટૂંકમાં ધારાધોરણ મુજબ જે મજૂરી દર છે તે પ્રમાણે મજૂરી ચૂકવાતી નથી. જયારે કામ ખૂબ જ હોય અને મજૂરો ન મળતા હોય ત્યારે જ પૂરી મજૂરી આપવા કોન્ટ્રાકટરો તૈયાર થાય છે. બાકી તો ૬થી ૮ રૂપિયા રોજ મનફાવે તેમ ચૂકવી દે છે.

મકાન બાંધકામમાં ઘણા પ્રકારનાં કામો હોય છે અને દરેક પ્રકારની અલગ અલગ મજૂરી હોય છે. છતાં અનેક કોન્ટ્રાકટરો પુરુષોને સામાન્ય રીતે રૂ.૧૦થી ૧૨ અને સ્ત્રીઓને રૂ.૯થી ૧૦ ચૂકવવામાં આવે છે. આવા પ્રકારની જે મજૂરી મળે છે તે કેટલાક મજૂરોને નિયમિત મળતી નથી અને ખૂબ જ ઓછા સમય માટે મળે છે. કેટલીકવાર છૂટક છૂટક મજૂરી મળે છે જેથી વચ્ચેના ગાળામાં તેમને કેટલાક દિવસ ભૂખ્યા પણ રહેવું પડે છે અને પોતાનું વતન ઘણું દૂર હોવાથી જઇ શકે પણ નહીં. આવા સમયે તેમને ગમે તે કામ શોધવું પડે છે. અથવા બીજા કોઇ કોન્ટ્રાકટરના કામમાં ઓછા પૈસા લઇ પણ કામે જવું પડે છે. ટૂંકમાં તેમને સતત કામ મળે તેવું કંઇક કરવું જોઇએ.

બાંધકામ પ્રવૃત્તિમાં કામ કરતા આદિવાસી મજૂરો જે સાધનો વાપરે છે તે મોટે ભાગે જે તે કોન્ટ્રાકટરોના હોય છે. રેલવે ખાતાનું કામ હોય તો રેલવેના અને પી. ડબલ્યુ.ડી. ખાતાનું કામ હોય તો પી.ડબલ્યુ.ડી.નાં સાધનો આદિવાસી મજૂરો વાપરે છે. છતાં કેટલાક કામોમાં ખાસ કરીને ડેમ બાંધકામ, નહેર બાંધકામ અને મકાન બાંધકામમાં થોડા ઘણા મજૂરો પોતાનાં સાધનો પણ વાપરે છે.

કોન્ટ્રાકટરો મારફતે જે સાધનો આપવામાં આવે છે તે સાધનો ઘસાઇ ગયેલાં, ધાર વિનાનાં બુઠ્ઠાં અને તેના હાથા પણ બરાબર હોતા નથી. ટૂંકમાં જોઇએ તેટલી ગુણવત્તાવાળાં હોતાં નથી. તેથી વધુ કામ થતું નથી અને તાકાત વધુ કરવી પડે છે.

ખાસ કરીને પાકા રસ્તા બનાવનાર મજૂરોને વધુ મુશ્કેલી પડે છે. તેઓને હાથમોજા અને ગમબુટ મળતા નથી. તેથી ઘણા વખત ઉકાળેલા ડામરથી દાઝી જવાય છે. તેમજ જે સાધનો હોય છે તે અપૂરતા અને જૂની ડિઝાઇનવાળાં હોય છે. જો તેઓને નવી આધુનિક પધ્ધતિવાળાં બનાવવામાં આવે તો ખૂબ જ ઉપયોગી થઇ પડે. જે વિગતે અહેવાલમાં મળશે.

સિમેંટ, સગોર, ચૂના જેવા પદાર્થોથી આ લોકોને કેટલાક ચામડાના રોગો થઇ થાય છે અને તેના બદલામાં તેમને કાંઇ જ મળતું નથી.

રેલવે બાંધકામમાં જેમ રેલવે ખાતાએ પોતાના મજૂરોને તાલીમ આપે છે તેમ બીજા દરેક પ્રકારના બાંધકામ માટે આદિવાસી મજૂરોને તાલીમ આપવાની વ્યવસ્થા થવી જોઇએ. તેઓને પણ તાલીમ લેવી ખૂબ ગમે છે અને સારી નોકરી મળે, કુશળ, અર્ધકુશળ બની સારું કામ કરી શકે વગેરે તેઓનાં અન્ય સૂચનો છે. ટૂંકમાં તાલીમ વ્યવસ્થા થવી જોઇએ. ફરતા તાલીમવર્ગ ગોઠવવા. તેમનાં સાધનોનો મ્યુઝિયમમાં સમાવેશ થવો જોઇએ.

આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઘણુ જ ઓછું છે તેનાં ઘણાં કારણો છે પણ મુખ્યત્વે આ લોકો મજૂરી પર ખાસ કરીને જીવે છે. આ પ્રકારની બાંધકામની મજૂરી કરવા વર્ષમાં મોટા ભાગનો સમય તેમને બહાર ગામ જવું પડે છે. તેમજ તેમનાં શાળાએ જવા લાયક બાળકો પણ તેમની સાથે જ ચાલ્યા જાય છે. જેથી તેઓ ભણી શકતાં નથી. આ રીતે તેમની શિક્ષણની મોટા સમસ્યા છે. તેનો ઉકેલ કરવો રહ્યો.

...

## ગુજરાતના હરિજનો - ૩

અહેવાલ લેખન : મુસ્તાઅલી મસવી
ચંદ્રકાન્ત ઉપાધ્યાય
સંદોહન : મુસ્તાઅલી મસવી

૧૯૮૩-૮૪ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલ ૩૬૪ ગામોની આર્થિક સામાજિક સ્થિતિ.

આપણા દેશના બંધારણની કલમ ૪૬માં પછાતવર્ગોમાં ખાસ કરીને અનુસૂચિત જાતિના તથા અનુસૂચિત જનજાતિના લોકોની આર્થિક તેમજ શૈક્ષણિક વિકાસની જવાબદારી તથા તેમને કોઈપણ જાતના સામાજિક અન્યાયમાંથી તથા શોષણમાંથી બચાવવાની જવાબદારી રાજય સરકારે માથે નાખી તે અંગે ઘટતા પગલાં લેવાનું સૂચવવામાં આવ્યું છે.

શરૂઆતમાં અનુસૂચિત જાતિ કલ્યાણ કાર્યક્રમ અને પછાત કલ્યાણને લગતી યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ, પરંતુ વખત જતાં જણાયું કે અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષની જવાબદારી દરેક વિકાસ વિભાગને સોંપવી જોઈએ, અને તે બાબત એપ્રિલ-૧૯૭૫માં વડાપ્રધાન દ્વારા રાજયોના પછાતવર્ગ કલ્યાણ ખાતાના મંત્રીશ્રીઓની બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવી હતી. જેની ગૃહમંત્રાલય અને આયોજન કમિશને સ્વીકૃતિ આપી ડિસેમ્બર ૧૯૭૬માં દરેક ખાતાના વિકાસ યોજનાઓના વિકાસ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિની વ્યકિતઓ માટે ઓછામાં ઓછા ૭% ફાળવવાનું નકકી કરવામાં આવેલ અને આ દિશામાં નકકર કાર્યક્રમ હાથ ધરવાના પગલાં રૂપે દેશની નીતિને અનુરૂપ 'સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન'નું આયોજન કરવામાં આવ્યું. તદુપરાંત તા. ૧૯-૪-૮૦ના રોજ મળેલ આયોજન કમિશનની બેઠકમાં નકકી કરવામાં આવ્યું કે છઠ્ઠી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષ દરમ્યાન દરેક રાજયમાંથી ૫૦% અનુસૂચિત જાતિની વસ્તીને વિકાસ કાર્યક્રમોમાં આવરી લઈ તેમને ગરીબી રેખાથી ઉપર લાવવા પ્રયત્નો કરવા.

ખાસ અંગભૂત યોજના (સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન)ના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

૧. અનુસૂચિત જાતિની વસ્તીનું વધુ પ્રમાણ ધરાવતા વિસ્તારો નકકી કરવા.

૨. છઠ્ઠી પંચવર્ષીય યોજનાના ગાળામાં ઓછામાં ઓછા ૫૦% અનુસૂચિત જાતિની વસ્તીને ગરીબીની રેખામાંથી ઉપર લાવી શકાય તેવી રીતે તેમનો આર્થિક ઉત્કર્ષ સાધી શકાય તેવા કાર્યક્રમો ઘડી કાઢી તેનો અમલ કરાવવો.

૩. જુદા જુદા વ્યવસાયિક જૂથોની જરૂરિયાત અને ખાસ કરીને જેઓ યોજનાના લાભથી વંચિત રહી ગયા હોય તેવા અનુસૂચિત જાતિના લોકોના અંદાજ કાઢી અને તેમના પ્રશ્નો નકકી કરવા.

૪. તેમની જરૂરિયાતો જાણી તેના આધારિત યોજનાઓ નક્કી કરવી.

ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્યમાં પણ રાષ્ટ્રીય નીતિને અનુરૂપ સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન તૈયાર કરી છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન (૧૯૮૦-૮૧થી ૧૯૮૪-૮૫) દરમ્યાન ગુજરાતની કુલ ૧૮.૨૫ લાખની (૧૯૭૧ પ્રમાણે) અનુસૂચિત જાતિની વસ્તીમાંથી ઓછામાં ઓછા ૫૦% વસ્તીને આવરી લઇ તેમને ગરીબી રેખાથી ઉપર લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ. આથી સમાજ કલ્યાણ ખાતા દ્વારા ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે સમગ્ર રાજ્યમાંથી ૨૫૦ કે તેથી વધુ વસ્તી અનુસૂચિત જાતિની ધરાવતાં ૧૪૧૧ ગામોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ ૧૪૧૧ ગામોની વસ્તી એ રાજ્યની કુલ અનુસૂચિત જાતિની વસ્તીના ૫૦% જેટલી થાય છે. આ ૧૪૧૧ ગામોને પાંચ વર્ષમાં એટલે કે (૧૯૮૦-૮૧થી ૧૯૮૪-૮૫) દરમ્યાન આવરી લેવાનું તથા દરેક જિલ્લામાંથી ૨૫૦ કે તેથી વધુ વસ્તી ધરાવતાં ગામોમાં વસતા અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક-સામાજિક માહિતી એકઠી કરવાનું વિચારવામાં આવ્યું હતું. આ ૧૪૧૧ ગામોમાંથી ૧૯૮૦-૮૧માં ૨૮૫ ગામોની મોજણી કરવામાં આવી હતી અને તે કામ સમાજ કલ્યાણ ખાતા દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૯૮૧-૮૨માં ૩૧૬ ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં અને તેની મોજણીનું કામ ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યું હતું.

૧૯૮૩-૮૪ના વર્ષમાં જે ૩૬૧ ગામોની તપાસ કરવામાં આવી છે તેમાં કુલ [illegible]૫,૨૫ કુટુંબોને આવરી લીધાં હતાં. જિલ્લાવાર કુટુંબોની સંખ્યા નીચે પ્રમાણે હતી :

| ક્રમ | જિલ્લો | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧. | ખેડા | ૬૫૯૦ |
| ૨. | અમદાવાદ | ૩૮૧૩ |
| ૩. | મહેસાણા | ૭૬૯૮ |
| ૪. | સાબરકાંઠા | ૩૪૦૩ |
| ૫. | જૂનાગઢ | ૩૨૯૪ |
| ૬. | બનાસકાંઠા | ૨૮૮૫ |
| ૭. | સુરેન્દ્રનગર | ૩૫૭૫ |
| ૮. | વડોદરા | ૧૫૬૨ |
| ૯. | અમરેલી | ૧૪૩૬ |

| | | |
|---|---|---|
| ૧૦. | પંચમહાલ | ૧૩૨૩ |
| ૧૧. | કચ્છ | ૨૯૫૩ |
| ૧૨. | રાજકોટ | ૧૭૫૦ |
| ૧૩. | જામનગર | ૫૦૮ |
| ૧૪ | ભાવનગર | ૨૫૦૦ |
| ૧૫. | ભરૂચ | ૪૬૦ |
| ૧૬. | સુરત | ૩૬૯ |
| ૧૭. | ગાંધીનગર | ૪૨૫ |
| ૧૮. | વલસાડ | ૮૮૧ |
| | કુલ | ૪૫૪૨૫ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૪૫૪૨૫ ગામોમાં અનુસૂચિત જાતિના કુટુંબોની સભ્યસંખ્યા ૨૨૦૮૧૩ની હતી. જેમાંથી ૧૧૪૫૬૯ (૫૧.૮૯%) પુરુષો અને ૧૦૬૨૪૪ (૪૮.૧૧%) સ્ત્રીઓ હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૪.૮૬નું હતું.

શિક્ષણ :

આવરી લીધેલ ૩૬૧ ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૨૨૦૮૧૩ની વસ્તીમાંથી ૧૨૪૬૬૬ વ્યક્તિઓ એટલે કે (કુલ વસ્તીના ૫૬.૪૬%) અભણ હતી જ્યારે ૯૬૧૪૭ વ્યક્તિઓ (એટલે કે ૪૩.૫૪%) ભણેલી હતી. પુરુષોમાં ૪૬.૦૮% અભણ અને સ્ત્રીઓમાં ૬૭.૬૬% અભણ હતાં.

અક્ષરજ્ઞાન ધરાવતી કુલ વ્યક્તિઓમાંથી ૬૯% પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૧૬%એ માધ્યમિક કક્ષાનું, ૧૦% એસ.એસ.સી. થયેલા અને ૩% સ્નાતક થયેલા હતા. જ્યારે અનુસ્નાતક અને ટેકનીકલ શિક્ષણ ધરાવનારાઓનું પ્રમાણ ૧%થી પણ ઓછું હતું.

તપાસ સમયે ૭થી ૧૪ વર્ષના ૪૭૫૩૩ કુલ બાળકોમાંથી ૮૫૮૩ (૧૮%) શાળાએ જતાં હતાં શાળાએ ન જવા અંગનાં કારણો પૂછતાં એવું જાણવા મળ્યું કે ૬૬% નબળી આર્થિક સ્થિતિ ૭% મા બાપને ધંધામાં મદદ કરવા, ૭% મા બાપ મજૂરી પર જતાં ઘરમાં નાના ભાઈ બહેનોની સંભાળ રાખવા તેમજ ૧.૭૯% ખેતીના કામમાં મદદ કરવા રોકાવાના લીધે અને ૦.૮૮% ઢોર ચરાવવામાં રોકાવાના લીધે ભણી શકતાં નથી. ૬% બાળકોનું ન ભણવાનું કારણ તેમના માત પિતા છે, જ્યારે ૬% બાળકોનું ન ભણવાનું કારણ તેમને ભણવામાં રસ નથી તથી તેમનાં મા બાપ ભણવા મોકલતાં નથી. તેમજ ૧૯ બાળકો અસ્પૃશ્યતાના કારણ ભણવા જતાં નહોતાં. એવું પણ જાણવા મળેલ.

આર્થિક સ્થિતિ :

સર્વેક્ષણ નીચે આવરી લીધેલ કુટુંબોમાંથી ૫૪% લોકો મજૂરી કરતાં હતાં. એટલે કે એમનો મુખ્ય વ્યવસાય મજૂરી કહી શકાય, ૬% કુટુંબો ખેતી કરતાં હતાં, જયારે વંશપરંપરાગત ધંધો કરતાં માત્ર ૮% કુટુંબો હતાં. નોકરી કરતાં કુટુંબોની સંખ્યા ૨૫% હતી, વેપાર ધંધામાં ૬.૪૬% લોકો રોકાયેલ હતા, આધુનિક પ્રકારના વ્યવસાયમાં અને ભિક્ષાવૃત્તિ અને સફાઇકામની ટકાવારી નહીંવત હતી. ટૂંકમાં લોકોને એક વ્યવસાયમાંથી જીવન ગુજરાન ચલાવી શકાય તેમ ન હોવાથી તેમને અનેક પ્રકારના ધંધા રોજગારમાં જોડાવું પડે છે. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી ન હતી. કુલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૨૬૭૮૧ (૫૮.૯૬%)ની વાર્ષિક આવક ૨૪૦૦ સુધીની હતી. તે જ રીતે ૭૮૨૭ કુટુંબો (૧૭.૨૩%)ની વાર્ષિક આવક રૂ. ૨૪૦૧થી ૩૬૦૦, ૩૫૭૫ (૭.૮૭%)ની આવક ૩૬૦૧થી ૪૮૦૦ સુધી, ૪૯૫૬ (૧૦.૯૧%) કુટુંબોની આવક રૂ. ૪૮૦૧થી ૭૨૦૦ સુધી, જયારે ૨૨૮૬ (૫.૦૩%) કુટુંબોની આવક રૂ. ૭૨૦૧થી ઉપરની હતી. કુલ કુટુંબોમાંથી ૮૦% ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં. સર્વેક્ષણ કરેલ કુટુંબની વાર્ષિક આવક રૂ. ૩૨૮૦ હતી. આમ માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૬૭૪ અને માથાદીઠ માસિક આવક રૂ. ૫૬ની હતી.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ચમાર, ભંગી, ગરોડા, સેનવા, તુરી, બાવા વગેરે જાતિનાં કુટુંબોની સ્થિતિ ઘણી જ કપરી છે. આ જાતિઓનાં ૬૦%થી વધુ કુટુંબોની આવક રૂ. ૨૪૦૦થી ઓછી હતી. જ્ઞાતિવાર આવકના ધોરણે તપાસીએ તો ચમાર (૯૦%) માહ્યાવંશી (૯૪%) માતંગ (૯૩%) નાડિયા હાડી (૯૬%) સેનમા (૯૭%) અને તીરગાર (૯૪%) ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

જમીનધારણ :

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી કેટલાંક કુટુંબો જમીન ધરાવતાં હતાં. પરંતુ તેમની પાસે જે કંઇ જમીન હતી તેની ઉપજમાંથી આખું વર્ષ નિર્વાહ થઇ શકે એમ નહોતો. તેઓ પાસે જમીન હતી તે મોટે ભાગે બિનફળદ્રુપ હતી. કેટલાકને ભૂમિદાનમાં મળેલી પડતર અને ખરાબાની જમીન હતી. ખેતીનાં ઓછાં સાધનો અને પિયતની નહીંવત સગવડને કારણે જમીનમાંથી ખાસ મેળવી શકાતું નહોતું. કુલ સર્વેક્ષણમાં આવરી લીધેલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૫૦૭૫ એટલે કે કુલ કુટુંબના ૧૧.૧૭% જમીન ધરાવતાં હતાં જમીન ધરાવનાર કુટુંબોમાંથી અનુક્રમે ૧૫૨૮ કુટુંબો

(૩૦.૧૧%) ૧ એકર સુધી, ૧૩૧૦ (૨૫.૮૨%) ૧ એકરથી ૨ એકર સુધી, ૧૧૬૭ (૨૩%) ૨ એકરથી ૪ એકર સુધી, ૫૩૧ (૧૦.૪૭%) ૪ એકરથી ૬ એકર સુધી, ૨૧૩ (૪.૨૦%) ૬ એકરથી ૮ એકર, ૩૭૬ (૭.૪૦%) ૮ એકરથી ૧૦ એકર, ૨૧૩ કુટુંબો (૪.૨૦%) ૧૦ એકરથી વધુ જમીન ધરાવતાં હતાં.

વપરાશી ખર્ચ :

અનુસૂચિત જાતિના લોકોની આવક ઓછી હોવાથી તેઓ ખૂબ જ કરકસરથી રહે છે. બીજી રીતે કહીએ તો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ તેઓ વાપરી શકતાં નથી. તપાસમાં આવરી લીધેલ કુટુંબોનું વાર્ષિક વપરાશી ખર્ચ નીચે પ્રમાણે હતું :

| ક્રમ | ખર્ચજૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રૂ.૨૪૦૦ સુધી | ૧૯૨૫૫ | ૪૨.૩૯ |
| ૨. | રૂ.૨૪૦૧થી ૩૬૦૦ | ૧૦૬૩૩ | ૨૩.૪૦ |
| ૩. | રૂ.૩૬૦૧થી ૪૮૦૦ | ૬૦૩૩ | ૧૩.૨૯ |
| ૪. | રૂ.૪૮૦૧થી ૭૨૦૦ | ૬૭૬૮ | ૫૪.૯૦ |
| ૫. | રૂ.૭૨૦૦થી વધુ | ૨૭૩૬ | ૬.૦૨ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ૮૦% કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૩૬૦૫ હતું અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૭૮૧ અને માથાદીઠ માસિક ખર્ચ શ રૂ.૬૧ હતું.

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૭૯૯૯ (૧૭.૬૧%) કુટુંબો દેવાદાર હતાં. કુલ ૭૯૯૯ દેવાદાર કુટુંબોમાંથી ૩૭૪૬ (૪૬.૮૪%) કુટુંબોને રૂ.૫૦૦નું દેવું હતું. ૧૧૨૮ કુટુંબોને (૧૪.૧૦%) રૂ.૫૦૧થી ૧૦૦૦ સુધીનું, ૬૧૦ (૭.૬૨%) કુટુંબોને ૧૦૦૧થી ૨૫૦૦ સુધીનું અને ૧૬૨૩ (૨૦.૨૯%) કુટુંબોને રૂ.૨૫૦૦થી વધુ દેવું હતું. સૌથી વધારે દેવાદાર કુટુંબોની સંખ્યા ભરૂચ (૫૩.૨૬%) જિલ્લામાં હતી. જયારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા પંચમહાલ (૬.૬૭%) જિલ્લામાં હતી. કુટુંબદીઠ રૂ.૨૦૫ નું હતું જયારે દેવાદાર કુટુંબદીઠ દેવું રૂ.૧૧૬૫ હતું. ૨૦% કરતાં વધુ દેવાદાર કુટુંબો સાત જિલ્લામાં હતાં.

ઉપર્યુકત દેવું શાહુકાર અને વેપારીનું હતું. દેવું કરવા પાછળ સામાજિક ખર્ચા અને નિભાવખર્ચ મુખ્ય હતાં. ઘણા કિસ્સાઓમાં હરિજન કુટુંબોએ જમીન ગીરો મૂકી હોય તેવું પણ જોવા મળ્યું હતું. નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓને દેવું કરવાની ફરજ વારંવાર પડે છે. તેઓ શાહુકાર વેપારીના દેવાના ચક્રમાંથી છૂટે તે માટે કંઇક ત્વરિત પગલાં લેવાં પડે તેવી સ્થિતિ

છે. જ્ઞાતિવાર આવક ખર્ચ અને દેવાની સ્થિતિ જુદી જોવા મળી હતી. આ અંગેની માહિતી પરિશિષ્ટ-૧ માં આપવામાં આવી છે.

રહેઠાણ અને આરોગ્ય :

તપાસેલ ગામોમાં મોટા ભાગના હરિજન કુટુંબો ગામના છેવાડે રહેતાં હતાં. જ્યાં ગામના ઉકરડા, મળત્યાગની ખુલ્લી જગ્યા, ગટર નિકાલ વગેરેથી ઘરોની સ્થિતિ પણ ઘણી જ ખરાબ જોવા મળી હતી. કેટલાક ઘરોમાં ૧૦થી ૧૫ સ્ત્રી પુરુષ સભ્યો સાથે રહેતાં હોય તેવું પણ જોવા મળ્યું હતું. ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૩૭૮૬૪ કુટુંબોને પોતાની માલિકીનાં મકાન હતાં ૭૫૬૧ કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં.

અનુસૂચિત જાતિના કુટુંબોના કુલ રહેઠાણના મકાનોમાંથી ૧૮૨૨ (૪.૦૭%) મકાનોમાં જાજરૂની સગવડ હતી. ૮૨૪૯ (૧૮.૧૬%) મકાનોમાં નાવણિયું હતું. ૧૭૪૪૨ (૩૮.૪૦%) મકાનોમાં વીજળીની સુવિધા હતી. ૮૧૮૮ (૧૮.૦૩%) મકાનોમાં પાણીના નળની સગવડ હતી. ૫૬૮૭ (૧૨.૫૨%) મકાનોમાં પાણીના નિકાલની વ્યવસ્થા હતી અને ૧૨૩૬ (૨.૭૨%) મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા હતી.

ઉપર્યુક્ત આંકડાકીય ચિત્રથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના સભ્યો માટે રહેઠાણ માટે ત્વરિત આયોજન ઘડવું પડે તેવી સ્થિતિ છે.

ઘરથાળનો પ્લોટ :

૪૫૪૨૫ કુટુંબોમાંથી માત્ર ૪૫૮૭ (૧૦.૧૦%) કુટુંબોને ઘરથાળનો પ્લોટ મળ્યો હતો. ગામમાંથી મોટા ભાગનાં કુટુંબોને ઘરથાળનો પ્લોટ અનુકૂળ ન હતો. તે માટેનાં વિવિધ કારણો જાણવા મળ્યાં જેમ કે જમીન અપૂરતી હતી, પ્લોટની જગ્યા ગામથી દૂર હતી. જમીન નીચાણવાળા વિસ્તારમાં હતી. કેટલીક વ્યક્તિઓ પાસેથી એવું પણ જાણવા મળ્યું કે પ્લોટ મળ્યો છે પણ તે હજુ ઝઘડામાં છે, તેમજ ઘણી જગ્યાએ વગદાર માણસો દ્વારા પ્લોટ ખાલી કરાવવા માટે દબાણ કરતા હોય તેવા પણ દાખલા જોવા મળ્યા હતા.

આરોગ્ય :

તપાસ દરમ્યાન કુલ ૨૪૫૦ વ્યક્તિઓ કોઈને કોઈ રોગથી પિડાતી હતી. આ રોગોમાં ૧૦૧૦ ક્ષયના રોગથી, ૧૩૭ કેન્સર, ૭૨૩ દમ, ૮૬ પાંડુરોગ, ૧૪૨ રક્તપિત્ત, ૭૫ લકવા અને ૨૭૭ અન્ય મહારોગથી પીડાતા હતા.

ઉપર્યુક્ત દર્દીઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે જેનો લાભ માત્ર ૭૨ વ્યક્તિઓને મળ્યો હતો. સગર્ભા માતાઓ અને ૬ વર્ષથી નીચેનાં બાળકો માટે જે પોષક આહારની યોજના ચાલે છે તેનો લાભ ૧૦૭૪ વ્યક્તિઓને મળ્યો હતો.

ખોડ ખાપણ :

કુલ વ્યકિતઓમાંથી ૧૩૮૬ વ્યકિતઓને કોઇને કોઇ પ્રકારની ખોડખાપણ હતી. આમાં સૌથી વધુ સંખ્યા લૂલા, આંધળા, બહેરા અને મૂંગાની હતી. કુલ ૧૩૮૬ ખોડખાપણવાળી વ્યકિતઓમાંથી ૧૪૪ તો ૧થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો હતા.

આર્થિક, સમાજિક, શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાત :

(૧) વંશપરંપરાગત ધંધાની જરૂરિયાત :

તપાસમાં આવરી લીધેલ ૩૬૧ ગામોમાંથી ૩૬૭૭ કુટુંબો વંશપરંપરાગત ધંધો કરતાં હતાં. તેમણે તેમના વંશપરંપરાગત ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં નાણાંકીય સહાય (૩૬૭૭ કુટુંબો) કાચો માલ (૧૦૩૬), સાધનો (૮૫૯) તાલીમ (૩૧૫) અને ધંધા માટે તાંત્રિક માર્ગદર્શન (૨૦૫) અને વેચાણ (૪૬) માટે મદદની જરૂરિયાતોનો સમાવેશ થાય છે.

(૨) ખેતીના વિકાસ અંગેની જરૂરિયાતો (જમીન-કૂવા) :

તપાસમાં આવરી લીધેલ કુલ કુટુંબોમાંથી ૧૧.૧૭% કુટુંબો થોડા વત્તા પ્રમાણમાં જમીન ધરાવતાં હતાં. કુલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૯૩૬૮ કુટુંબોએ ખેતી માટેની જમીનની જરૂરિયાત દર્શાવી હતી. જેમની પાસે હાલ જમીન છે તેમાંથી ૧૪૮૦ કુટુંબોએ કયારી બનાવવા, ૧૫૫૨ કુટુંબોએ પાળા બંધિકામ કરવા, ૧૯૨૭ કુટુંબોએ જમીન સમતળ કરવા અને ૧૭૦૪ કુટુંબોએ વાડ કરવા માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી. ૨૦૮૪ કુટુંબોએ ખેતીમાં પિયત માટે નવા કૂવાની જરૂરિયાત દર્શાવી હતી. જયારે ૮૧૪ કુટુંબોએ જૂના કૂવાના સમારકામ માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી.

(૩) ખેતીનાં સાધનો, શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની વિગતો :

તપાસમાં આવરી લીધેલ ગામોમાંથી ૪૦૧૬ કુટુંબોએ હળની, ૩૩૫૯ કુટુંબોએ રાંપની, ૩૩૫૮ કુટુંબોએ રાંપડીની, ૩૫૨૩ કુટુંબોએ સમારની, ૩૬૪૧ કુટુંબોએ ગાડાની, ૩૪૬૨ કુટુંબોએ વાવણિયાની, ૩૩૧૬ કુટુંબોએ લોખંડના હળની, ૩૨૬૬ કુટુંબોએ ઉપણવાના પંખાની, ૩૨૯૩ કુટુંબોએ મોઘની વગેરે જરૂરિયાતો દર્શાવી હતી. ૪૪૨૯ કુટુંબોએ ખેતીનું ઉત્પાદન વધે તે માટે સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવના સાધનોની જરૂરિયાત દર્શાવી હતી.

તપાસેલ કુટુંબોમાંથી ૧૫૯૬ કુટુંબોએ શાકભાજીનું વાવેતર કરવાની, ૬૮૦ કુટુંબોએ વાંસ ઉગાડવાની જરૂરિયાત દર્શાવી હતી.

(૪) પશુધન :

આવકના સાધન તરીકે અથવા તો આવકની વૃધ્ધિ માટે કોઇ ઢોરની જરૂર હોય તેના અનુસંધાને તપાસેલ ૪૫૪૨૫ કુટુંબોમાંથી ૫૨૧૭ કુટુંબોએ ગાયની, ૭૯૧૩ કુટુંબોએ ભેંસની જરૂરિયાત દર્શાવી હતી. કેટલાક કુટુંબોએ પશુ માટે ઘાસ અને સારવારની માંગણી પણ કરી હતી.

(૫) પરિવહનના સાધનોની તેમજ સ્વરોજગાર માટે તાલીમની જરૂરિયાત :

આવકમાં વૃધ્ધિ માટે તપાસ દરમ્યાન આ બધાં ગામોમાંથી પરિવહનનાં સાધનોમાં ૧૪૦૦ વ્યકિતઓએ ઊંટગાડી, ૧૧૩૦ વ્યકિતઓએ હાથલારી, ૧૨૭૯ કુટુંબોએ ઓટોરીક્ષા, ૧૧૭ કુટુંબોએ પેંડલરીક્ષાની માગણી કરી હતી.

આ સિવાય અનુસૂચિત જાતિના સભ્યોએ વંશપરંપરાગત ધંધા સિવાય આધુનિક વ્યવસાયમાં જોડાવવા કેટલાક નાના પાયાના ધંધા રોજગારની જરૂરિયાત દર્શાવી હતી. જેમાં દળવાની ઘંટી, સાયકલ રીપેરીંગ દુકાન, હાથસાળ (પાવરલુમ)ની જરૂરિયાત દર્શાવી હતી.

જયારે કેટલીક વ્યકિતઓએ આધુનિક વ્યવસાયમાં જોડાવા માટેની તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. તેમાં ૧૧૫૫ વ્યકિતઓએ સિવણકામની, ૨૬ વ્યકિતઓએ ઘડિયાળ રીપેરીંગ, ૧૦૧ વ્યકિતઓએ રેડિયો રીપેરીંગ, ૧૯૦ વ્યકિતઓએ ઓટો રીપેરીંગ, ૪૮૮ વ્યકિતઓએ સુથારીકામ, ૮૦૦ વ્યકિતઓએ કડિયાકામ, ૪૨ વ્યકિતઓએ હિરા ઘસવાની તાલીમની ઈચ્છા દર્શાવી હતી.

(૬) રહેઠાણ અંગેની જરૂરિયાત :

તપાસ દરમ્યાન જણાયું હતું કે કુલ કુટુંબોમાંથી ૨૧૭૫૯ કુટુંબોએ નવા મકાનોની, ૨૬૬૨૬ કુટુંબોએ સમારકામ માટે નાણાંકીય સહાયની અને ૨૬૪૧૭ કુટુંબોએ નિર્ધૂમ ચૂલાની જરૂરિયાત દર્શાવી હતી. ૨૪૯૮૧ એ નળનું જોડાણ, ૨૩૬૬૮ પાણીના નિકાલની વ્યવસ્થા, ૨૧૨૪૩ ઘરમાં વીજળી જોડાણની માગણી કરી હતી.

(૭) ખોડખાંપણ અંગેની જરૂરિયાત :

તપાસમાં આવરી લીધેલ કુલ વ્યકિતઓમાંથી ખોડખાંપણવાળી વ્યકિતઓએ જુદી જુદી જરૂરિયાતો દર્શાવી છે. જેમાં ૩૨ વ્યકિતઓએ સાધનોની, ૮૩ વ્યકિતઓએ નાણાંકીય મદદની, ૧૭ વ્યકિતઓએ યોગ્ય સારવારની અને ૩ વ્યકિતઓએ વ્યાવસાયિક તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. ૧૬૮૪ વ્યકિતઓએ આરોગ્ય માટે સારવારની તેમજ ૧૬૪૪ વ્યકિતઓએ દવા માટે આર્થિક મદદની જરૂરિયાત દર્શાવી હતી.

અનુસૂચિત જાતિના વસવાટવાળા ફળિયામાં પાયાની સુવિધાઓ :

તપાસમાં આવરી લીધેલ ૩૬૧ ગામોમાં કુલ ૧૨૨૧ ફળિયા હતા. આ ફળિયામાં હાલ કઇ કઇ સુવિધાઓ છે તે અંગે જે માહિતી મળી તે આ પ્રમાણે છે :

(૧) શિક્ષણ :

૧૧૪૮ ફળિયામાં બાલવાડી નથી; ૧૧૮૨ ફળિયામાં પ્રૌઢ શિક્ષણના વર્ગની વ્યવસ્થા નથી. ૬૩૨ ફળિયાના બાળકોને નિશાળે જવાની મુશ્કેલી પડતી હતી. ચોમાસામાં પાણી ભરાઇ જાય, નદી વહેળો ઓળંગવો પડતો હતો.

(૨) પીવાનુ પાણી :

૧૨૨૧ ફળિયામાંથી ૭૦૨ ફળિયામાં વસતા લોકોના મકાનમાં નળ હતા. જયારે ૭૯ વાસ[illegible] લોકો ગ્રામ પંચાયતના નળથી, ૩૯૭ વાસના લોકો કૂવા પરથી પાણી ખેંચી લાવતા હતા, જયારે ૫ વાસવાળા તળાવ અને ૨૩ વાસવાળા પીવાના પાણી માટે નદીનો ઉપયોગ કરતા હતા.

૫૬% ફળિયાવાળાને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેતુ હતું. બાકીના ફળિય[illegible] પૂરતું પાણી ન મળવાથી કૂવા અને ડેમના પાણીનો ઉપયોગ કરતા હતા. સર્વેક્ષણ હેઠળના ગામો[illegible] ૨૩૦ ગામોમાં [illegible] છે, ૧૨૦માં નથી. કેટલાક ગામોના તળાવમાંથી પીવા માટે પાણી [illegible] ત્યાં હરિજનો માટે જુદા ઓવારા જોવામાં આવે છે. કેટલાક ગામોમાં આ દુષણને દૂર કરવું જો[illegible]. બધા જ લોકો એક જ ઓવારે નહાય, કપડાં ધૂએ એ વાત પ્રગતિશીલ કહી શકાય.

(૩) વીજળી તથા અન્ય સવલતો :

૧૨૨૧ ફળિયામાંથી ૯૨૪ વાસમાં વીજળીની સગવડ હતી. ૬૮૭ મહોલ્લાના રહેવાસીઓએ જણાવેલ કે જુદા જુદા ખાતાના સરકારી કર્મચારીઓ ફળિયાની મુલાકાત લે છે. ૧૨૨૧ ફળિયામાંથી ૯૭ ફળિયાના પ્રવેશ આગળ પગથિયા હતા અને ૧૦૧ ફળિયાના રસ્તાઓ ઈંટ પથ્થરથી પૂરેલા હતા. બાકીના રસ્તાઓમાં માટી હતી. જેને કારણે ચોમાસામાં કાદવ થતો હતો. ૧૦૯૦ ફળિયામાં ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા હતી. ૧૩૧ ફળિયામાં ખુલ્લી ગટર અને ભુગર્ભ ગટર હતી. ૧૯૭ ફળિયામાં પગથી છે. ૧૦૮૬ ફળિયામાં ગામથી ફળિયાના રસ્તા કાચા છે. કાચા રસ્તાને કારણે ચોમાસામાં ફળિયામાંથી બહાર જવુ મુશ્કેલ થઇ પડે છે. જાજરૂની વ્યવસ્થા હરિજનો માટે કયાંય નથી એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. ૬૫૯ ફળિયાની પાસે ગામના ઉકરડા હતા તો કેટલાક ફળિયાં ગામ લોકોને જાજરૂ જવાની જાહેર જગ્યા પાસે હતાં. સંક્ષેપમાં હરિજન ફળિયાના વસવાટનું સ્વરૂપ એવું છે કે ત્યાં રહેનારાઓ ઉપર પ્રમાણેની અતિશય તકલીફથી પીડાય છે. જેમાંથી બહાર નીકળવાનો કોઇ રસ્તો જ નથી તેમજ આ ગામોની વસવાટની ઢબ પણ હરિજનોને અન્યાય કરે છે.

આમ સ્પષ્ટ રીતે જણાય આવશે કે અનુસૂચિત જાતિના લોકો પાયાની અને સામાન્ય સુવિ[illegible] પણ વંચિત છે અને તેથી આ અંગે સત્વરે પગલાં લઇ તેઓની મુશ્કેલી દૂર કરવા માટે ઘટતું કરવું જોઇએ.

પરિશિષ્ટ-૧

| ક્રમ | જ્ઞાતિ | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબદીઠ વાર્ષિક આવક | માથાદીઠ વાર્ષિક આવક | માથાદીઠ માસિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ માસિક ખર્ચ | દેવાદાર કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચમાર | ૯૮૯૩ | ૩૦૧૮ | ૬૨૧ | ૫૨ | ૩૫૧૩ | ૭૨૩ | ૬૦ | ૧૮૯૯ | ૧૨૭૩ |
| ૨. | મોચીગર | ૧૦૭૯ | ૩૩૬૯ | ૭૭૫ | ૬૪ | ૪૩૧૦ | ૮૮૭ | ૭૪ | ૧૫૬ | ૧૧૬૬ |
| ૩. | ભંગી | ૮૮૨૦ | ૩૪૬૪ | ૭૧૨ | ૫૯ | ૩૮૬૦ | ૭૯૪ | ૬૬ | ૧૮૫૬ | ૭૧૨ |
| ૪. | ગરોડા-ગરો | ૧૪૨૬ | ૩૧૪૭ | ૬૪૬ | ૫૪ | ૩૪૧૦ | ૭૦૨ | ૫૮ | ૨૩૫ | ૧૪૦૬ |
| ૫. | માહયાવંશી | ૪૩૬ | ૨૮૨૯ | ૫૮૨ | ૪૮ | ૩૪૭૮ | ૭૧૬ | ૬૦ | ૧૩૫ | ૬૦૩ |
| ૬. | વણકર | ૧૮૬૪૬ | ૩૨૩૮ | ૬૬૬ | ૫૬ | ૩૪૯૪ | ૭૧૯ | ૬૦ | ૩૨૦૨ | ૧૦૫૪ |
| ૭. | માતંગ | ૩૮ | ૨૮૪૨ | ૫૮૫ | ૪૯ | ૨૬૨૧ | ૫૩૯ | ૪૫ | ૪ | ૫૦૦ |
| ૮. | નાડીયા | ૭૧૦ | ૨૭૩૩ | ૫૬૨ | ૪૭ | ૩૦૯૯ | ૬૩૮ | ૫૩ | ૬૫ | ૫૦૦ |
| ૯. | સેનવા | ૧૦૫૦ | ૨૬૫૯ | ૫૪૭ | ૪૬ | ૩૦૫૪ | ૬૨૮ | ૫૨ | ૧૮૩ | ૧૪૨૭ |
| ૧૦. | તીરગર | ૬૧ | ૨૭૬૪ | ૫૬૯ | ૪૭ | ૨૬૨૬ | ૫૪૦ | ૪૫ | ૨૯ | ૧૩૪૪ |
| ૧૧. | તુરી | ૫૧૫ | ૨૯૪૪ | ૬૦૬ | ૫૦ | ૩૬૮૯ | ૭૫૯ | ૬૩ | ૬૬ | ૧૩૯૭ |
| ૧૨. | બાવા | ૧૩૭ | ૨૯૪૩ | ૬૦૬ | ૫૦ | ૩૬૪૮ | ૭૫૧ | ૬૩ | ૧૪ | ૧૧૭૮ |
| ૧૩. | મેઘવાળ | ૨૬૧૪ | ૪૩૩૮ | ૯૦૧ | ૭૫ | ૪૧૦૧ | ૮૪૪ | ૭૦ | ૧૫૫ | ૭૦૧ |
| | કુલ | ૪૫૪૨૫ | ૩૨૮૦ | ૬૭૪ | ૫૬ | ૩૬૦૫ | ૭૮૧ | ૬૧ | ૭૯૯૯ | ૧૧૬૫ |

# ગુજરાતનો ચર્મઉદ્યોગ અને વિકાસ માટેની યોજના

અહેવાલ લેખન : પુસ્પાબેલી મસવી
સારદોહન : દિલીપ પરમાર

**પ્રસ્તાવના :**

સામાન્ય રીતે જયારે કોઇ પણ વિષય અંગે વિચાર કરતા હોય ત્યારે તેના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને ધ્યાનમાં રાખીને ઉલ્લેખ કરવો ઘણો જરૂરી બને. કારણ કે તેનાથી તે વિષયની સ્પષ્ટતા ઘણી જ સારી રીતે થઇ શકે. અહિયાં 'ગુજરાતનો ચર્મઉદ્યોગ અને વિકાસ માટેની યોજના' ના વિષયના સંદર્ભમાં સામાન્ય ઝાંખી કરાવવાનો પ્રયત્ન કરું છું.

આ ઉદ્યોગ મોટે ભાગે અનુસૂચિત જાતિની ચમાર જ્ઞાતિ સાથે વણાયેલો છે અને ગુજરાત રાજયને ધ્યાનમાં રાખીને આ ચર્મઉદ્યોગ અને તેના વિકાસ માટેની યોજના વિષે વિચારવાનું હોય આથી અનુસૂચિત જાતિની વસ્તીનું પ્રમાણ ભારતમાં, ગુજરાતમાં અને જુદા જુદા જિલ્લાઓમાં જોવા પ્રયત્ન કરીએ.

ભારતમાં અનુસૂચિત જાતિની વસ્તી ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે લગભગ ૧૦ કરોડની છે. જે કુલ વસ્તીના ૧૫% જેટલી છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી ૨૪,૩૮,૨૯૭ છે. જે રાજયની કુલ વસ્તીના ૭.૧૫% જેટલી છે. અનુસૂચિત જાતિની વસ્તીની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાતનો નંબર ભારતમાં તેરમો આવે છે. ગુજરાતમાં ૧૯૭૧માં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીમાં ૬.૮૪% હતી જે વધીને ૧૯૮૧માં ૭.૧૫% થઇ હતી.

ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી સમગ્ર રાજયમાં પથરાયેલી છે. ગુજરાતના દરેક જિલ્લામાં અનુસૂચિત જાતિની વધતા ઓછા પ્રમાણમાં વસ્તી જોવા મળે છે. અનુસૂચિત જાતિની વસ્તી ૧૯૮૧ પ્રમાણે અનુક્રમે અમદાવાદ (૧૧.૨૭%), સુરેન્દ્રનગર (૧૦.૮૭%), કચ્છ (૧૦.૬૫%), બનાસકાંઠા (૧૦.૨૦%) આવેલી છે. સૌથી ઓછી વસ્તી ડાંગ જિલ્લામાં (૦.૬૬%) આવેલી છે. રાજયમાં અનુસૂચિત જાતિની ૧૯૭૧ પ્રમાણે વસ્તી અનુક્રમે વણકર (માહયાવંશી) ૪૩.૧૩%, ચમાર (ભાંબી -નાડ) ૨૨%, ભંગી (મહેર) ૧૪%, મેઘવાળ ૧૧%, સેનમા ૩%, ગરોડા ૩% અને અન્ય જ્ઞાતિના ૪% લોકો વસે છે.

રાજયમાં ચમારોની વસ્તી સાત જિલ્લાઓમાં પથરાયેલી છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજયમાં ચમારોની કુલ વસ્તી ૯૩૦૯૨ની હતી. જેમાંથી સુરેન્દ્રનગર જિલ્લામાં (૨૪.૪૭%) ભાવનગર જિલ્લામાં (૧૪.૨૧%), રાજકોટ (૧૯.૯૪%), જામનગર (૧૪.૭૩%), જૂનાગઢ (૧૧.૪૩%), અમરેલી (૯.૧૪%) અને કચ્છ ૬.૦૮%) આવેલી છે.

તાલુકાવાર વસ્તીને ધ્યાનમાં રાખીએ તો સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં વધારેમાં વધારે ચમારોની અને લખતર તાલુકામાં ઓછામાં ઓછી વસ્તી જોવા મળે છે. ભાવનગરમાં બોટાદ તાલુકામાં વધારેમાં વધારે અને સાવરકુંડલા તાલુકામાં ઓછામાં ઓછી વસ્તી જોવા મળે છે. કચ્છમાં નખત્રાણા તાલુકામાં વધારે અને મુન્દ્રા તાલુકામાં ઓછી વસ્તી જોવા મળે છે. અમરેલીમાં રાજુલા તાલુકામાં વધારેમાં વધારે અને લીલીયા તાલુકામાં ઓછી વસ્તી જોવા મળે છે. રાજકોટ જિલ્લામાં રાજકોટ તાલુકામાં વધારેમાં વધારે લોધીકા તાલુકામાં ઓછામાં ઓછી વસ્તી જોવા મળે છે. જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ તાલુકાની વધારે અને માંગરોલ તાલુકામાં ઓછી વસ્તી જોવા મળે છે. જામનગર જિલ્લામાં જામનગર તાલુકામાં વધારે અને ભાણવડ તાલુકામાં ઓછી વસ્તી જોવા મળે છે. આ રીતે દરેક જિલ્લામાં તાલુકાવાર ચમારોની વસ્તીની પરિસ્થિતિ જોતાં ખ્યાલ આવે છે કે વધારેમાં વધારે સુરેન્દ્રનગર જિલ્લામાં અને ઓછામાં ઓછી કચ્છમાં ચમારોની છે.

પશુધનની સંખ્યા અને તેનું મરણ પ્રમાણ :

ચર્મ ઉદ્યોગનો આધાર કેટલી સંખ્યામાં ચામડાં ઉપલબ્ધ બને છે તેની ઉપર છે. આ સંદર્ભમાં પશુધનની સંખ્યા અને તેનું પ્રમાણ જાણવું જરૂરી છે. માટે આ પ્રકરણમાં પશુધનની સંખ્યા, ઉત્પાદકતા તેમજ પ્રવર્તમાન જન્મદર તથા મૃત્યુદરની જાણકારી પ્રાપ્ત કરવામાં પ્રયાસ કર્યો છે. સંખ્યા ગણના દર પાંચ વર્ષે કરવામાં આવે છે તે પ્રમાણે કુલ પશુ સંખ્યા ૧૯૬૧માં ૧.૩૪ લાખ, ૧૯૬૬માં ૧.૪૩ લાખ, ૧૯૭૨માં ૧.૫૦ લાખ, ૧૯૭૭માં ૧.૪૪ લાખ, ૧૯૮૨માં ૧.૮૩ લાખ છે. આ પરિસ્થિતિ જોતાં ખ્યાલ આવે છે કે ૧૯૬૧થી ૧૯૭૨ સુધી પશુધનની સંખ્યા ક્રમશ: વધતી ગઇ છે. જ્યારે ૧૯૭૭માં થોડી ઓછી જોવા મળે છે. ૧૯૮૨માં પણ વધારે જોવા મળે છે.

પશુધનની ઉત્પાદકતા, જન્મ, મૃત્યુદર અંગે ઘણા જ ઓછા અભ્યાસો થયેલા છે. ઇન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ મારફતે થોડા અભ્યાસો થયેલા જોવા મળે છે. પણ તેમાં ચોકકસ પધ્ધતિ જોવા મળતી નથી.

ગુજરાતમાં વય (ઉંમર) પ્રમાણે ૧૯૫૬, ૧૯૬૧ અને ૧૯૬૬ની પશુધનની વસ્તી ગણતરીના પાંચ ગામોનો ઉપયોગ કરીને ત્રણે વર્ષોમાં૦-૫થી ૧.૫ વર્ષ સુધીના તથા ૧.૫થી ૨.૫ વર્ષ સુધીના વયજૂથ માટેના મરણોની સંખ્યા તથા ટકાવારી તારવવામાં આવી હતી તેના આધારે ધારણા કરી શકાય કે

૧. દર વર્ષે જન્મની સંખ્યા સરખી રહે છે.

૨. પાંચ વરસના સમયગાળા માટે ૧થી ૨ વર્ષ અને ૩ વર્ષના વયજૂથ માટેના પશુધનની સંખ્યા તેમના અગાઉના વયજૂથ માટેની સંખ્યાના સરખા તેમજ અચલ પ્રમાણમાં જોવા મળે છે.

અત્યાર સુધીમાં કોઈ વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થયો નથી. ૧૯૭૧માં શ્રી કે. બા. [illegible] કુદરતી મરણ પ્રમાણની માહિતી આપી છે. તેના આધારે ૧૯૭૭માં અને ૧૯૮૨માં કેટલાં ચામડાં પ્રાપ્ય બને છે તે દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ૧૯૮૨માં કુલ ૧૪.૬૬ હજાર ચામડાં પ્રાપ્ય હતા અને કુલ [illegible] માંથી ૨૮.૧૨ હજાર [illegible] પ્રાપ્ય હતી. આ આંકડા જોતાં ઘણા મોટા પ્રમાણમાં ચામડાની ખાલ પ્રાપ્ય છે છતાં ચામડા ખાસ ઓછા પ્રમાણમાં ઉપલબ્ધ બને છે. એટલે કે વ્યવસ્થિત રીતે એકત્રિકરણ થતું નથી. તેના માટે ઘણા અંતરાયો નડે છે. વાહનનો અભાવ, મૃતપશુની માહિતી મોડી પહોંચવી, રૂઢિગત ખાલ ઉતારવાની તૈયારી ઓછી, લોકોની અછત.

## ચર્મ ઉદ્યોગ અને તેનું મહત્વ :

ચર્મ ઉદ્યોગને જો સારી રીતે વિકસાવવામાં આવે તો તેનાથી આ દેશને ઘણા મોટા પ્રમાણમાં માણસોને રોજી મળી રહે તેમ છે. તેમાંથી ઘણા જ પ્રકારના પદાર્થો પ્રાપ્ય બને છે. આ ઉદ્યોગને વિવિધલક્ષી ઉદ્યોગ પણ કહી શકાય. આ રીતે આ ઉદ્યોગનું મહત્વ ઘણું જ છે. પણ આ ઉદ્યોગને વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવામાં આવે તો ઘણો ઉપયોગી છે. પણ હજુ ગામડાઓમાં તે કારીગરોને વૈજ્ઞાનિક જાણકારીનો ઘણો જ અભાવ જોવા મળે છે. આથી આ મહત્વ જે અંકાવું જોઈએ અંકાતું નથી. આ પ્રકરણમાં તેના માટે ખાસ તાલીમ અને વૈજ્ઞાનિક પધ્ધતિ વિષે બતાવવા પ્રયાસ જોવા મળે છે અને તેની જુદી જુદી પધ્ધતિઓ પણ બતાવવામાં આવી છે. જેવી કે (૧) ચૂના વડે ચામડું પકવવાની રીત (૨) દેશી ચામડાને પકવવાની રીત આ રીતે બે પધ્ધતિ અને તેનાં સાધનો વિષે બતાવવા પ્રયાસ કર્યો છે.

## સંશોધન અભ્યાસના હેતુઓ અને પધ્ધતિ :

ચર્મ ઉદ્યોગ એ પરાપૂર્વથી ચાલી આવતો વ્યવસાય છે. વંશપરંપરાગત રીતે આ ધંધો અનુસૂચિત જાતિના લોકો કરે છે. તેમને ચમારના નામે ઓળખે છે. આ જાતિ ઘણા જ ગરીબ, અજ્ઞાન છે. તથા બીજા સમાજમાં અસ્પૃશ્ય છે.

### હેતુઓ :

ચર્મ ઉદ્યોગની સ્થિતિ, પરિવર્તન, મુશ્કેલીઓ આ અંગે સૂચનો દર્શાવવાનો હેતુ રહેલો છે.

### મહત્વ :

ઘણાં કારણોસર આ ઉદ્યોગ નબળો થતો જાય છે. આથી તેને વિકસાવવાનું મહત્વ છે. સાનુકૂળ વલણ અપનાવે તો આ ધંધાના વિકાસ સાથે સાથે અનેક શિક્ષિત, અર્ધશિક્ષિત બેકારોને રોજી રોટી મળી રહેશે.

પધ્ધતિ :

ખાસ પ્રશ્નાવલી પધ્ધતિનો ઉપયોગ કરીને ૧૦૧ ગામોમાંથી ૩૦૦ કુટુંબોનું સર્વેક્ષણ કરેલ છે.

તપાસમાં લીધેલ કુટુંબોના અભ્યાસની ફલશ્રુતિ :

આ પ્રકરણમાં કુલ ચમાર કુટુંબોમાંથી મુખ્ય વડાની સાક્ષરતા વિષે માહિતી મેળવવામાં આવી છે. આ ઉધોગમાં કામ કરતા કુટુંબોના સભ્યોની માહિતી પણ પ્રાપ્ય છે. આ કુટુંબો ખેતી અને ચર્મ ઉધોગ વિષે પણ માહિતીની ઝાંખી કરેલ છે અને જુદા જુદા કુટુંબોમાંથી કોઇ દસ વર્ષથી કોઇ ૨૫ વર્ષથી કામ કરે છે તે વિષે પણ માહિતી છે. ઘણા ગામોમાં તેની કિંમત સ્વરૂપ રૂ.૫થી ૧૦પણ ચૂકવવામાં આવે છે તે બતાવે છે અને તેમાંથી બનતાં સાધનો વિષે સારો એવો ખ્યાલ આપેલ છે. તેની ખાસ જુદા જુદા સ્થળે ઉતારતા હોય છે તેની પરિસ્થિતિ અંગે માહિતી આપેલ છે. આ અંગે ચર્મ ઉધોગમાં રોકાયેલ કુટુંબમાંથી કેવી અને કેટલી આવક મેળવે છે તે દર્શાવવામાં આવેલું છે. જિલ્લાવાર ચર્મ ઉધોગમાં રોકાયેલા કુટુંબોની આર્થિક સ્થિતિ, શિક્ષણની સ્થિતિ તથા ધંધા રોજગાર અને સાધનોની માહિતી આપેલ છે.

ચર્મ ઉધોગમાં પડતી મુશ્કેલીઓ અને વિકાસ માટેનાં સૂચનો :

આ ઉધોગ છૂટો છવાયો છે. આજે પણ અસંખ્ય ચર્મકારો આ ધંધામાં રોકાયેલા છે. તે ગ્રામોણ પધ્ધતિથી થાય છે. ઘણી જ યોજનાઓ ચાલે છે તે વિષે ખ્યાલ નહોતો પણ આ સર્વેક્ષણ કર્યા પછી મુશ્કેલીઓ જાણવા મળી છે તેના ઉપરથી સૂચનો પણ તારવવામાં આવ્યાં છે.

મુશ્કેલીઓ :

તપાસ દરમ્યાન તેમના ધંધામાં (૧) ઢોરને લાવવાની વ્યવસ્થા નથી. (૨) ખાલ ઉતારવાના સ્થળનો અભાવ (૩) ચામડું પકવવાની કોઇ વ્યવસ્થા નથી. (૪) ચામડાં પૂરતા પ્રમાણમાં મળતાં નથી. (૫) ચામડું પકવવા માટે સાધનોનો અભાવ. (૬) આર્થિક પરિસ્થિતિનબળી, ગમે ત્યાં ચામડું વેચાણ કરે છે (૭) માલની સામે ધીરાણ મળતું નથી (બેન્કો) (૮) પાણીના અભાવને કારણે વિકાસ થઇ શકતો નથી. (૯) કાચા કુંડને કારણે પણ ચામડાને નુકસાન થાય છે. આ રીતે સાધન, પાણી પધ્ધતિ વગેરે રીતે ઘણી જ મુશ્કેલીઓ જોવા મળે છે.

વિકાસ માટેનાં સૂચનો :

(૧) જે તે ગામોમાં ચમારોના વસ્તી હોય અને ચર્મ ઉધોગ કરતા હોય તેમના માટે વૈજ્ઞાનિક રીતે ચામડું ઉતારવા માટે એક ઓટલો હોવો જોઇએ જેથી પધ્ધતિસર [illegible] કરી શકાય.

(૨) જે સ્થળોએ વાર્ષિક ઓછામાં ઓછા ૧૦૦ મોટા અને ૨૦૦ નાના મૃત પશુઓ મળતા હોય તેવાં સ્થળોએ પધ્ધતિસાર છેદીને ચામડું ઉતારી લીધા પછી જે બાકી રહેલા અન્ય અવશેષોને ઉપયોગમાં લઇ તેમાંથી પેદા થતી આડ પેદાશોનો ધંધાનો વિકાસ કરી તેમની આવકમાં વધારો કરી શકાય.

(૩) બોનક્રસીંગ યુનિટની સ્થાપના કરવી જોઇએ. આર્થિક મદદ કરવી જોઇએ. ખાદી ગ્રામોધોગ

બોર્ડ મારફતે ચાલે છે પણ આ જાણકારી ઘણા ઓછાને હોય છે.

(૪) ૨૦૦થી ૩૦૦ ચામડાં મળતાં હોય એવા સ્થળે વીલેજ ટેન ટી શરૂ કરી શકાય. સહકારી મંડળી કે સંસ્થા મારફતે ઊભી કરી શકાય.

(૫) રીટેનીંગ અને ફાનીસીંગ કેન્દ્ર : ગામડાના નાના કારીગરો પોતાનો માલ આવાં કેન્દ્રોમાં રીટેન અને ફાનીસીંગ કરાવે જો તેમને ઘણો જ લાભ થાય છે. આવાં કેન્દ્રો સહકારી અથવા વ્યકિતગત ધોરણે ઊભાં કરી શકાય.

આ રીતે કેટલીક યોજનાઓ સારી રીતે અમલમાં મૂકવામાં આવે તો ચર્મકારોને આધુનિક પધ્ધતિનું જ્ઞાન મળે. તેમના કામ ધંધાનો વિકાસ થાય અને વધુ રોજી મળી શકે. અને આ રીતે ચર્મ ઉદ્યોગમાં રોકાયેલા ચમારોની આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકાશે.

...

## ગુજરાતના હરિજન સાધુ

(એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજશાસ્ત્રીય અભ્યાસ )

અહેવાલ લેખન : કાન્તિલાલ કા. મકવાણા
સારદોહન : કાન્તિલાલ મકવાણા

હરિજન કોમોમાં એવી પણ કેટલીક જાતિઓ છે જે વિશિષ્ટ અને આગવી પ્રતિભા ધરાવે છે. અને કેટલીક જાતિઓની ખાસ સમસ્યાઓ છે તેવી જાતિઓનો સાર્વાંગી અભ્યાસ એટલા માટે જરૂરી લાગ્યો કે તેમના વિષે વિકાસની યોજનાઓ સૂચવી શકાય. આ અન્વયે કેન્દ્ર દ્વારા 'ગુજરાતના હરિજન સાધુ' નો અહેવાલ લખાયો. હરિજન સાધુઓના અભ્યાસમાં અને તેઓની તપાસ કરતાં ઘણી આપણાથી અજાણે હોય તેવી વિગતો જાણવા મળી છે જે આ અહેવાલના જુદા જુદા પ્રકરણોમાં રજૂ કરી છે. આ જાતિનાં મહત્વના પાસાઓનો અહીં ટૂંકસાર રજૂ કર્યો છે. સાથે સાથે આ જાતિના વિકાસ માટેના સૂચનો પણ રજૂ કર્યા છે.

### વસ્તી, વિસ્તાર અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

સૌથી વધુ હરિજન સાધુઓની વસ્તી સુરેન્દ્રનગરમાં આવેલી છે. ત્યારબાદ મહેસાણા, ભાવનગર, જૂનાગઢ અને રાજકોટમાં છે. સુરત, વલસાડ, પંચમહાલ અને ખેડામાં નથી. જયારે ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, ભરૂચ, અમદાવાદ, જામનગર અને અમરેલીમાં નહીંવત છે.

આ લોકો મૂળ વણકર કોમમાંથી બાવા સાધુ બન્યા છે અને વંશપરંપરાગતથી હવે તેઓ ઢેડબાવા, બાવાઢેડ, ઢેડસાધુ, હરિજન બાવા, હરિજન સાધુ વગેરે જુદા જુદા નામે ઓળખાતા આવ્યા છે. પહેલાના વખતમાં 'અગ્રાવત' અને 'કુગ્રાવત' એમ બે ભાઇઓ આ કોમમાં થઇ ગયા. કુગ્રાવતના વંશજો બ્રહ્મચારી બાવા થયા અને અગ્રાવતના વંશજો સંસારી બાવા થયા. આજે પણ બ્રહ્મચારી બાવા અપરિણીત જ રહે છે અને બને ત્યાં સુધી સંસારથી અલગ રહે છે. જયારે સંસારી બાવા લગ્ન કરે છે. ઘર સંસાર માંડે છે. ગામમાં મંદિર રાખે છે અને જીવન ગાળે છે. આ લોકોની આખી કોમ જ આજે અલગ અસ્તિત્વ ધરાવે છે. આ સમાજની ઉત્પત્તિ અંગે ઘણી દંતકથાઓ પણ પ્રવર્તે છે.

### ભૌતિક સંસ્કૃતિ :

સાધુઓના ઘર હરિજનવાસમાં યા વણકરવાસમાં લગોલગ તથા છૂટાછવાયા બંને પ્રકારે આવેલા છે. તેમનાં ઘરો માટી તથા પથ્થરથી અથવા સ્થિતિ સારી હોય તો ચૂના અને પથ્થરથી બનાવેલાં હોય છે. પથ્થરો ઉપલબ્ધ ન હોય તેવા સ્થળે ઈંટો કે કાચી માટીની દીવાલો પણ જોવા મળે છે. ઘર ઉપરનું છાજ દેશી નળિયાંનું અથવા વિલાયતી નળિયાંનું જોવા મળે છે.

સાધુઓના ઘરો મોટે ભાગે એક ખંડવાળા અપૂરતી સગવડવાળા હોય છે. નહાવા ધોવાની તથા સંડાસની જે વ્યવસ્થા હોવી જોઇએ તે નથી. સડાસ ખુલ્લામા જ જવું પડે છે.

ઘરવખરીના સાધનો પોતાની જરૂરિયાતને સંતોષી શકે તેટલા હોય છે. જે હોય છે તે પણ વધુ કિંમતી હોતા નથી. તેમ છતા મુખ્યત્વે પિત્તળ, એલ્યુમિનિયમના મોટા ભાગના જોવા મળે છે.

સાધુ પુરુષોનો પોશાક સાદો હોવા છતા પ્રતિષ્ઠિત વ્યકિતની છાપ ઉપસાવતો હોય છે. શરીર ઉપરના ભાગમાં ટેરલીનનો, ટેરીખાદી કે પાતળી ખાદીનો ઝભ્ભો પણ પહેરે છે. કેડથી નીચેના ભાગમાં પાતળા પોતની [illegible] મુલાયમ ધોતી પહેરે છે. સ્ત્રીઓ પૂરા હાથની બાંયી સાડી, રંગીન ઘેરવાળો ઘાઘરો અને બ્લાઉઝ અથવા કબજો પહેરે છે.

પુરુષો કરતા સ્ત્રીઓમાં ઘરેણા વધુ પહેરાય છે. સોનાના અને ચાંદીના ઘરેણા તેઓ પહેરે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે ઘરેણા જૂજ સંખ્યામા હોય છે.

સાધુઓનો ખોરાક સામાન્ય રીતે હલકાં તથા જાડા પ્રકારના ધાન્યો છે. તેઓ સવારે લુખ્ખી ચા પીએ છે, બપોરે શાક રોટલો, છાશ રોટલો કે દાળ રોટલો અને સાંજે મગની કે દાળ મિશ્રિત ખીચડી કે શાક રોટલા ખાય છે.

શિક્ષણ :

સાધુઓમા શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પુરુષો અને સ્ત્રીઓમા શિક્ષણની વિગતો જોતા એ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે સાધુ સ્ત્રીઓમાં તો લગભગ નહીવત જ શિક્ષણ જોવા મળે છે. આ અંગે તેઓનું વલણ એવું છે કે દીકરીને જો વધુ ભણાવે તો યોગ્ય મુરતીયો મળવો કઠીન હોય છે. તેથી તેઓ સ્ત્રીઓને વધુ ભણાવવાનું પસંદ કરતા નથી. પુરુષોમાં જે ભણેલા છે તેમાં પણ મોટા ભાગના પ્રાથમિક અને માધ્યમિક કક્ષા સુધીના જ છે. તેઓમાં શિક્ષણ પ્રત્યેની રૂચિ વધે અને વધુ શિક્ષણ લેતા થાય તેવા પ્રયત્નો કરવા ખૂબ જરૂરી છે.

સાધુઓનું આર્થિક જીવન :

સાધુઓના આર્થિક ઉપાર્જન માટેના સ્ત્રોતોમાં મજૂરી, વણાટકામ, ભિક્ષાવૃત્તિ, વેપાર અને નોકરી કરે છે. તેઓ મોટા ભાગે ભિક્ષાવૃત્તિ અને મજૂરી કરતા જોવા મળ્યા હતા. મજૂરીમાં પણ ખેતમજૂરી તથા છૂટક મજૂરી તેઓ કરે છે.

સાધુઓના આવક માટેના સ્ત્રોત ખૂબ જ ઓછા છે. આ ઉપરાંત તેમનામાં નથી કોઇ અન્ય આવડત કે આવક મેળવી શકે. પરિણામે તેઓને હરિજન સમાજ પર નિર્ભર રહેવું પડે છે. જમાનો બદલાયો છે તેમ તેઓનું મહત્વ ઘટતું જાય છે. કોઇ બોલાવે ન બોલાવે દક્ષિણા ઓછી પણ મળે આ બધા સંજોગોમાં સાધુ સમાજ કચડાઇ રહયો છે.

સાધુઓના જીવનનિર્વાહ માટે અનાજથી માંડીને કપડાં, પગરખાં, મુસાફરી, દવા તથા સામાજિક અને ધાર્મિક બાબતોમા તેઓ ખર્ચ કરે છે. મનોરંજન અને મોજશોખ પાછળ તેઓ ખર્ચ કરતા નથી. ઘણાં બધાં કુટુંબોમાં આવક કરતાં પણ ખર્ચ વધુ થતો જોવા મળે છે. આ ખર્ચને પહોંચી વળવા માટે સગાવહાલાં પાસેથી કે વેપારી પાસેથી વ્યાજથી આ ઉછીના પૈસા લાવીને દેવું કરે છે. મોટાં ભાગે ખાધા ખોરાકીનું કે સામાજિક પ્રસંગોમા દેવું થતું જોવા મળે છે.

સાધુઓનું સામાજિક જીવન :

રજસ્વલા સ્ત્રીને તેઓ 'ધર્મમાં આવી છે' એમ કહે છે. આ સમયે કયાં કામ થાય અને કયાં ન થાય આ અંગે ચોકકસ નિયમ પાળવામાં આવે છે. સ્ત્રી પાંચમા દિવસે માથું ધૂએ છે. માથું ધોયા પછી જ તે તમામ કામો કરે છે. ગર્ભ રહયાના પાંચમા કે છઠ્ઠા માસે કન્યાના સાસરીયામાં ખોળો ભરવાની વિધિ કરાય છે. કન્યાની પહેલી સુવાવડ પિયર થાય છે. પ્રસૂતિ દાયણ પાસે ઘેર કરાવે છે. અને નજીકમાં કે ગામમાં દવાખાનાની સગવડતા હોય તો દવાખાનામાં પ્રસૂતિ કરાવે છે. પુત્ર જન્મના પાંચમા કે છઠ્ઠા દિવસે હરિજન બ્રાહ્મણ દ્વારા બાળકના નામકરણની વિધિ થાય છે. પુત્રને ૧૧ વર્ષે જનોઈ આપે છે.

સાધુ જાતિમાં છોકરો કે છોકરી પુખ્ત થાય ત્યાર બાદ તેનાં લગ્ન થાય છે. સગાઈ નકકી કરવામાં છોકરા છોકરીને પૂછવામા આવતું નથી. વર વહુની પસંદગીમાં સામાન્ય રીતે ઉંમર, રંગ, રૂપ, આબરૂ, ઘર વગેરે લક્ષમાં લેવાય છે. આજકાલ શિક્ષણ અને નોકરીને પણ મહત્વ મળવા લાગ્યું છે. સગાઈની વિધિ કન્યાને ઘેર થાય છે. સગપણ કરવા વાત્તાડિયા સહિત ત્રણ માણસો જાય છે એક રાત રોકાય છે. ત્યારબાદ ચાંદલા કરવાની વિધિ કરાય છે. આ ચાંદલા કરવા માટે કન્યા પક્ષેથી વર પક્ષના ઘેર જાય છે. આ વિધિને 'લગ્ન વધાવવાં' પણ કહે છે. લગ્નના ત્રણ દિવસ પહેલાં ગણેશ માંડવામાં આવે છે. જાન જાય તેની આગલી રાત્રીએ જયારે હ[illegible]રણાની વિધિ થાય ત્યારે પંચ સમક્ષ વરનો મામો મામેરું ભરે છે. જાનમાં પંચના ધારાધોરણ મુજબ જાનૈયા જાય છે. અને દહેજ પણ નાત રિવાજે પંચ સમક્ષ થાય છે. પરંતુ તેઓ સાથે ચર્ચા દરમ્યાન એવું પણ જાણવા મળ્યું હતું કે આજકાલ મોંઘવારી પેટે પણ સારી એવી રકમ લેવાય છે અને તે ખાનગીમાં અપાય છે. મોંઘવારી લીધા પછી દીકરીનો બાપ જો આણું સારું ન કરે તો પતિ પત્ની વચ્ચે, સગા સગા વચ્ચે વિખવાદ થાય છે અને એવું પણ જાણવા મળ્યું હતું કે કેટલાક કિસ્સાઓમાં સ્ત્રીઓમાં આપઘાત આવાં કારણોસર બને છે. દીકરીનું છેલ્લુ આણું લગ્ન પછીની બીજી દિવાળીએ કરવામાં આવે છે. છૂટાછેડાની પ્રથા ખૂબ ઓછી છે. અને તે નાત રિવાજે રાજીખુશીથી લેવામાં આવે છે. છૂટાછેડા લીધા પછી પુનરલગ્ન [illegible]

છે તેને આ સમાજમાં 'નાતરું' કહે છે. પુરુષ કુવારી કન્યા સાથે પુનરલગ્ન કરી શકે છે. કન્યાને અડજવાર પીઠી ચડે છે. જયારે મુરતિયો ગમે તેટલીવાર લગ્ન કરી શકે છે. દિયરવટુ, સાળીવટુ અને બહુપત્નીત્વ નહીંવત જોવા મળે છે.

સાધુને મૃત્યુ બાદ વૈકુઠી યા ડોળીમાં બેસાડીને લઇ જવામાં આવે છે તેને કાન ટોપી અને ભગવો ખલકો પહેરાવે છે. જે ડોળીમાં બેસાડવામાં આવે છે તેની આજુબાજુ ભગવા રંગનું કપડું બાંધવામાં આવે છે. આ કપડું કોઇને ન આપતાં તે કુટુંબની દીકરી ભાણેજને વહેંચી આપવામાં આવે છે. કોઇ મોટા સાધુએ સમાધિ લીધી હોય તો તે સમયે હાજર રહેલા દરેક સાધુને આ કપડાનો હિસ્સો આપવામાં આવે છે. તેને તેઓ નિધિ તરીકે સાચવી રાખે છે. મૃત્યુ બાદ ત્રીજા દિવસે તરેયો હોય છે. બારમાનો રિવાજ પણ જોવા મળે છે. બારમુ મરનાર વ્યકિતના દીકરા અથવા ભાઇઓ કરે છે.

## કુટુંબનું સ્વરૂપ :

સાધુ જાતિમાં કુટુંબ પિતૃસત્તા, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય હોય છે. તેથી તેમના કૌટુંબિક જીવનમાં પુરુષ પ્રધાનતા જોવા મળે છે. સ્ત્રી લગ્ન કરીને પુરુષને ત્યાં રહેવા જાય છે. તેઓમાં બે પ્રકારની કુટુંબ વ્યવસ્થા જોવામાં આવે છે. કેન્દ્રીય કુટુંબ વ્યવસ્થા અને સંયુકત કુટુંબ વ્યવસ્થા. કુટુંબની કમાણી બાપા રાખે છે નહીં તો મોટો દીકરો રાખે છે.

## ગોત્ર :

ગોત્રને તેઓ કુળ કે સાખના નામથી ઓળખે છે. સાધુ થયા પછી મૂળ જે પેટા જાતિ હોય તે જ ગોત્ર રહે છે. જેમ કે વણકરમાંથી સાધુ થયા હોય તો વણકરમાં જેટલા ગોત્ર હોય તે જ ગોત્ર યથાવત રહે છે.

## સામાજિક સંરચના :

ગામોમાં તેઓની સંખ્યા છૂટક છૂટક વહેંચાયેલી હોય છે. સાધુ જાતિનો મહોલ્લો વધુ સંખ્યામાં રહેતા હોય તો ગામના છેવાડે હરિજનવાસમાં જ આવેલો હોય છે. તેઓનું પણ પરગણાવાર જુદું જુદું બંધારણ હોય છે. અભ્યાસમાં વિષ્ણુ સંપ્રદાયના સાધુ સંપ્રદાયનું પાંચ પરગણા (૧) ચુડા (૨) વઢવાણ (૩) લખતર (૪) ધાંગધ્રા (૫) મુળી નુ બંધારણ આપ્યુ છે.

અન્ય જાતિઓ સાથે તેઓના સારા સંબંધો હોય છે. સ્વભાવે મિલનસાર અને મધુરભાષી હોવાથી હરિજન સમાજ ઉપરાંત અન્ય સમાજ પણ તેઓની ઇજ્જત કરે છે.

**સાધુઓનું ધાર્મિક જીવન :**

હિંદુઓના દેવ દેવીઓ વગેરેને તેઓ માને છે. ચુસ્ત હિંદુધર્મી છે. હરિજનોને હિંદુઓ તરીકે જો કોઈએ ટકાવ્યા હોય તો આ સાધુ સમાજે. સવર્ણ સમાજ જેના પડછાયાથી દૂર ભાગતો હતો ત્યારે આ સાધુઓ ધર્મની ધજા લઈને ઘેર ઘેર ફર્યા અને રામાયણ, ગીતા અને ઉપનિષદ્નું જ્ઞાન આપ્યું છે.

સાધુ સમાજમાં ઘણા સંપ્રદાયો જોવા મળે છે. જેમ કે રામાનંદી, વિષ્ણુપંથી, અતીતપંથ, ઓઘડપંથ, ભૈરવીપંથ, તિરથવાસી, ગીરી, પરી, નાથપંથ, કાપડી, કાપડી માર્ગીયા, અગ્રાવત, કુબાવત વગેરે.

સાધુઓ હરિજનોના ગુરુ છે. તેથી તેઓ શિષ્ય બનાવે છે ત્યારે વિધિ કરે છે અને ગુરુલંઈ આપીને ડાબા તથા જમણા કાનમાં બીજમંત્ર બોલે છે. અને સન્માર્ગે ચાલવાની આજ્ઞાઓ આપે છે. જે શિષ્યે ચૂસ્તપણે પાળવાની હોય છે. તેઓ હરિજન સમાજમાં પણ પાટ કરે છે તથા ઠાકરથાળી પણ કરે છે. ઠાકરથાળીમાં ભજનોની વાણીના ઘણા પ્રકારો સહિત હરિજન સંતોની વાણીનું રસપાન કરાવે છે તથા આખ્યાનો કહે છે.

તહેવારોમાં તેઓ હિંદુ સમાજના તમામ તહેવારો તેઓ પોતાની સ્થિતિ પ્રમાણે ઉજવે છે. તેમાં ઉતરાયણ, શિવરાત્રી, હોળી, સાતમ આઠમ, નવરાત્રી, દિવાળી, ભાઈબીજ મુખ્ય છે.

**સાધુ સમાજની સમસ્યાઓ અને ઉકેલ :**

૧. સાધુઓના આર્થિક જીવનનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે તેઓ આર્થિક રીતે ખૂબ જ કંગાળ જીવન વિતાવે છે. આ સમાજની જો આ કરુણતા દૂર કરવી હોય તો પ્રથમ તો તેઓને હરિજન સમાજના આધારે જીવતા બચાવવા જોઈએ. બીજા અર્થમાં કહીએ તો તેઓને આર્થિક પગભર કરવા જોઈએ. તે માટે તેઓને ખાસ આર્થિક સહાય આપવી જોઈએ. જેથી તેઓ કોઈ ઉદ્યોગ ધંધો કરી શકે. આ ઉપરાંત નવા ધંધા રોજગાર માટે તાલીમ પણ આપવી જોઈએ. જેથી તેઓ પગભર થઈ શકે. જેમ કે કડિયાકામ, સુથારીકામ, વણાટકામ, સિવણકામ, તથા ભાડેથી ભ ફેરવી રોજી કમાવવા માટે ઊંટલારી, બળદ, ઓટોરીક્ષા, ટમ્પો, હાથલારી, રેંકડી, જેઓએ શિક્ષણ લીધું છે તેઓને માટે ઈલેકટ્રીશીયન, વાયરમેન, ટર્નર, ફીટર, વેલ્ડર, હીરા ઉદ્યોગ, ઘડિયાળ રીપેરર વગેરે તાલીમની વ્યવસ્થા થવી જોઈએ. આ ઉપરાંત બહેનો માટે અંબર ચરખા, ઉનવણાટ, ભરતગૂંથણ, સીવણકામ, અગરબત્તી બનાવવી, પાપડ વણવા વગેરે તાલીમની વ્યવસ્થા થવી જોઈએ.

૨. તેઓના આવાસો જર્જરીત જોવા મળ્યા હતા. તેમાં અપૂરતી સગવડો પણ છે. તદુપરાંત ઘણાં કુટુંબોમાં ત્રણથી વધુ કુટુંબો રહેતાં જોવા મળ્યાં હતાં તેઓને આવાસ માટે સરકારે જમીન આપવી જોઈએ. તથા મકાન બનાવી શકે તેવી સગવડતા કરી આપવી જોઈએ. સર્વેક્ષણ દરમ્યાન તેઓએ ફરિયાદ કરી હતી સાંધુ કુટુંબોને અગ્રક્રમ આપીને તેઓને માટે આવાસોની વ્યવસ્થા કરવી જોઈએ.

૩. મોટા ભાગનાં ઘરોમાં સંડાસ બાથરૂમ નથી તથા પાણીની સગવડતા ન હોવાથી પડતી મુશ્કેલીઓની રજૂઆત કરી હતી. તેઓને ગ્રામપંચાયત કે મ્યુનિસિપાલીટીએ સંડાસ, બાથરૂમ અને પાણીની વ્યવસ્થા કરી આપવી જોઈએ. આ ઉપરાંત જેઓ આજે પણ વીજળીથી વંચિત છે તેઓને રાહતદરે વીજળીનું કનેકશન આપવું જોઈએ.

૪. અભ્યાસ દરમ્યાન ઘણા બધા શિક્ષિત બેકારો યુવાનો નોકરીના અભાવે છૂટક મજૂરીએ જતા હતા બેકાર સાંધુ યુવાનો માટે નોકરીની વ્યવસ્થા કરવી જોઈએ અને તેઓને માટે ટેકનીકલ શિક્ષણની તાલીમ-વ્યવસ્થા કરવી જેથી તેઓ પગભર થઈ શકે.

૫. આ જ્ઞાતિને શિક્ષણમાં અન્ય સમાજની સાથે લાવવા માટે સરકારે પ્રાથમિક શાળાની ભણતર ... ખાસ લાભ આપવો જોઈએ. જેથી સાંધુ સમાજ તેમના બાળકોને શિક્ષણ તરફ વાળી શકે.

૬. સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યુ હતું કે ઓછા ટકાને કારણે તેઓને છાત્રાલયમાં પ્રવેશ મળતો નથી તેઓના પ્રવેશમાં ટકાવારીનું ધોરણ રાખવું જોઈએ નહીં અથવા સાંધુ જાતિના જ ખાસ બાળકો માટે સમાજ કલ્યાણ ખાતા દ્વારા સંચાલિત છાત્રાલયો તથા આશ્રમશાળાઓ શરૂ કરવી જોઈએ.

૭. આ જાતિના છોકરાઓને ટેકનીકલ ક્ષેત્ર આઈ. ટી. આઈ. પોલીટેકનીક, એન્જીન્યરીંગ કોલેજ તથા ડોકટરીમાં પ્રથમ પસંદગી આપવી જોઈએ. બીજી જ્ઞાતિના છોકરાઓ કરતાં વધુ છૂટછાટ આપવી જોઈએ.

૮. સાંધુ સમાજના જિલ્લાવાર સંમેલનો ભરીને અન્ય સમાજોની હરોળમાં આવે આ અંગેના પ્રયત્નો કરવા જોઈએ. આ ઉપરાંત, આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે કેટલો પાછળ છે તે સમજવા સંમેલનનું આયોજન કરવું જોઈએ.

૯. આ જાતિના વિકાસ માટે એક સમિતિની નિમણૂક કરવી જોઈએ. જે સંપૂર્ણ પોતાની નિગાહબાની આ સમાજની સમસ્યાઓ હલ કરે.

૧૦. સમાજ કલ્યાણ ખાતા તથા બેન્કો દ્વારા જે ધંધાકીય લોન મળે છે તેમાં આ જાતિના લોકોને અગ્રિમતા આપવી જોઈએ. જેથી ધંધા ઉદ્યોગની બાબતમાં તેઓ આગળ આવી શકે.

૧૧. શહેરોમાં વસતા આ જાતિના લોકોને ઘરની જગ્યા હોય તેને મકાન બનાવવા લોન આપવી જોઈએ. અથવા હાઉસિંગ બોર્ડ દ્વારા મકાનો બાંધી આપવાં, વેચાતુ લેનારને લોન આપવી.

૧૨. સર્વેક્ષણ દરમ્યાન ઘણા સાધુ ભાઈઓએ એવી રજૂઆત કરી હતી કે સમાજ કલ્યાણ દ્વારા અપાતા જાતિઓ અંગેના પ્રમાણપત્રમાં 'બાવા ઢેડસાધુ' લખેલું હોય છે તે તુચ્છકારવાચક છે. તેથી આ સર્ટિ.માં 'ઢેડ સાધુ'ની જગ્યાએ 'હરિજન સાધુ' અથવા 'વણકર સાધુ' લખી આપવું જોઈએ. આ અંગે તેઓએ ગુજરાત સરકારને પણ જાણ કરી હોવા છતાં કોઈ ફેરફાર થયો નથી.

૧૩. સાધુઓ હરિજનોના ગુરુ છે. હરિજન સમાજની દરેક પેટા કોમોમાં તેઓ ફરતા દેખાય છે. તેથી હરિજન ઉત્કર્ષના કામમાં તેઓને સરકારે જવાબદારી સોંપવી જોઈએ. તેઓને નશાબંધીના કાર્યમાં, કુટુંબ કલ્યાણના કાર્યમાં તથા અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં મહેનતાણું આપીને જવાબદારી સોંપવામાં આવે તો તેઓની સ્થિતિ પણ સુધરે અને સમગ્ર હરિજન સમાજની કાયા પલટ કરવામાં વેગ મળે.

૧૪. હિંદુ ધર્મના સાધુ સંમેલનોમાં કે પરિષદોમાં ધર્માધિકારીઓ અને ધર્મના વડાઓ દ્વારા હરિજન સાધુઓને નિમંત્રણ આપવામાં આવતું નથી કે તેઓનો મત લેવાતો નથી. વિશ્વ ઐકયની ભાવના સાથે [illegible] હિંદુ ધર્મના અને તેની સંસ્કૃતિના પાલક એવા અન્ય સમાજે તેમને આવકારવા જોઈએ અને ધર્મના દરેક કામોમાં તેમને સાંકળવા જોઈએ.

ઉપરોક્ત હરિજન સાધુઓના સર્વાંગી વિકાસલક્ષી અભ્યાસનો ટૂંકસાર છે. તેઓ દ્વારા થયેલાં સૂચનો ધ્યાન ખેંચે તેવાં છે. તેના પર સામાજિક કાર્યકરો, સંશોધકો, ખાનગી સંસ્થાઓ અને સરકાર દ્વારા ધ્યાન અપાય અને વિકાસ માટે પગલાં લે તો આ સમાજ પગભર બનીને સ્થિર બની શકે.

• • •

# પટેલિયા જાતિ તપાસ

અહેવાલ લેખન : ભીખાભાઈ સો. પટેલ
સારદોહન : ભીખાભાઈ સો. પટેલ

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગુજરાતમાં અત્યંત કપરી આર્થિક પરિસ્થિતિમાં જીવન ગુજારતી જાતિઓ પૈકીની કોલઘા, સીદી, થ ગામીત, ભીલ, રાઠવા તેમજ પટેલિયા જાતિ વિષે.. સાંસ્કૃતિક અભ્યાસો કરી તેમના વિકાસ માટેનાં કાર્યક્રમો સૂચવવા અંગે કહેવામાં આવ્યું હતું. તે પૈકીના કેટલાક અહેવાલો ખાતાને સુપરત કરી દેવામાં આવ્યા છે. તેમાં પટેલિયા જાતિના સાંસ્કૃતિક અભ્યાસ માટે પંચમહાલ જિલ્લાના દાહોદ, લીમખેડા અને સંતરામપુર તાલુકાને પસંદ કરી દરેક તાલુકાનાં બબ્બે ગામો લઈ આ અભ્યાસ હાથ ધર્યો હતો.

પટેલિયા જાતિની વસ્તી મુખ્યત્વે પંચમહાલ જિલ્લાના દાહોદ, લીમખેડા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાઓમાં આવેલી છે. આ ઉપરાંત રાજ્યના ૯ જિલ્લાના ૪૩ તાલુકાઓમાં ઓછા વત્તા પ્રમાણમાં છે. અહીં સૌથી વિશેષ વસ્તી ધરાવતા ત્રણ તાલુકાઓના છ ગામોમાંથી દરેક ગામમાંથી ૨૫ કુટુંબોને આવરી લઈ કુલ ૧૫૦ કુટુંબોનો અભ્યાસ કર્યો છે. પંચમહાલ જિલ્લાના પસંદ કરેલા વિસ્તારોના અંતરિયાળ ભાગમાંથી ડુંગરાળ વિસ્તારમાં વસતા અને આર્થિક દ્રષ્ટિએ પછાત તેમજ ગરીબાઈની રેખા નીચે જીવન જીવતા પટેલિયાઓને ધ્યાનમાં રાખી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. કારણ કે પસંદ કરેલ વિસ્તારો પૈકીના સંતરામપુર અને લી[illegible]-નાં ગામોનો વર્ષના છ થી આઠ માસ સુધી તાલુકા મથક અને નજીકનાં ગામો વચ્ચેનો સંબંધ કપાઈ જાય છે. તેમાંય ડુંગરાળ વિસ્તાર, નદી અને જંગલોમાં આ પ્રજા પ્રાથમિક અવસ્થામાં જીવન વિતાવે છે. દા.ત. સંતરામપુર તાલુકાનું સરસડી ગામ. અહેવાલમાં તેમના ઐતિહાસિક જીવનની પૃષ્ઠભૂમિ બતાવી, સામાજિક, આર્થિક અને ધાર્મિક તેમજ જીવનને સ્પર્શતાં બીજાં કેટલાંક પાસાંઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે. તેમના રોજીંદા જીવનમાં ગરીબી ખૂબ છે. છતાંયે હરિયાળા વગડાના લીલોતરીવાળા ડુંગરા પર આવેલી જમીન અને જંગલની ઉપલબ્ધ વન્ય પેદાશો ઉપર મલપતી આ પ્રજાના હૈયે કેવો ઉલ્લાસ ઉભરાઈ રહ્યો છે તે તો પ્રત્યક્ષ કાર્યથી જ આંકી શકાય. ક્ષેત્રકાર્યમાં જ જોવા જાણવા મળેલ એમની ગરીબીનું ચિત્ર યથા તાદ્રશ્ય અહેવાલમાં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. કારણ કે આ સમાજનું પછાતપણું અને [illegible] અર્થવ્યવસ્થા વાસ્તવિક ઘટના છે.

પટેલિયા જાતિ : વિસ્તાર, વસ્તી અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

ગુજરાત રાજયમાં આદિવાસીની કુલ વસ્તી ૧૯૭૧ મુજબ ૩૭૩૪૪૨૨ની હતી. ભીલો પ્રથમ નંબરે આવે છે. સામાન્ય રીતે પટેલિયા જાતિ 'ભીલ' જાતિની જ એક પેટા જાતિ ગણવામાં આવતી. પરંતુ હવે તેમને 'પટેલિયા' આદિવાસી જાતિ તરીકે અલગ ગણવામાં આવે છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ પટેલિયા જાતિની વસ્તી ૪૮૭૬૯ની હતી. જે આદિવાસી જાતિની કુલ વસ્તીના ૧.૩૧% થતી હતી.

જિલ્લાવાર અને વિસ્તારવાર પટેલિયા જાતિની વસ્તી (૧૯૭૧)

| ક્રમ | જિલ્લાનું નામ | ગ્રામ્ય વિસ્તાર | શહેરી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | પંચમહાલ | ૪૫૩૮૮ | ૧૯૭૦ | ૪૭૩૫૮ |
| ૨. | વડોદરા | ૩૮ | ૯૬ | ૧૩૪ |
| ૩. | ભરૂચ | ૯૦ | ૪૧ | ૧૩૧ |
| ૪. | સુરત | ૧૩૭ | ૧૯૫ | ૩૩૨ |
| ૫. | વલસાડ | ૧૦૮ | - | ૧૦૮ |
| ૬. | સાબરકાંઠા | ૨૩૦ | ૨૬ | ૨૫૬ |
| ૭. | ખેડા | ૩૩૩ | ૯૦ | ૪૨૩ |
| ૮. | અમદાવાદ | ૬ | ૨૦ | ૨૬ |
| ૯. | ગાંધીનગર | - | ૧ | ૧ |
| | કુલ | ૪૬૩૩૦ | ૨૪૩૯ | ૪૮૭૬૯ |

ઉપર કોઠામાં દર્શાવ્યા મુજબ પટેલિયા જાતિની વસ્તી શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં વિશેષ જોવા મળી હતી.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

કોઈપણ વસ્તુને સમજવા માટે તેના ઉદભવથી માંડીને ચાલુ વર્તમાન સમયની પરિસ્થિતિ સુધીનો અભ્યાસ કરીએ તો જ તેનું હાર્દ સમજી શકાય છે. તે રીતે પ્રસ્તુત અહેવાલ પટેલિયા જાતિના ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, વસ્તી, વિસ્તાર પરિચય, ભૌતિક જીવન, આર્થિક જીવન સામાજિક સંગઠન અને સામાજિક રીતરિવાજો તેમજ ધાર્મિક જીવન અને શિક્ષણ વગેરે બાબતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને વિગતો આપવાનો પ્રયત્ન કર્યો છે. અહેવાલમાં વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે.

પટેલિયા જાતિની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ જોઇએ તો જુદા જુદા મતમતાંતરો જોતાં પટેલિયા જાતિ એ 'ભીલ' જાતિમાંની એક ઉજળીયાત જાતિ છે. 'પંચમહાલના આદિવાસીઓ' પુસ્તકમાં શ્રી મતકારે તેમના મૂળ વિષેની ઠીક ઠીક છણાવટ કરી છે. ડૉ. મજમુદારે તે શાસ્ત્રીય સંશોધન કર્યું છે: તે બતાવે છે કે પંચમહાલના ભીલો પ્રિડ્રાવિડિયન નથી. તેમનામાં આર્ય લોકોનું સારું એવું મિશ્રણ થયું છે. જેમ નાગા, સ્કંધ, મીહીર, સંથાલ વગેરે આદિવાસીઓની ભાષા જુદી છે ને એ ભાષાઓને સંસ્કૃત, પ્રાકૃત કે કોઇ પ્રાદેશિક ભાષા સાથે સંબંધ નથી. પણ પટેલિયા અને ભીલ જાતિની ભાષા જુદી નથી. આ હકીકત પણ પટેલિયા અને ભીલો હિંદુ સંસ્કૃતિની સારી એવી અસર નીચે આવી ગયા છે અને તેમનામાં આર્ય લોકોનું સંમિશ્રણ છે તે અનુમાન તારવવાને સબળ કારણ આપે છે.

પટેલિયા શાથી કહેવાયા ?
--------------------

એમ માનવામાં આવે છે કે વર્ષો પહેલાં આદિવાસી પટેલિયા કોમ રાજપૂત હતી. તે અરસામાં રજપૂતોની વિરતા ગુજરાત અને ગુજરાતની આજુબાજુના પ્રદેશોમાં ગાજતી, એમની ગાથા હતી. એક દંતકથા એવી પણ છે કે દેવોએ દૈત્યો સામે પોતાના યજ્ઞો પાર પાડવા બ્રહ્માને પ્રાર્થના કરીને ક્ષત્રિયો પેદા કરાવ્યા હતા તે રજપૂત. તે વખતે તેઓ આબુગઢ પર આવીને વસ્યા ત્યાંથી ઉજ્જૈન, કનોજ વગેરે સ્થળોએ જઇને રહયા. ગુજરાતમાં કેટલાક ચાંપાનેર વિસ્તારમાં આવીને રહયા. ત્યાં તે વખતના મુસ્લીમ રાજય હતું. મુસલમાન બાદશાહ સાથે પાવાગઢમાં લડાઇ થતાં રાજ પતન થતાં તેઓ પંચમહાલના જુદા જુદા જંગલ પ્રદેશના દાહોદ, લીમખેડા અને સંતરામપુરમાં જે ક્ષત્રિયો રહયા તે રજપૂત. પટેલિયા કહેવાયા. તે વખતના આ વિસ્તારના અસલ આદિવાસી ભીલોની સાથે ભળી જઇ હળીમળીને રહેવા લાગ્યા. જંગલો કાપી ગામો વસાવ્યાં. આજના પ્રવર્તમાન રાજયવ્યવસ્થા તે વખતે ન હતી એટલે ઘણા ગામોનો કબજો લઇ તેઓ વહીવટ કરવા લાગ્યા. આમેય મૂળથી તેઓ હોંશિયાર. પોતાની હોંશિયારી અને આવડતથી અનેક ગામોનું મુખીપદ સ્વીકારીને 'પટલ' તરીકે કારભાર કરવા લાગ્યા. સમય જતાં પટલ શબ્દનો અપભ્રંશ થયો ને અને 'પટલિયા' કહેવાયા. આજે આખી કોમ પટલિયા તરીકે ઓળખાય છે.

ઉપર મુજબ ઐતિહાસિક પાસા પર ટૂંકાણથી જોયા પછી તેની ભૌતિક સંસ્કૃતિનો વિચાર કરીએ જેનો અહેવાલમાં વિગતવાર લંબાણપૂર્વક વિશ્લેષણ આપ્યું છે.

## ભૌતિક જીવન :

પટલિયા જાતિની વસ્તી ધરાવતાં ગામો જંગલથી અડીને અને ડુંગરોની તળેટીમાં આવેલાં છે. જયાં તેઓ વસવાટ કરે છે તેમનું જીવન કુદરત પર આધારિત છે. અહીં પટેલિયા જાતિનાં ઘરો, ઘરોની રચના, ઘરોની જમીનની માલિકી, ઘરના પ્રકાર, ઘરવખરી, પહેરવેશ, છૂંદણાં અને પીણાં વિષે ટૂંકમાં જોઇશું.

ઘર : પટલિયા જાતિનાં ઘર મોટે ભાગે ઊંચાણવાળી ટેકરીઓ પર તો કેટલાક ઘરો એક લીટીએ હોય છે. તેમની સાથે અલગ જાતિનાં પણ ઘરો હોય છે. એક ગોત્રના કે એક લોહીના સંબંધીઓ ફળિયાઓમાં પણ રહે છે. ઘરો મુખ્યત્વે પોતાની માલિકીની જમીનમાં ખેતરોમાં બાંધેલાં હોય છે. તે મોટે ભાગે કાચાં, છાણ માટીથી લીંપેલાં, વાંસ, વળી અને થાંભલાના ટેકાથી બાંધેલાં હોય છે. કેટલાક ઘરો પાકાં અને બે માળનાં પણ જોવા મળે છે. દરેક ઘર દેશી નળિયાં અને વિલાયતી ધાબડી વડે ઢંકાયેલ હતું. પશુ માટેની છાપરી દરેક ઘર મ સાથે જ હતી. દરેક ઘર મોટે ભાગે ૨૦X૧૫ થી ૪૦X૩૦ ફૂટ સુધીની લંબાઇ પહોળાઇવાળું હતું. મોટા ભાગના ઘરો બે ખંડ અને ત્રણ ખંડવાળાં હતાં.

ઘરવખરી : ઘરવખરી મોટે ભાગે એલ્યુમિનિયમનાં વાસણો, પિત્તળની થાળી, વાટકા, લોટા, બેડું અને થાળ તેમજ સ્ટીલના થાળી વાટકા આ ઉપરાંત કાંસાનાં થાળી લોટા જોવા મળ્યા હતા. તાંબાનાં વાસણોમાં ખાસ કરીને બેડા જોવા મળ્યાં હતાં. વાસણો ઉપરાંત ઘરવખરીમાં ખાટલા, પાટીના ભરેલા, લોખંડના પલંગ, ખુરશી ટેબલ ત્રિપોઇ લાકડાનાં કબાટ જોવા મળ્યાં હતા. મોજશોખનાં સાધનોમાં ઘડિયાળ, રેડિયો અને એકાદ કુટુંબ પાસે ટેપરેકર્ડર પણ જોવા મળ્યાં હતાં. મનોરંજન સાધનોમાં ઢોલક, તબલાં, મંજીરા, ખંજરી, વાંસળી, હારમોનિયમ જોવા મળેલ. દરેક કુટુંબ પાસે ઓછા વ પ્રમાણમાં આ સાધનો જોવા મળ્યાં હતાં.

પહેરવેશ : પુરુષો માથે સફેદ રંગનો ફેંટો, પાઘડી કે ટોપી, શરીરે બંડી કે ખમીશ અને ધોતી કે લંગોટી પહેરે છે. કેટલાક કુટુંબોમાં હજુ લંગોટી પણ પહેરે છે. સ્ત્રીઓ કછોટો મારી શકાય તેવા ઘેરા લાલ કે લીલા રંગનો ઘાઘરો પહેરે છે. લાલ લુગડું ઓઢે છે. રંગીન બંડી તથા દેશી કાંચળી પણ પહેરે છે. કોઇક શિક્ષિત કુટુંબમાં સાડી, ચણિયો અને કબજો પહેરે છે. પુરુષો કરતાં સ્ત્રીઓને ઘરેણાંનો શોખ વિશેષ હોય છે. બાળકો પહેલાં નાગાં પણ ફરતાં આજે પણ ફરે છે. મોટે ભાગે ચડ્ડી, બંડી પહેરતાં થયાં છે. પટલિયા આદિવાસી સમાજમાં પ્રદેશ કાર્યસ્થિતિ અને શિક્ષણ તથા ધર્માનુસાર પોષાકમાં ફેરફાર જોવા મળે છે.

ઘરેણા : સ્ત્રીઓ ગળામાં ચાંદીની હાંસળી કે સાંકળી, પગમાં ચાંદી કે કથીરના કડલાં, વીંછિયા, માથે બોર, હાથે હાથફૂલ ને વાંક સામેની બંગડીઓ ઉપર ચાંદીની ચીપો જડાવેલી ચળકતી ચૂડીઓ, વીંટી, કરવાદા, કાને લોળિયાં, ઝરમર, વેઢલા નાકે સોનાની વાળી પહેરે છે. પુરુષો હાથે ચાંદીનું કાને બુટી અને કડ કંદોરો પહેરે છે. જેમ જેમ સમાજમાં સુધારો થતો જાય છે તેમ તેમ ઘરેણાં પહેરવેશમાં ફેરફાર થતો જાય છે.

છૂંદણાં : આ જાતિમાં ભાગ્યે જ છૂંદણાં નજરે પડે છે.

ખોરાક : પટલિયા જાતિ અત્યંત સાદો ખોરાક લે છે. મુખ્ય ખોરાક મકાઇ છે. આ ઉપરાંત ઘઉં, જવ, ચોખા, અડદ, વટાણા અને બીજાં ખાદ્ય ધાન્યો પણ વાપરે છે. સવારે મકાઇના રોટલા, દાળ હોય છે. સાંજે મકાઇની થુલી, ચોખા ને છાશ અથવા ચટણી પણ હોય છે. વાર તહેવારોએ કંઇક સારું ખાવાનું બનાવીને ખાય છે. કેટલાક માંસ મચ્છીનો પણ ઉપયોગ કરે છે. સામાજિક પ્રસંગે દાળ ભાત લાપસી હોય છે. અખાત્રીજ જેવા તહેવારોમાં દાળ ભાત કંસાર બનાવે છે. બધા ભેગા મળી ખાય છે.

વ્યસનો : પટલિયા જાતિમાં ધુમ્રપાનનું વ્યસન વર્ષોથી ચાલ્યું આવે છે. બીડી તમાકુંનું વ્યસન પણ છે. સ્ત્રીઓમાં વ્યસન નથી. શિક્ષણનો વ્યાપ વિસ્તરે છે તેમ આ પ્રમાણ જીર્ણ થતું જાય છે. પરંતુ આ સમાજમા ચહાનુ પ્રમાણ ઠીક ઠીક વધતું જાય છે.

અર્થવ્યવસ્થા : પટલિયા જાતિની અર્થવ્યવસ્થા ખેતી પશુપાલન, જંગલ ગૌણ પેદાશ એકઠી કરવી અને કેટલાકની ખેતમજૂરી પર નિર્ભર છે. તેમના દૈનિક કાર્યક્રમથી માંડીને વાર્ષિક અર્થચક્ર વિષે અહેવાલમાં સવિસ્તાર ચર્ચા કરવામાં આવે છે.

વ્યવસાયનુ વર્ગીકરણ : નમૂનાના કુટુંબોમાંથી કુલ કુટુંબના ૯૯.૩% ખેતી ખેતમજૂરી અને નોકરી પર નિર્ભર હતાં જયારે ૦.૭% નોકરીની સાથે ખેતીની જમીન ભાગે ખેડતા હતા. ખેતી કરનાર દરેક કુટુંબ પાસે મોટે ભાગે ૦ થી ૫ એકર સુધીની જમીન ધરાવતા હતાં. નમૂનાનાં કુટુંબોમાં જમીન ગીરો રાખનાર, જમીન ગીરો મૂકનાર પણ હતાં જયારે કેટલાક કુટુંબ જંગલ ખાતાની જમીન ખેડતાં હતા. આ વિસ્તારની જમીન સામાન્ય રીતે નાની મોટી ટેકરીઓવાળી હોવાથી જમીનની સપાટીમાં માટીનો થર ઓછો હોય છે જેને કારણે ફળદ્રુપ પણ ઓછી હોય છે. વરસાદ પણ અનિયમિત હોવાથી ભેજ સંગ્રહશક્તિ પણ ઓછી છે. નમૂનાના વિસ્તારોમાં કેટલોક સપાટ પ્રદેશવાળો અને સારી જમીન ધરાવનાર હતો. ટૂંકમાં આ વિસ્તારની જમીન ઓછી ફળદ્રુપ હોવાને કારણે ઉત્પાદન પણ ઘણું ઓછું આવે છે.

ખેત ઉત્પાદન : નમૂનાના વિસ્તારોમાંથી પસંદ થયેલ કુટુંબો પાસેથી પાકના ઉત્પાદન વિષેની મા.

પાકવાર લેવામાં આવી હતી. જેની વિગતવાર નોંધ અહેવાલમાં દર્શાવવામાં આવી છે. નમૂનાના વિસ્તારોનું બધુ મળીને કુલ ઉત્પાદન ૨૯૬૯.૫ ક્વીન્ટલનું હતું. તેની ચાલુ ભાવ ૭૩૪૭૦૦ રૂપિયાની કિંમતનું ઉત્પાદન ગણાવી શકાય. તેમાંથી ૪૦૨૫૭૫ રૂપિયાની કિંમતનું અનાજ ઘાસનું ઉત્પાદન ઘરોમાં જ વાપરવામાં આવ્યું હતું જ્યારે ૩૩૨૧૨૫ રૂપિયાનું ઉત્પાદન વપરાશી ખર્ચમાં રોકડ ખરીદ પેટે તેમજ અન્ય ખર્ચાઓમાં વાપરવામાં આવ્યું હતું. ઉત્પાદન અંગેની તમામ વિગતો અહેવાલમાં કોઠા નં. ૧૮થી ૨૦માં દર્શાવવામાં આવી છે.

પશુપાલન અને જંગલની આવક : નમૂનાનાં કુટુંબો પાસેથી દરેક વિસ્તારમાંથી પશુપાલન અને જંગલ પેદાશની આવક અંગેની વિગતો એકત્રિત કરી હતી. તેમને આ ધંધામાંથી કુટુંબદીઠ ૧૧૭૬ રૂપિયાની આવક પ્રાપ્ત થતી હતી. જેમાંથી ૬૫૦.૪ રૂપિયાનું ઉત્પાદન વેચેલ હતું અને ૫૨૫.૬ રૂપિયાનું ઉત્પાદન ઘરમાં વપરાયેલ હતું.

જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવક : નમૂનાના દરેક કુટુંબો ખેતીની સાથે નોકરી, મજૂરી, સુથારીકામ, મત્સ્ય ઉદ્યોગ વગેરે કરતા હતા. જેમાંથી તેમને કુટુંબદીઠ ૯૬૪૫.૮ રૂપિયાની આવક પ્રાપ્ત થતી હતી. જેની પાછળ તેમનો ૧૫૯૧.૨ રૂપિયાનું ખર્ચ કરવું પડતું હતું. ચોખ્ખી આવક ૮૦૫૪ રૂપિયાની કુટુંબદીઠ થતી હતી.

વપરાશી ખર્ચ : કુલ કુટુંબોના સંદર્ભમાં કુટુંબદીઠ જુદી જુદી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પાછળ થતા વાર્ષિક ખર્ચની વિગતો જોઇએ તો અનાજ અને કઠોળ પાછળ ૨૩૭૭.૫ રૂપિયા શાકભાજી અને ફળફળાદિ પાછળ, ૧૮૩.૧ દૂધ ઘી પાછળ, ૨૪૩.૩ ખાંડ ગોળ પાછળ ૧૯૧.૨ તેલ, ૮૮ ચહા કોફી, ૬૫.૦ ગરમ મસાલા, ૧૧૫.૪ માંસ દારૂ, ૩૭.૪ તમાકુ બીડી, ૧૬૫.૭ બળતણ પાછળ, ૨૩૯.૯ મુસાફરી ખર્ચ. ૨૬૫.૧ કપડાં,પગરખાં પાછળ ૧૮ ૮૧૦.૦ શિક્ષણ પાછળ ૨૦૧.૯
103.0
દવાદારૂ, ૧૫૪.૨ સામાજિક ધાર્મિક અને અન્ય સેવાઓ પાછળ ૧૦.૭ રૂપિયાનો ખર્ચ થતો હતો. બધો મળીને કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૫૩૦૪ રૂપિયાનો થતો હતો. તેમની આવક અને ખર્ચના તારણ પરથી જોઇ શકાય છે કે તેઓ ગરીબી રેખાની સમકક્ષ જીવન વિતાવે છે. તેમનો મોટા ભાગનો ખર્ચ ખાદ્યખોરાકી અને શિક્ષણ પાછળનો હતો.

મૂડી રોકાણ અને તેના સ્ત્રોત : નમૂનાનાં કુટુંબોમાંથી કુલ ૫૧ કુટુંબોએ છેલ્લાં દસ વર્ષમાં મકાન બાંધકામ, સમારકામ, જમીન સુધારણા, નવી જમીન ખરીદી, ઢોર ખરીદી અને કૂવાનું બાંધકામ કરાવ્યું હતું. આ મૂડીરોકાણ પ્રાપ્ત કરવા માટેનાં સાધનો જોઇએ તો દરેક કુટુંબે સ્વયંબચત, સરકારી લોન, શાહુકાર, સગાસંબંધીઓ, નોકરિયાત વર્ગ પી. એફ, પી.પી.એફની લોન દ્વારા સહકારી મંડળીઓમાંથી અને કટોકટે અસ્કયામત વેચીને રોકાણ કર્યું હતું.

દેવું : તપાસેલ કુટુંબોમાંથી ૧૦૩ કુટુંબો દેવાદાર હતાં. જેમનુ કુટુંબદીઠ દેવુ ૧૮૮૫ રૂપિયાનું હતું. તેમણ આ દેવાની રકમ શહુકાર વેપારી, સરકારી લોન, સહકારી મંડળી, બેન્ક અને સગાસંબંધીઓનુ દેવુ હતું દેવા વિષયક માહિતી કોઠા ૩૦-૩૧માં દર્શાવવામાં આવી છે. દેવું કરવા પાછળનો હેતુ ઢોર ખરીદી, જમીન ખરીદી, ઘરખર્ચ, ખેતી બ બિયારણ અને જીવનનિર્વાહ માટેનું હતુ.

અસ્કયામત : પટલિયા આદિવાસીઓની આર્થિક સંરચનાને સમજવા માટે પોતાની કઈ કઈ ચીજવસ્તુઓ પોતાની અસ્કયામત ગણાવે છે તે સમજવુ આવશ્યક છે. દરેક સમાજમાં એટલે કે આદિમ, હોય, અર્વાચીન હોય, કૃષિપ્રધાન હોય કે ઔદ્યોગિક તેમની એક અર્થવ્યવસ્થા હોય છે. અને આ અર્થવ્યવસ્થામાં મિલકતની ધારણા આવશ્યક હોય છે. મનુષ્ય પોતાની દૈનિક આવશ્યકતાઓની પૂર્તિ જે સાધનો વ્દારા કરે છે તેને તે મિલકતની અંદર સામેલ કરી દે છે. પટલિયાઓમાં સ્થવાર અને જંગમ મિલકત બંને પ્રકારની મિલકતો ધરાવે છે. પરંતુ દરેક કુટુંબ પાસે એકસરખી નથી. તેમની અસ્કયામતોમાં ખેતીનાં સાધનો, પશુધન, ઘર અને જમીનનો સમાવેશ થાય છે. દરેક કુટુંબ પાસે કુલ કુટુંબદીઠ ૩૦૩૪૫ રૂપિયાની અસ્કયામત હતી. તેમની અસ્કયામતની વિગતવાર માહિતી અહેવાલમાં દર્શાવવામાં આવી છે.

તપાસમાં લીધેલ નમૂનાનાં કુટુંબોની માહિતી નીચે કોઠામાં દર્શાવવામાં આવી છે.

૧. પટલિયા જાતિની સૌથી વધુ વસ્તી પંચમહાલ જિલ્લામાં

૨. ૧૯૭૧ મુજબ વસ્તી ૪૮૭૬૯

૩. કુલ આદિવાસી વસ્તીમાં ટકા ૧.૩૧%

૪. અભ્યાસ માટે પસંદથયેલ તાલુકા દાહોદ, લીમખેડા, સંતરામપુર

૫. અભ્યાસ માટે પસંદ થયેલ ગામ ૬

૬. અભ્યાસ માટે પસંદ થયેલ કુલ કુટુંબ ૧૫૦

૭. કુટુંબનું કદ ૭ માણસ

૮. કુલ સભ્ય સંખ્યા પુરુષ ૫૯૮ સ્ત્રી ૫૪૯

મકાનનો પ્રકાર કાચાં ૧૪૨, પાકાં ૮

૯. કુલ જમીન ૬૫૨.૩૫ એકર

૧૦. કુટુંબદીઠ જમીનનું કદ ૫ એકર,

૧૧. કમાનાર પુરુષ ૨૯૬ સ્ત્રીઓ ૨૧૮

૧૨. નહીં કમાનાર પુરુષ ૩૦૨ સ્ત્રીઓ ૩૩૧

૧૩ કુટુંબદીઠ માસિક આવક ૬૭૧.૨ રૂપિયા

૧૪. માથાદીઠ

૧૪. માથાદીઠ માસિક આવક  ૮૭.૮ રૂપિયા

૧૫. કુટુંબદીઠ ઉપરાશી ખર્ચ વાર્ષિક ૫૩૦૮.૦ રૂપિયા અને માસિક ખર્ચ ૪૪૨.૦ રૂપિયા

૧૬. માથાદીઠ વાર્ષિક ખર્ચ ૬૯૩.૬ રૂપિયા માથાદીઠ માસિક ખર્ચ ૫૭.૮ રૂપિયા

૧૭. છેલ્લાં દસ વર્ષમાં મૂડી રોકાણ કરનાર કુટુંબો ૫૧, કુલ મૂડી રોકાણ ૩૪૦૫૫૦ રૂપિયા

૧૮. કુલ દેવાદાર કુટુંબ ૧૦૩, કુલ દેવું ૧૨૨૦૯૫ રૂપિયા, દેવાદાર કુટુંબદીઠ દેવું ૧૧૮૫ રૂપિયા

૧૯. કુલ અસ્કયામત કિંમત ૪૫૧૭૩૫ રૂપિયા, કુટુંબદીઠ અસ્કયામત ૩૦૩૪૫ રૂપિયા

૨૦. સામાજિક સંગઠન :

આદિવાસી સમાજમાં અન્ય સભ્ય સમાજના સામાજિક સંગઠન કરતાં આ સમાજનું સંગઠન વિશેષ મજબૂત હોય છે. સંગઠનને ટકાવી રાખનાર પરંપરાગત પરિબળો પણ ઘણાં મજબૂત જોવા મળે છે. જેને લઈને સમાજ વ્યવસ્થાને રૂઢિગત માળખામાં રાખવાનો સમાન પ્રયત્ન કરવામાં આવતો હોય છે.

પટેલિયા સમાજમાં સંયુક્ત કુટુંબ વધુ જોવા મળે છે. કુટુંબનું વિભાજન સામાજિક પ્રસંગો પૂર્ણ થતાં થાય છે, અથવા તો સ્ત્રીઓ અરસપરસ બોલાચાલીને લીધે થાય છે. ઝઘડાનો નિકાલ પંચ સમક્ષ કરવામાં આવે છે. પટલિયા સમાજમાં કુટુંબના વડા તરીકે બાપનું સ્થાન ઊંચું હોય છે. પિતૃસત્તાક હોય છે. ઘરના સૌ તેનો આદર કરે છે. કુટુંબ એ પાયાની સંસ્થા વ છે. સમાજમાં કુટુંબ એક આર્થિક, સામાજિક અને ધાર્મિક ઘટક છે. માતપિતાની સંપત્તિનો સાચો વારસદાર પુત્ર છે. ગોત્રનું સ્થાન આગવું અને વિશિષ્ટ પ્રકારે જોવા મળે છે. જેને 'શાખ' પણ કહેવામાં આવે છે. ગોત્રનો અર્થ એક કુટુંબની વ્યક્તિઓ કે લોહી પર આધારિત સગાઓ ગણવામાં આવે છે. એક જ ગોત્રમાં લગ્નવ્યવહાર નિષેધ છે. આ સમાજમાં જુદાં જુદાં ૫૮ ગોત્ર જોવા મળ્યાં હતાં.

આદિવાસી સમાજના સામાજિક સંગઠનમાં 'ગામ' એ મહત્વનું એકમ છે. ગામની રચના અને ભૌગોલિક વિસ્તાર તેના સંગઠનમાં ભાગ ભજવે છે. કારણ કે પટલિયા સમાજમાં તેના વસાહતના ગામોની ભૌગોલિક રચના વિશિષ્ટ પ્રકારની જોવા મળે છે. ઘરો પણ એક જગ્યાએ હોતાં નથી. જે ફળિયાના નામથી ઓળખાય છે. જેની વચ્ચે ચોમાસામાં વ્યવહાર અશકય બને છે.

પટલિયા સમાજમાં ગ્રામોત્તર, ગામાંતરિક સંબંધો પણ વિકસેલા જોવા મળે છે. આ સમાજમાં પટલ કોટવાળ અને બડવો ભોપો એ મહત્વની વ્યક્તિઓ ગણાય છે. સમાજનું નિયંત્રણ કરનાર સંસ્થા 'પટલિયા જ્ઞાતિપંચ' તરીકે ઓળખાય છે. આ પંચ આગવું હોય છે. પંચ સમાજના વ્યવહારો, રિવાજો ને પારસ્પારિક સંબંધોમાં માર્ગદર્શન પુરું પાડે છે. આ પંચ ફળિયાવાર, ગામવાર અને પ્રદેશવાર

ન જુદા હોય છે. પંચની રચના અને કામગીરી વિષે અહેવાલમા દર્શાવવામાં આવ્યુ છે.

સામાજિક ધાર્મિક સંગઠન : પટલિયા જાતિ સંસ્કૃતિક અને દૃષ્ટિએ પરિવર્તન પામતી જાતિ છે. પટલિયા જાતિમાં જોવા મળતા સામાજિક રીતરિવાજો જન્મથી માંડીને મૃત્યુ સુધીના અહેવાલમાં દર્શાવવામાં આવ્યા છે.

ધાર્મિક જીવન : પટલિયા આદિવાસી સમાજમાં આગવી સંસ્કૃતિ અને ધર્મ પહેલા જોવા મળે છે. આદિવાસી જાતિઓની જેમ પટલિયા જાતિમાં પણ કંઇક વિશિષ્ટતા જોવા મળે છે. તેના સંસ્કૃતિક જીવનનો આધાર ભૌગોલિક પરિબળો પર અવલંબે છે. સંસ્કૃતિક જીવન ઘડતરમાં ધર્મ, ઉત્સવો, મેળા, મનોરંજન જેવા પરિબળો કામ કરે છે.

શિક્ષણ : દરેક પ્રજાની ઉન્નતિનો મોટો આધાર કેળવણી ઉપર છે. શિક્ષણના અભાવે આદિવાસી પ્રજા અત્યાર સુધી અજ્ઞાનતાના અંધકારમાં અટવાતી આવી છે. શિક્ષણ અને ઉત્તમોત્તમ અને પાયાનું સાધન છે. આ પ્રજાને બેઠી કરવા શિક્ષણ એ જ ઉત્તમ ઇલાજ છે. પંચમહાલ જિલ્લાના આદિવાસી શિક્ષણ ક્ષેત્રે ભીલ સેવા મંડળ દાહોદ અને અને તેની શિક્ષણની બહોળી પ્રવૃત્તિને લીધે આ જાતિમાં શિક્ષણનો સારો વ્યાપ જોવા મળે છે. પૂ. શ્રી ઠક્કરબાપાનું આદિવાસી પ્રજા પ્રત્યેનું યોગદાન શ્રી ડાહયાભાઇ નાયકના આદિવાસી કલ્યાણ અને હરિજન કલ્યાણના પ્રયત્નો, સરકારશ્રીની વિવિધ યોજનાઓથી આદિવાસી પ્રજામાં નવો પ્રાણ પૂર્યો છે.

વિકાસલક્ષી સૂચનો :

પટલિયા જાતિની ભૌગોલિક, ઐતિહાસિક, વિસ્તાર પરિચય, તેમની અર્થવ્યવસ્થા, સામાજિક સંગઠન, સામાજિક રીતરિવાજો અને શિક્ષણનાં પાસાઓ પર અહેવાલમાં ચર્ચા વિચારણા કરી પટલિયા આજે ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે. સ્વરાજ પ્રાપ્તિ પહેલાં અને પછી આ વિસ્તારની પ્રજા માટે સ્વ. પૂ. શ્રી ઠક્કરબાપાથી માંડીને શ્રી ડાહયાભાઇ નાયક જેવા પીઢ કાર્યકરોએ આ વિસ્તારની જાતિઓમાં જીવન જીવવાથી માંડીને પગભર થાય ત્યાં સુધી યોગદાન આપ્યું છે. હાલ પણ ડાહયાભાઇ નાયક વિદ્યાપીઠના અનેક કાર્યક્રમોની વચ્ચે પંચમહાલ જિલ્લાના આદિવાસી માટે ઘણી પ્રવૃત્તિઓ કરતા રહયા છે.

પટલિયા જાતિ માટે ઘણા પ્રયત્નો થયા છે છતાં સહકારી મંડળી દ્વારા આર્થિક સુધારણાના પ્રયત્નો વધુ પ્રબળ બનાવવા, આદિવાસીઓ માટે જંગલ નીતિ હળવી કરવી, સામાજિક બદીઓ દૂર કરવી, રહેઠાણની સુવિધાઓ માટે સહાયરૂપ થવું, ખેતીની જમીન સુધારણાના કાર્યક્રમો અસરકારક બનાવી ખેતી લાયક જમીન બનાવવી, સિંચાઇની સુવિધાઓ વધારવી, સુધારેલા બિયારણોનો વપરાશ વધારવો, પશુપાલન માટે સહાય કરવી, વીજળીકરણ, વાહનવ્યવહાર તથા પાણીના પ્રશ્નો હલ કરવા જરૂરી છે.

...

## દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ એક મૂલ્યાંકન અભ્યાસ

### ( પંચમહાલ જિલ્લાને કેન્દ્રમાં રાખીને)

- અહેવાલ લેખન : ભીખાભાઈ ... ...
સારદોહન : ભીખાભાઈ ...

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ગુજરાતમાં ... ક્ષેત્રે કામ કરતી આદિવાસી વિસ્તારો પૈકીની, પંચમહાલ જિલ્લાની આદિવાસી વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસનું કામ આ વર્ષે હાથ ધરવામાં આવ્યું હતું. કેન્દ્ર દ્વારા આ કાર્ય નવેમ્બર '૮૩થી ક્ષેત્રકાર્યની શરૂઆત કરીને અપ્રિલ '૮૪માં તેના અહેવાલ લેખનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ અગાઉ કેટલાક અભ્યાસો થયા છે તે દરેકનું ગ્રંથાલયકાર્ય વખતે કાર્ય કરી તેમાં દર્શાવેલ જે તે ગામના અનુસંધાનમાં તેની અસરો, કેટલાક શોધ નિબંધોમાં ડેરી અને પરિવર્તન વિષે તો કેટલાકમાં ડેરી ઉદ્યોગમાં કામ કરનારની સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છે.

પ્રસ્તુત અહેવાલમાં આ બધાથી અલગ એવા આદિવાસી વિસ્તારના સંદર્ભમાં થોડા આગળ વધી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની શરૂઆતથી આજ સુધી વિકસેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો શ્વેતક્રાંતિ સર્જવામાં કેટલો હિસ્સો રહ્યો છે તેનો ખ્યાલ આપ્યો છે. આ ઉપરાંત સભાસદોના વસવાટની ભાત, તેમની આર્થિક-સામાજિક સ્થિતિ, દૂધ મંડળી દ્વારા મળેલા લાભો અને તેના દ્વારા તેની આર્થિક સ્થિતિમાં શું પરિવર્તન આવ્યું. હજુ સભાસદોના હિતમાં દૂધ સંઘો અને સરકાર દ્વારા શું કરવું જોઈએ તે અંગે ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને આ અહેવાલ લેખનનું કામ કર્યું છે.

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના આ મૂલ્યાંકન અભ્યાસને જુદા જુદા છ વિભાગમાં (૧) સંશોધન (૨) સહકારી પ્રવૃત્તિ ઉદ્‌ભવ, ડેરી સહકારી પ્રવૃત્તિનો વિકાસ અને ડેરી ઉદ્યોગનું વિહંગાવલોકન (૪) દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નમૂનાનાં કુટુંબોની સર્વેક્ષણ નોંધ (૫) દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનું વહીવટી માળખું અને (૬) નિષ્કર્ષ અને સૂચનો એમ છ વિભાગમાં વહેંચીને જુદી જુદી વિગતોનો ઊંડાણપૂર્વક આલેખવામાં આવી છે.

**તપાસનો વિસ્તાર :**

આ તપાસ માટે પંચમહાલ જિલ્લાની પસંદગી કરવામાં આવી હતી. કારણ કે દરેક પછાત વિસ્તારોની દૃષ્ટિએ ખૂબ પછાત, કુલ વસ્તીની અંદર ૪૧.૭૬% આદિવાસીઓ હોવાથી વૈકલ્પિક રોજગારીનું પ્રમાણ સતત ઘટતું હોવાથી સ્થળાંતરની પ્રક્રિયા વેગીલી બની છે. તેને માટે આ દૂધ ઉદ્યોગ કંઈક રાહત આપી શકે કે કેમ ? તે પણ તપાસવામાં આવ્યું છે. આ સિવાય ડેરી ફાર્મિંગની વ્યવસ્થા અંગે પણ તપાસ હાથ ધરાઈ હતી.

તપાસના હેતુઓ :

૧. પસંદ કરેલ દૂધ મંડળીઓની વહીવટ અંગેની વ્યવસ્થિત માહિતી એકત્રીત કરવી. તેના કાર્યોમાં મંડળીનું વહીવટી માળખું તપાસવું.

૨. દૂધ ઉત્પાદક સહકારી મંડળીથી સભાસદોને શું લાભ થયો ? તેની આવક વધી કે ઘટી? દૂધ ઉત્પાદન વધ્યું કે કેમ તે જાણવું.

૩. દૂધ ઉત્પાદક સહકારી સંઘ, દૂધ મંડળીઓને, સભાસદોને કઈ રીતે મદદરૂપ થાય છે તે જોવું.

૪. દૂધ ઉત્પાદક સહકારી મંડળીથી આર્થિક રીતે કયા સ્તરના આદિવાસીઓને કેટલો આર્થિક લાભ મળ્યો તેની વ્યવસ્થિત તપાસ કરવી.

૫. દૂધ મંડળી આવવાથી ગ્રામ સંરચનામાં શું ફેર પડયો ? ગ્રામ વિકાસ માટે મંડળીએ કેવાં અને કયા પ્રકારનાં કાર્યો હાથ ધરેલાં છે તે જોવું.

૬. મંડળી આવવાથી લોકોમાં કેટલી જાગૃતિ આવી.

૭. દૂધ મંડળીથી આદિવાસીમાં યાંત્રિક જ્ઞાન કેટલું વધ્યું તે પણ તપાસવામાં આવ્યું છે.

આ બધા ઉપરથી દૂધ મંડળીઓ આદિવાસી વિસ્તારમાં વધુ કાર્યક્ષમ અને ફાયદાકારક બનાવવા માટેનાં પગલાં સૂચવવાનો હેતુ રખાયો હતો. આ સાથે દૂધ સંઘો દ્વારા સભાસદોને પશુધનને અને દૂધને હેરફેર અંગેની કઈ અને કેટલા પ્રમાણમાં સુવિધાઓ આપવામાં આવતી તે પણ તપાસવામાં આવ્યું છે. આ સિવાય ડેરી ફાર્મીંગની વ્યવસ્થા અંગે પણ તપાસ હાથ ધરાઈ હતી.

તપાસની પ્રવિધિઓ :

આ અભ્યાસ માટે સૌ પ્રથમ ટપાલ દ્વારા દરેક આદિવાસી વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. મંડળીના સભાસદોની આર્થિક પરિસ્થિતિ વિષે અને મંડળી દ્વારા થયેલા લાભોને જાણવા એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. જે પ્રશ્ના મુલાકાત દ્વારા ભરી હતી. આ ઉપરાંત પ્રત્યક્ષ કાર્ય દ્વારા ઉત્તરદાતા, મંડળીના પ્રમુખ, મંત્રી અને સંઘના વહીવટી અધિકારી તેમજ ચેરમેનની મુલાકાત દ્વારા મંડળીઓની રચના અને કાર્યપધ્ધતિનો ખ્યાલ મેળવ્યો હતો. આ ઉપરાંત નિરીક્ષણ પ્રવિધિનો પણ ઉપયોગ કર્યો હતો. ક્ષેત્રકાર્ય પછી ગ્રંથાલયકાર્ય કરી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને લગતાં કેટલાંક પુસ્તકો સામયિકોનો પણ અભ્યાસ કર્યો હતો. તેમજ અગાઉ થયેલ દૂધ મંડળીઓના અભ્યાસોના તપાસ નિબંધો જોયા હતા. આ જ સમયગાળામાં વર્તમાનપત્રોમાં આવતા શ્વેતક્રાંતિને લગતા ટીકાત્મક લેખોનો અભ્યાસ કરી ખરેખર શું પરિસ્થિતિ છે તે જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

## પસંદ થયેલ મંડળીઓની યથાસ્થિતિ નોંધના તારણો

નમૂનાની પસંદ થયેલ મંડળીઓના અભ્યાસ પરથી અહેવાલમાં દર્શાવેલ પાંચે મંડળીઓના અભ્યાસથી તેની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે. એક દ્રષ્ટિએ જોતાં આ વિસ્તારની મંડળીઓની પરિસ્થિતિ સારી ન ગણાવી શકાય. પરંતુ આદિવાસી વિસ્તારમાં પણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને પૂરતું માર્ગદર્શન અને જરૂરી સગવડો પૂરી પાડવામાં આવે તો જરૂર બીજી બિન આદિવાસી વિસ્તારની મંડળીઓની સરખામણીએ કંઇક અંશે પ્રગતિ કરી શકશે. છતાં આ મંડળીઓના અભ્યાસ પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે :

૧. આજે રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ વિકાસ નિગમ દ્વારા ૧૯૭૭થી અમલી બનાવેલ વ્યાજ રાહત યોજના દ્વારા આપવામાં આવેલી ભેંસોથી આ વિસ્તારમાં સારી ઓલાદનાં દૂઝાળાં ઢોર પ્રાપ્ય બન્યાં છે. જેથી પશુપાલનનો વ્યવસાય આ વિસ્તારમાં ધીમે ધીમે નફાકારક બનતો જણાય છે.

૨. દૂઝાળાં ઢોર આપવાની યોજનાની સાથે સાથે પશુ સારવારની પેટી દરેક મંડળીને આપતાં આરોગ્ય વિષયક સવલતોમાં ઉમેરો થયો છે. પશુ ચિકિત્સાની સેવાની જોગવાઇથી આ લોકોમાં પશુપાલન અંગેની ઉત્તેજના વધી છે.

૩. અહેવાલમાં દર્શાવેલ નમૂનાની દરેક દૂધ મંડળીના આવક જાવકની કેટલીક આંકડાકીય માહિતી પરથી પણ જોઇ શકાય છે કે આદિવાસી વિસ્તારમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખેડૂતોને પૂરક આવક મેળવી આપવામાં સહાયક બની છે ને કુલ આવકના ૧૭% આવક પશુપાલનમાંથી મેળવે છે.

૪. આ વિસ્તારમાં દૂધનું ઉત્પાદન ધીમું છતાં વધવા પામ્યું છે. આદિવાસી વિસ્તારની દૂધ મંડળીઓમાં દૂધનું પ્રમાણ પણ વધવા પામ્યું છે. પરંતુ અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આ વિસ્તારમાં દૂધ મંડળીના સભાસદોની અજ્ઞાનતા અને તાંત્રિક જ્ઞાનના અભાવે ભેંસના લઇ દૂધ ઉત્પાદન લેવું જોઇએ તે લઇ શકાતું નથી.

૫. દૂધ મંડળીના સભાસદોની વ્યક્તિગત આવકમાં ઉમેરો થયો છે. દૂધ મંડળીની સ્થાપનાથી અને દૂઝાળાં પશુથી આ વર્ગની આવક વધવાના સાથે જીવનધોરણ પણ સુધર્યું છે.

૬. આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીઓની સ્થાપનાથી અને વિકાસ કાર્યક્રમોમાં દૂઝાળાં ઢોરની યોજનાના અમલથી દૂધનું ઉત્પાદન વધતાં તેનું શહેરોમાં વેચાણ થતાં ગામડાંના નાણાં પ્રવાહિત થયાં છે અને આદિવાસી વિસ્તારમાં શ્વેતક્રાંતિનાં પગરણ મંડાઇ રહયાં છે.

૭. આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીઓને લીધે આવકનું પ્રમાણ વધતાં તેમની રહેણીકરણી અને સામાજિક દૃષ્ટિએ ઘણું પરિવર્તન જોવા મળે છે.

૮. નમૂનાના વિસ્તારોની મંડળીઓના સભાસદોને તો ફાયદો થયો જ છે. પરંતુ મંડળીની આર્થિક પરિસ્થિતિ વિષે જોતાં જણાય છે કે મંડળીની આવકમાં કોઇ ફેરફાર જોવા મળ્યો નથી. આ માટે આ વિસ્તારોમાં મંડળીની આર્થિક સધ્ધરતા વધે અને વધુ કાર્યક્રમ લે તે માટે યોગ્ય વિચારણા કરવી જરૂરી છે.

આદિવાસી વિસ્તારની પસંદ થયેલ મંડળીઓનો અભ્યાસ પરથી સ્પષ્ટ કહી શકાય કે દૂધના સહકારી વ્યવસાયથી ભૂમિહીનો તેમજ નાના તેમજ સિમાંત ખેડૂતોને રોજી રોટીની આવક પ્રાપ્ત કરવામાં અનેક રીતે સહાયભૂત થઇ રહ્યો છે.

આ અભ્યાસ માટે પંચમહાલ જિલ્લાના પાંચે આદિવાસી તાલુકાઓમાંથી બબ્બે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ આવરી લઈ પાંચ ચાલુ મંડળીઓ અને પાંચ બંધ મંડળીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અહેવાલમાં પાંચે ચાલુ મંડળીઓની વિગતવાર માહિતી દર્શાવવામાં આવી છે. પસંદ થયેલ મંડળીઓમાં દેવગઢબારિયા તાલુકાની દૂધ ઉત્પાદક સહકારી મંડળી સિવાયની ચાર તાલુકાની ચાર મંડળીઓના ૧૬૦ સભાસદોની મુલાકાત લઈ તેમની સામાજિક આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો. તેનો અહીં ટૂંકાણમાં ઉલ્લેખ કર્યો છે.

નમૂનાનાં કુટુંબોનો સર્વેક્ષણની ટૂંકી નોંધ

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના આ અભ્યાસમાં પંચમહાલ જિલ્લાના જુદા જુદા પાંચ તાલુકાઓમાંથી ૧૬૦ કુટુંબોની પ્રત્યક્ષ મુલાકાત લઈ માહિતી એકત્રિત કરવામાં આવી હતી. કુલ કુટુંબોમાંથી ૧૫૫ કુટુંબોને કાચાં અને ૫ કુટુંબોને પાકાં મકાનો હતાં. તેમનાં ઘરોની દીવાલ જોઈએ તો ૧૩૨ કુટુંબોને પાકાને બદલે માટીની, ૧૭ કુટુંબોને સાંઠીની અને ૧૨ કુટુંબોને ઈંટ માટીની દીવાલ હતી. ૧૫૪ મકાનોને દેશી નળિયાં અને ૬ મકાનોને વિલાયતી નળિયાં દરેક પોતાની માલિકીની જમીનમાં મકાનો બાંધેલાં હતાં. ૧૫૩ કુટુંબોને પશુ બાંધવા માટેની છાપરી સાથે હતી જ્યારે ૭ કુટુંબોને અલગ વ્યવસ્થા હતી. તેમાંથી માત્ર ૨૦ કુટુંબોને જ પશુઓને ઘાસ નિરવાની જગા અલાયદી બનાવી હતી. દરેક કુટુંબ પાસે ઘરવખરીમાં નાના મોટાં વાસણ ગણીને સરેરાશ ૨૩ની સંખ્યા હતી. નમૂનાનાં કુટુંબોની કુલ સભ્યસંખ્યા ૧૧૦૫ના જેમાં ૫૮૨ પુરુષ અને ૫૨૩ સ્ત્રીઓ હતાં. તેમાંથી ૨૯૯ પુરુષ અને ૧૭૬ સ્ત્રીઓ કામ કરતી હતી. દરેક કુટુંબનું જમીનનું કદ સરેરાશ ૩.૨૪ એકરનું હતું. દરેક કુટુંબને બધાં સાધનોની કુલ ગણીને ૮૩૨૦ રૂપિયાની કિંમત થતી હતી. જેમાંથી પશુપાલનના ધંધાની આવક કુટુંબદીઠ

૧૪૧૪ રૂપિયાની હતી. એટલે કે કુલ આવકના ૧૭% આવક આ ધંધામાંથી પ્રાપ્ત થતી. આ દરેક કુટુંબોને કુટુંબદીઠ કુલ આવક પ્રાપ્ત કરવા ૨૨૨૩ રૂપિયાનો ખર્ચ કરવો પડતો હતો. જે બાદ કરતાં દરેક કુટુંબને સરેરાશ ચોખ્ખી આવક ૬૦૯૭ રૂપિયા જેટલી થતી હતી. તેની માથાદીઠ વાર્ષિક આવક ૮૮૩ રૂપિયાનો અને માથાદીઠ માસિક આવક ૭૪ રૂપિયાની હતી. તેમનો કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ ૧૦૫૮૦ રૂપિયાનો થતો હતો. માથાદીઠ વાર્ષિક ખર્ચ ૬૬૦ રૂપિયા અને માથાદીઠ માસિક ખર્ચ રૂ.૫૫ નો હતો. નમૂનાનાં કુટુંબોમાંથી ૧૩૦ કુટુંબોને દેવું હતું. જેમનું દેવાદાર કુટુંબોદીઠ દેવું રૂ.૧૪૧૯નું હતું. તેમની બધી મળીને કુલ કુટુંબદીઠ અસ્કયામત રૂ.૨૪૧૫૦ ની હતી.

ઉપર મુજબની સર્વેક્ષણ નોંધ ઉપરથી કહી શકાય કે તપાસેલ કુટુંબોની આવક ઉત્તરોત્તર વધતી જોવા મળે છે. તેમને એકલા પશુપાલનની આવક કુલ આવકના ૧૭% થાય છે અને આ પ્રત્યે જો વધુ કાળજી લેવાય તો તેમની કુલ આવકમાં ફેરફાર થવા સંભવ છે.

નમૂનાનાં કુટુંબો પાસે દૂધ મંડળીઓ આવવાથી પશુધન પણ વધવા લાગ્યું છે. નમૂનાનાં કુલ કુટુંબો પાસે ગાય અને ભેંસો મળીને કુલ ૩૯૫ની સંખ્યામાં કુલ દૂઝાળાં ઢોર હતાં. તેમને કયાં પશુ વધુ પાળવાં ગમે ? તેના પ્રત્યુત્તરમાં સૌથી વધુ એટલે કે ૧૫૭ સભાસદોએ ભેંસ ગમવા પર વધુ ભાર મૂકયો હતો. ત્યાર પછી ગાય અને બળદ સૂચવતા.

ગામમાં મંડળી આવવાથી કુલ સભાસદોમાંથી ૮૪ સભાસદોને મંડળી દ્વારા ભેંસો મળી હતી જયારે ૭૬ સભાસદોને પોતાની ભેંસો હતી. ભેંસ મળવાથી દરેક કુટુંબને પોતાની આવકમાં ફેર પડયો હતો.

પસંદ થયેલ મંડળીઓના સભાસદો પાસેથા તેમના સભાસદ થવાથી માંડીને દૂધાળાં ઢોર આપવાથી મંડળીની સ્થાપનાથી શું લાભ ગેરલાભ થયા તેની વધુ ઊંડાણપૂર્વકની માહિતી અહેવાલના પ્રકરણ ૪ના કોઠા-રૂપમા અ, બ, ક, ડ, ઈ માં વિગતવાર દર્શાવી છે.

આદિવાસી વિસ્તારમાં શરૂઆતમાં દૂધ મંડળી સ્થાપવામાં પડતી મુશ્કેલીઓ અને તેના વહીવટી માળખાની પણ વિગતે છણાવટ કરી છે. વહીવટી માળખું આ વિસ્તારોમાં કેવું હોવું જોઈએ તે પણ દર્શાવ્યું છે.

નિષ્કર્ષ અને સૂચનો :

આજથી ચાર દાયકા પહેલાં ગુજરાતમાં શરૂ થયેલી ડેરી સહકારી પ્રવૃત્તિએ તેના વિકાસની વણથંભી કૂચ જારી રાખીને દૂધ ઉત્પાદકોનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ કે મહામૂલા પશુધનની સારવાર, શહેરજનો માટે દૂધ વિતરણનું વ્યવસ્થિત આયોજન કરીને અમૂલ્ય ફાળો આપ્યો છે. એટલું જ નહીં પણ ગુજરાતમાં સ્થપાયેલ આ ડેરી ઉદ્યોગે સામાજિક ક્રાંતિની સાથે શોષણવિહીન સમાજરચનાનું સ્વપ્ન સાર્થક બનાવવા અને આદિવાસીઓના ઉત્કર્ષ માટેના પ્રયાસોમાં એક સાચી દિશા બતાવી છે.

આજે ઠેર ઠેર મંડળીઓની સ્થાપનાથી આદિજાતિ વિકાસ નિગમ દ્વારા વ્યાજરહિત યોજના હેઠળ દૂધાળાં ઢોરની યોજના દ્વારા ગ્રામ્ય વસ્તીના નબળા વર્ગના આવક વધવાની સ્તરમાં પણ સુધારો જણાય છે. એટલું જ નહીં પણ અન્ય જ્ઞાતિઓની સાથે સાથે આદિવાસીઓ અને હરિજનોને પણ સારી ઓલાદનાં પશુઓ મળવા લાગ્યાં છે.

ગામડાંમાં ડેરી મારફતથી ગામડાંનો વિકાસ પણ શક્ય બન્યો છે. કારણ કે દૂધના ધંધાને લીધે નાણાંની હેરફેર વધી છે અને આને લીધે આબાદી પણ વધવા પામી છે. ગામડાંમાં ખેતીની સાથે પશુપાલનનો પૂરક ધંધો વિકસતો જાય છે. દરેક આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીઓ દ્વારા પૂરક આવક મેળવવામાં ડેરી ઉદ્યોગને આવકાર મળતો જણાય છે. લોકો પણ દૂધનો વ્યવસાય અપનાવવા ઠીક ઠીક પ્રમાણમાં આવતા જાય છે. આથી નિગમ દ્વારા અપાયેલ દૂધાળાં ઢોરની સંખ્યા જોતાં કહી શકાય કે આજે આદિવાસી વિસ્તારમાં દૂધનો ધંધો કેટલો વિકસતો જાય છે.

આજે દૂધ વ્યાસાયના કારણે રોકડ નાણાંની આવક વધવા પામી છે. દરેક જિલ્લામાં જોઈએ તો ખેડામાં સવારના સાંજે અને સાંજના સવારે, મહેસાણા અને પંચમહાલમાં દસ દિવસે, જ્યારે બનાસકાંઠામાં પંદર દિવસે દૂધના પૈસા ચૂકવાય છે.

આદિવાસી વિસ્તારમાં ખેતી માટેની ટૂંકા જમીન તથા જમીનવિહોણા ખેડૂતો, ખેતમજૂરો માટે પશુપાલન અને દૂધનો વ્યવસાય ખૂબ જ સહાયરૂપ થયો છે. અને તે રોજગારોના દૃષ્ટિએ અને આવક પ્રાપ્તિના સાધન તરીકે ખૂબ જ અગત્યનો પૂરવાર થયો છે. આમ છતાં ડેરી વ્યવસાયને વધુ ખીલવવા આદિવાસી વિસ્તારમાં ચાલુ થયેલી મંડળીઓ માટે ખાસ પ્રયત્નો કરવાના રહે છે.

૧. મંડળીના ચેરમેને દરેક સભાસદને દૂધ ભરવાનું ફરજિયાત બનાવવું જોઈએ. (૨) દરેક સભાસદે મળીને મંડળીને લગતા પ્રશ્નો સમજી તેનો ઉકેલ લાવવાના પ્રયત્નો કરવા જોઈએ. (૩) [illegible] દ્વારા સભાસદો પર દબાણ લાવવું અને મંડળી દ્વારા મેળવેલ ભેંસોની લોનના અ હપ્તાની રકમ [illegible] માટે પણ દૂધ મંડળીમાં જ ભરવા માટે ફરજ પાડવી જોઈએ. (૪) જે સભાસદોએ ભેંસ મેળવી હોય [illegible] દૂધ બહાર આપતા હોય તો તેને લોનના હપ્તાની રકમ સમયસર ભરવા ચેતવણી આપવી. (૫) [illegible] સારી રીતે કાર્યાન્વિત થાય તે માટે તાલીમ પામેલો વહીવટીગણ રાખવો જોઈએ. (૬) જે તે મંડળીઓ માટે સંઘ દ્વારા દૂધના રૂટની અનુકૂળતા ગોઠવી આપવી જોઈએ. દરેક મંડળીને કાર્યક્ષેત્ર વિસ્તારવા પર ભાર મૂકવો જોઈએ.

આ ઉપરાંત મંડળી સારી રીતે ચાલે તે માટે પણ અનેક પગલાં સૂચવ્યા છે. મંડળી કઈ રીતે ફાયદાકારક છે ? તે પણ વિગતે અહેવાલમાં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

છેલ્લે કોઈ પણ પધ્ધતિને વિચારવામાં તેના પરિણામોને ધ્યાનમાં લેવામાં આવે છે. તેમાં કેટલું માનવહિત સમાયેલું છે તે સૌ જુએ છે અને અનુકૂળ લાગે તો જ સ્વીકારે છે. આમ સહકારી ડેરી ઉદ્યોગને ભારતમાં અને ગુજરાતમાં તો આવકાર મળ્યો છે અને દુનિયાના બીજા દેશમાં પણ ગુજરાતની આણંદ (અમૂલ) પધ્ધતિને સ્વીકારે છે. જે આપણા સૌનું ગૌરવ છે.

દૂધ સહકારી મંડળીના સંચાલનમાં પણ અનેક ખામીઓ જોવા મળતી હોય છે. સહકારી મંડળીના મૂલ્યાંકનનો એવો અર્થ નથી કે તેના સંચાલનમાં કોઈ ગંભીર ખામી છે જ નહીં. આદિવાસી વિસ્તારમાં અને બિન આદિવાસી વિસ્તારમાં પણ મંડળીઓમાં અનેક ખામીઓ જોવા મળતા હોય છે. જેમાં મંડળીના ચેરમેન અને વ્યવસ્થાપક કમિટિના સભ્યોમાં શિક્ષણના અભાવે, સંચાલકોની ખોટી પસંદગી લીધે તેમજ મંડળીના સંચાલનમાં સ્ત્રીઓ તેમજ યુવકોની અવગણનાને લીધે ગામને સભાસદોને ઘણું સહન કરવું પડતું હોય છે. આ માટે યોગ્ય દેખરેખ અને ચેરમેન/મંત્રીની તકેદારીની ખાસ જરૂર છે.

આદિવાસી વિસ્તારમાં હજુ સરકારશ્રી દ્વારા અથવા તો સંઘની મદદ લઈ દૂધ મંડળી ધરાવતા ગામોમાં પડતર જમીનને ખેતી પાત્ર બનાવી ઘાસચારાની યોજના આ વિસ્તારોમાં અમલમાં મૂકવી જરૂરી છે. ડેરી ફાર્મીંગ માટે જમીનનો વિકાસ જરૂરી છે. આ માટે આ વિસ્તારના જમીનના અધિકારીઓને મળી કંઈક ઉપાય કરવો જરૂરી છે. આ ઉપરાંત આ વિસ્તારોમાં કરેલ સહાયની લોનોની વસુલાતનો પ્રશ્ન પણ એટલો જ જટિલ છે. કારણ કે દૂધાળાં ઢોરના કેસો પરબેન્ક દ્વારા ધીરાણ કરાય અને સબસીડીની રકમ સરકાર દ્વારા ભરપાઈ કરાય છે. તેમાં પણ ગેરરીતિઓ થતી હોય છે. તો આ માટે કોઈ ખાસ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. આદિવાસી વિસ્તારમાં સહકારી મંડળીના સંચાલન માટે સારી અર્થક્ષમ મંડળી બનાવવા માટે પ્રવર્તમાન સમયમાં તાતી જરૂર છે. સહકારી કાર્યકરોને તાલીમની અનિવાર્યતા.

• • •